ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# માર્ગદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

### ત્રીજી બત્રીશી



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત
દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા અંતર્ગત

# માર્ગદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક-પ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી **મોહજિતવિજયજી મહારાજ** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા
વિદ્વાન પ. પૂ. ગણિવર્ય શ્રી **યુગભૂષણવિજયજી મહારાજ**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન-સંશોધનકારિકા ✪

પ. પૂ. **ભક્તિસૂરીશ્વરજી મહારાજા**ના સમુદાયના પ્રશાંતમૂર્તિ
ગચ્છાધિપતિ પ. પૂ. **પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના આજ્ઞાવર્તિની
સાધ્વીજી **સુરેન્દ્રશ્રીજી મહારાજ**ના શિષ્યા સાધ્વીજી **બોધિરત્નાશ્રીજી**

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૪ ❖ વિ. સં. ૨૦૬૪

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૪૫-૦૦


## 卐 આર્થિક સહયોગ 卐


મુંબઈ મધ્યે નેપીયન્સી રોડ 'માતૃઆશિષ' મધ્યે પ. પૂ. આ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિની સા. સુરેન્દ્રશ્રીજી મહારાજના વિદુષી સા. બોધિરત્નાશ્રીજી મ., સા. દૃષ્ટિરત્નાશ્રીજી મ. તથા સા. આર્જવરત્નાશ્રીજી મ.ના સંવત ૨૦૬૩ના ચાતુર્માસની યાદગીરી નિમિત્તે ધર્માનુરાગી સુશ્રાવક રાજેશભાઈ ધુડાલાલ મહેતાના શ્રુતપ્રેમી ધર્મપત્ની અ.સૌ. શિલ્પાબેન રાજેશભાઈની જ્ઞાનપંચમી તથા ચૈત્રી પૂનમની આરાધનાના ઉદ્યાપન નિમિત્તે આ ગ્રંથ પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવામાં આવેલ છે.

હસ્તે : ઋષભ - રૂચિત - રાશિ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૮૭

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❋ મુદ્રક ❋

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર, વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની ઉપર, મલાડ (ઈ.), મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કસ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ. સા.**

૧. આશ્રવ અને અનુબંધ   ૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા   ૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. યોગદૃષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્‌ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૧૬. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૧૭. ગૃહજિનાલય મહામંગલકારી

**સંપાદક :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

**લેખક :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.**

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

**लेखक :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.**

१. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ENGLISH

**Lecturer : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI M. S.**

1. Status of religion in modern Nation State theory

**Author : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI M. S.**

1. Is Jaina Order Independent Religion or Denomination ?

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### ગુજરાતી

**વિવેચનકાર :– પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ ગ્રંથની ‘માર્ગદ્વાત્રિંશિકા’ના શબ્દશઃ વિવેચનના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનના ગગનને જ્ઞાનાલોકથી પ્રકાશિત અને પ્રભાવિત કરનારા અનેક મહાપુરુષોમાં સ્વપરદર્શનનિષ્ણાત, પ્રકાંડ વિદ્વાન, વિસ્તૃત-સચોટ-સ્પષ્ટ-સંદેહમુક્ત સાહિત્યના સમર્થ સર્જક, સર્વનયમય વાણી વહાવનાર, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાનું આગવું સ્થાન છે. તેઓશ્રીના વિશાળ સાહિત્યજગતમાં જુદા જુદા બત્રીશ વિષયો ઉપર વિષયવાર ૩૨-૩૨ અર્થગંભીર શ્લોકોથી કરાયેલ વિશદ છણાવટવાળો, તથા ૫૦૫૦ શ્લોક પ્રમાણ, અદ્ભુત, અધ્યયનીય, ‘તત્ત્વાર્થ દીપિકા’ નામની સ્વોપજ્ઞવૃત્તિથી સમલંકૃત, આ ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ ગ્રંથ, પૂ. ઉપાધ્યાયજીની એક Master Piece - ઉત્તમ નમૂનારૂપ અમર કૃતિ છે.

આ કોઈ આગમ ગ્રંથ નથી પણ આગમ ગ્રંથોના ગૂઢ રહસ્યોનું ઉદ્ઘાટન કરે તેવો સરળ અર્થબોધક ગ્રંથ છે. વસ્તુતઃ ‘દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા’ સમ્યગ્જ્ઞાનનો દરિયો છે. યોગ, આગમ અને તર્કયુક્તિના શિરમહોર સમાન એક અણમોલ અનુપમ આ મહાગ્રંથમાં અધ્યાત્મના ગંભીર પદાર્થો, યોગમાર્ગના અતીન્દ્રિય ભાવો, દાર્શનિક પદાર્થો અને આચારસંહિતા ગૂંથાયેલી છે. આ શાસ્ત્રોનો વારસો આ કલિકાળમાં આપણને ન પ્રાપ્ત થયો હોત તો આપણે સફળતાપૂર્વક આત્મકલ્યાણ સાધવા સમર્થ કેમ બની શકત ? વર્તમાનમાં તત્ત્વ કે સાર પામવા માટે અનેક શાસ્ત્રોના નિચોડરૂપ અમૂલ્ય ખજાનાવાળો આ ગ્રંથ આલંબનરૂપ છે. એક એકથી ચડિયાતા ગ્રંથરત્નોનું સાહિત્યસર્જન ‘લઘુહરિભદ્ર’ની પ્રસિદ્ધિને પામેલા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ કર્યું છે. લગભગ અઢી દાયકા સુધી ઉપાધ્યાય પદે આરૂઢ રહીને તેઓશ્રીએ જિનશાસનને જયવંતુ રાખ્યું છે તેમની બહુમુખી પ્રતિભાને ભાગ્યે જ કોઈ વિષય અણખેડ્યો રાખ્યો હશે તેમ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'માર્ગદ્વાત્રિંશિકા' આ ગ્રંથનું તૃતીય પ્રકરણ છે. પૂર્વની 'દેશનાદ્વાત્રિંશિકા'માં ગ્રંથકારશ્રીએ ભિન્ન-ભિન્ન શ્રોતાને આશ્રયીને ઉપદેશકે કેવી દેશના આપવી જોઈએ તે બતાવ્યું. તે દેશના દ્વારા સર્વજ્ઞ એ બતાવેલ યોગમાર્ગ શ્રોતાના હૈયામાં વ્યવસ્થાપન કરાયો. તેથી માર્ગના સ્વરૂપને પ્રસ્તુત દ્વાત્રિંશિકામાં ગ્રંથકારશ્રી બતાવે છે.

**માર્ગ એટલે શું ? :–**

સંસારના અંતને કરનાર અને મોક્ષપ્રાપ્તિનું પ્રબળ કારણ એવી સર્વવિરતિની આચરણા તે માર્ગ છે.

કલ્યાણનું કારણ એવો આ માર્ગ બે પ્રકારનો છે :-

(૧) ભગવાન વડે કહેવાયેલ માર્ગ વિધિરૂપ શબ્દ છે અર્થાત્ 'સાધુએ સંયમજીવનમાં આ પ્રકારે ઉચિત આચરણ કરવી જોઈએ' એ પ્રકારે વિધિ વાક્યરૂપ માર્ગ છે. તેનાથી સમ્યગ્જ્ઞાન થાય છે તે જ્ઞાન ઇચ્છા ઉત્પન્ન કરાવી પ્રવૃત્તિ કરાવે છે.

**વિધિવાક્ય → સમ્યગ્જ્ઞાન → ઇચ્છા → પ્રવૃત્તિ.**

સમ્યગ્ પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગનું કારણ ભગવાનનું વચન છે તેથી માર્ગના કારણમાં માર્ગનો ઉપચાર કરીને ભગવાનના વચનને માર્ગ કહેલ છે.

(૨) સંસારથી ભય પામેલા અને મોક્ષની બળવાન ઇચ્છાવાળા એવા સંવિગ્ન-અશઠ ગીતાર્થોની=સુઅભ્યસ્ત સૂત્રાર્થવાળા પુરુષોની, આચરણા પણ માર્ગ છે. વિશિષ્ટ શ્રુતધર એવા ગીતાર્થો ભગવાનના વચનના પરમાર્થને જાણી મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિઓની પ્રવર્તક અને તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને કલ્યાણની પરંપરાનું કારણ બને તેવી આચરણા કરે તે પણ માર્ગ છે. ક્વચિત્ તેવી આચરણા સાક્ષાત્ ભગવાનના વચનના ઉલ્લેખરૂપે ન પ્રાપ્ત થતી હોય, સ્થૂલથી કંઈક જુદી પ્રાપ્ત થતી હોય તોપણ પરમાર્થથી વર્તમાનકાળમાં કલ્યાણનું કારણ બને છે અને પરમાર્થથી સર્વજ્ઞએ બતાવેલ માર્ગમાં જ અંતર્ભાવ પામે તેવી છે. તેથી તેવી આચરણા પણ માર્ગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણના અર્થી માટે આ બંને માર્ગ શ્રદ્ધેય છે તે માર્ગને સર્વવિરતિધર સાધુઓ સેવે છે.

શ્લોક-૫માં જૈનાગમ કેવું વિશિષ્ટ છે તે બતાવતાં કહ્યું કે જૈન આગમનો 'અનેકાંત' તે મુખ્ય સિદ્ધાંત છે, તેથી આગમમાં સર્વથા નિષેધ અથવા સર્વથા વિધિ નથી જણાવી પરંતુ લાભનો આકાંક્ષી વણિક જેમ આવક-જાવકની તુલના કરે તેમ તેમ લાભાકાંક્ષી સાધુ પ્રવૃત્તિના વિષયમાં આય-વ્યયની તુલના કરી અધિક લાભ હોય તેવી પ્રવૃત્તિ કરે અર્થાત્ સાધુને જે બાહ્ય આચરણા સેવવાનો શાસ્ત્રમાં નિષેધ હોય તે જ બાહ્ય આચરણા તેવા સંયોગમાં ભાવિના સાધુઓને માટે હિતનું કારણ દેખાય તો તે આચરણા સેવવાની શાસ્ત્રમાં અનુજ્ઞા છે. અનેકાંતવાદની મર્યાદાવાળા નિષેધ વચનો ગૌણભાવથી વિધિ સાથે સંવલિત છે. તેથી કાળહાનિના દોષને કારણે સંવિગ્ન અશઠ ગીતાર્થોએ ભાવિ જીવોનું હિત જોઈ કર્તવ્યરૂપે સ્વીકારેલ પ્રવૃત્તિમાં અનેકાંત સ્વીકારનાર શાસ્ત્રની સંમતિ જ છે; જેમ કે પૂર્વમાં સાધુઓ કલ્પ=સાધુનું વસ્ત્રવિશેષ, ગોચરીએ જતાં સ્કંધ ઉપર નાખીને જતા હતા, હવે તે વસ્ત્રને ઓઢીને ગોચરીએ જવાનો સ્વીકાર સંવિગ્નોએ કાલાદિ કારણની અપેક્ષાએ સ્વીકાર કર્યો તે યોગ્ય જ છે.

સંવિગ્ન અને અસંવિગ્નની આચરણા કેવી ? અને તેમાં ભેદના કારણો તથા અપુષ્ટ આલંબન ગ્રહણ કરનાર અસંવિગ્નોની માર્ગ વિરુદ્ધ પ્રરૂપણા અને અન્ય અનુચિત પ્રવૃત્તિઓ કેવી કેવી છે તેનું વર્ણન શ્લોક-૮થી ૧૪માં કર્યું. તેથી સંવિગ્નની આચરણા જ માર્ગ છે. અસંવિગ્નોનું આચરણ માર્ગ નથી તેમ સ્થાપિત કર્યું.

વળી, સંસારથી ભયભીત થયેલા સારા બાહ્યાચાર સેવનારા, ગીતાર્થનું પારતંત્ર્ય છોડનારા અગીતાર્થ સંવિગ્નોની પ્રવૃત્તિ પણ અસંવિગ્ન તુલ્ય છે તેથી જેમ દેખતા મનુષ્યના આધારથી આંધળો મનુષ્ય ગમન કરી શકે તેમ ભગવાનના વચનને ઉચિત સ્થાને સર્વત્ર યોજન કરી શકે તેવા વિશદ્ બોધવાળા ગીતાર્થના આધારથી કલ્યાણના અર્થી અજ્ઞાની જીવોને ગીતાર્થના પારતંત્ર્યથી જ જ્ઞાન થાય છે તેથી ગીતાર્થનો ત્યાગ કરી શુદ્ધ સંયમની આચરણાનો ઉદ્યમ કરનાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવિગ્નાભાસો પણ અજ્ઞાનથી અવિષ્ટ હોવાથી માર્ગમાં નથી; કેમ કે સંવેગ ગર્ભ બાહ્યક્રિયાઓ મોક્ષનું કારણ છે અને સંવેગનું પ્રબળ કારણ ગીતાર્થની નિશ્રા છે, ઇત્યાદિ સ્થાપન કરેલ છે.

તે સિવાય પ્રસ્તુત દ્વાત્રિંશિકામાં નીચેની બાબતો આવરી લેવાય છે.

- સંવિગ્નપાક્ષિકો માર્ગ પર ચાલવામાં અસમર્થ છતાં માર્ગ પ્રત્યે પક્ષપાત હોવાથી રુચિ અંશથી માર્ગને અનુસરનાર.
- સંવિગ્નપાક્ષિકોની શુદ્ધ પ્રરૂપણા સર્વગુણોનું આદ્ય ઉત્પત્તિસ્થાન.
- સંવિગ્નપાક્ષિકો આચારમાં શિથિલ હોવા છતાં માર્ગભેદનો અભાવ હોવાથી યોગમાર્ગની અંતર્ગત છે.
- બે બાલતાનું સ્વરૂપ.
- પાપશ્રમણની વ્યાખ્યા.
- મોક્ષમાર્ગ અને સંસારમાર્ગના ત્રણ પ્રકાર.
- ગુણી, ગુણરાગી, ગુણદ્વેષી સાધુઓનું સ્વરૂપ અને તેમની અધ્યાત્મની ભૂમિકા.
- માર્ગ પર ચાલનારા મહાત્માને મોક્ષનું ફળ ગુણસંપત્તિની પ્રાપ્તિ.

પરમાત્માની કૃપા, ગુરુકૃપા, શાસ્ત્રકૃપા અને ગ્રંથકારશ્રીની કૃપાથી પ્રસ્તુત બત્રીશીના શબ્દશઃ વિવેચનની સંકલનાનો પ્રયાસ યત્કિંચિત્ સફળ થયો છે.

યોગમાર્ગસંદર્શક ગુરુવર્યોની સતત વરસતી દિવ્ય કૃપાવૃષ્ટિ અને નિર્મળ અમીદૃષ્ટિથી, અને યોગમાર્ગમર્મજ્ઞ અને મને યોગમાર્ગનો બોધ કરાવવામાં ધર્મબોધકર એવા સ્વ. પ. પૂ. મોટા પંડિત મહારાજ **પૂ. મોહજિતવિજયજી** મહારાજાએ જગાડેલી જ્ઞાનયોગની સાધનાની રુચિથી, **પ. પૂ. હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા અને **પ. પૂ. યશોવિજયજી** મહારાજાના સંવેગવર્ધક યોગગ્રંથોના અભ્યાસમાં નિરંતર મારો યત્ન થતો રહ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારું જંઘાબળ ક્ષીણ થતાં મારે અમદાવાદ મુકામે સ્થિરવાસ કરવાનું થયું. તેથી સૂક્ષ્મપ્રજ્ઞાસંપન્ન, સતત યોગગ્રંથોના પઠન-પાઠનમાં રત, પંડિત પ્રવરશ્રી પ્રવીણભાઈ પાસે અધ્યયન કરતાં કરતાં તેમની પ્રેરણા અને કૃપાથી, તેઓશ્રી જૈનશાસનના જ્ઞાનનિધિને અજવાળીને જે યોગમાર્ગને જગત સમક્ષ વહેતો મૂકવાનું કાર્ય કરી રહ્યા છે, તે ગ્રંથોના શબ્દશઃ વિવેચનનું લેખન કાર્ય કરી તેની સંકલના કરવાની પુણ્ય તક પ્રાપ્ત થઈ, જેના કારણે નાદુરસ્ત તબિયતમાં પણ પ્રસન્નતા જળવાઈ રહી. ખરેખર ! મારા જીવનમાં ચિત્તની પ્રસન્નતા માટે સ્વાધ્યાયરૂપી સંજીવનીએ ઔષધનું કાર્ય કરેલ છે. આ શ્રુતભક્તિનું કાર્ય યોગમાર્ગમાં મને રત બનાવી અંતે મને પૂર્ણ બનાવે, તેવી યોગીનાથ પરમાત્મા પાસે પ્રાર્થના કરું છું.

આ ગ્રંથના ગુજરાતી વિવેચનના પ્રૂફસંશોધનના કાર્યમાં શ્રુતોપાસક, શ્રુતભક્તિકારક, સુશ્રાવક **શ્રી શાંતિલાલ શિવલાલ શાહ**નો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે અને **સાધ્વીજી દૃષ્ટિરત્નાશ્રી**નો તથા **સાધ્વીજી આર્જવરત્નાશ્રી**નો આ ગ્રંથના સર્જનમાં સુંદર સહાયકભાવ પ્રાપ્ત થયો છે.

'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથનું વિવરણ લખવામાં કે સંકલન-સંશોધનાદિ કાર્યમાં છદ્મસ્થતાને કારણે તરણતારણ જિનેશ્વર દેવોની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ પદાર્થનું નિરૂપણ થયેલ હોય તો 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

પ્રાંતે તીર્થંકરના મુખકમળમાંથી નિસૃત થયેલ, સર્વજંતુહિતકારિણી, વાણીરૂપી અગાધ સાગરમાંથી ઉદ્ધૃત થયેલા મોતીતુલ્ય વર્તમાન શ્રુતગ્રંથોના અપાર રહસ્યોને સદ્દહણા અને પરમ રુચિપૂર્વક જીવનમાં યત્કિંચિત્ આત્મસાત્ કરીએ. જગતમાં અપ્રતિમ એવા આ મહાશાસ્ત્રનું ઋણ અદા કરવા જીવનભર જિનવચનની અવિચલ નિષ્ઠાને ધારણ કરીએ તોપણ આ કલિકાળના વિષમ સંયોગો વચ્ચે પણ આપણા આત્મા માટે મહાભીષણ ભવચક્રના અંતનો પાયો સર્જાયા વિના નહીં રહે. આત્મપરિણતીની નિર્મળતા માટે કરાયેલ આ ગ્રંથના પઠન-પાઠન શ્રવણ-મનન-ચિંતન નિદિધ્યાસનથી માર્ગ પામવાની અર્થી એવી હું તથા માર્ગ પામવાના અર્થી સૌ કોઈ લઘુકર્મી જીવો આ બોધવચનોથી સ્વઆત્માને પ્રેરણા આપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપલબ્ધ સામગ્રીનો શક્ય સદુપયોગ કરી માર્ગને પામી નિકટના ભવોમાં પરમ અને ચરમ વિશ્રાંતિ સ્થાન પરમ પદને=મોક્ષસુખને પામી ભવવિરહ પ્રાપ્ત કરીએ એ જ અંતરની શુભાભિલાષા...

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**વિ. સં. ૨૦૬૪, મહાસુદ-૫,**
**તા. ૧૧-૨-૨૦૦૮, સોમવાર**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**

વૈરાગ્યવારિધિ પ. પૂ. ભક્તિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છાધિપતિ પ. પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની સાધ્વીજી જય-લાવણ્ય-હેમશ્રીજી મ. સા.ના શિષ્યા તપસ્વીરત્ના, સ્વાધ્યાય-પ્રિયા પ. પૂ. સા. સુરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા ભવવિરહેચ્છુ સાધ્વીશ્રી બોધિરત્નાશ્રીજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથની તૃતીય 'માર્ગદ્વાત્રિંશિકા'ના પદાર્થોની સંકલના :

**માર્ગ એટલે શું ? :**

સંસારનો અંત કરવાનો ઉપાય અથવા સંસારથી પર એવા શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય તે માર્ગ; અને તે માર્ગની પ્રવૃત્તિ ભગવાનના વચનથી થાય છે અને સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણાથી થાય છે. માર્ગ આ બે સ્વરૂપવાળો છે. આથી કોઈ સાધુ, ભગવાનના વચનરૂપ માર્ગને સ્વીકારે અને સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણાને ન સ્વીકારે, તો પરમાર્થથી ભગવાનના વચનરૂપ માર્ગનો પણ અપલાપ કરે છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે અતીન્દ્રિય એવા યોગમાર્ગની પ્રવૃત્તિમાં સર્વજ્ઞના વચન સિવાય અન્યની પ્રવૃત્તિ કઈ રીતે પ્રમાણ બને ? તેથી શ્લોક-૩માં આ બીજા પ્રકારનો માર્ગ પણ સર્વજ્ઞથી બતાવાયેલો છે, તે યુક્તિથી બતાવેલ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અતીન્દ્રિય એવા યોગમાર્ગની પ્રવૃત્તિમાં સર્વજ્ઞનું વચન જ પ્રમાણ છે, છતાં સર્વજ્ઞના વચનથી જ પ્રાપ્ત એવી સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા પણ પ્રમાણ છે; અને જ્યાં કાળને અનુરૂપ આચરણાનો ભેદ સંવિગ્નો કરે છે, તે આચરણાનો ભેદ પણ પરમાર્થથી સર્વજ્ઞના વચનાનુસાર જ હોવાથી સર્વજ્ઞના બતાવેલા માર્ગ કરતાં સર્વથા જુદો નથી.

ત્યારપછી ગ્રંથકારશ્રીએ શ્લોક-૭ થી ૧૪ સુધી સંવિગ્નની આચરણા શું છે ? અને અસંવિગ્નોની આચરણા શું છે ? તે બતાવીને સંવિગ્નની આચરણા જ માર્ગ છે અને અસંવિગ્નોની આચરણા માર્ગ નથી, તેમ સ્પષ્ટ કર્યું છે. ત્યારપછી શ્લોક-૧૬-૧૭માં જેઓ બાહ્ય આચારપ્રધાન સંયમની આચરણા કરનારા છે અને આથી સમુદાયને છોડીને સ્વમતિ પ્રમાણે જીવે છે, તેઓ અસંવિગ્નોની જેમ માર્ગથી બહિર્ભૂત છે, તે કથન સ્પષ્ટ કરેલ છે.

વળી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવાને અનુરૂપ મુખ્ય જ્ઞાન ગીતાર્થોને છે અને તેમના પારતંત્ર્યથી અગીતાર્થોને છે. તેથી જેઓ ગીતાર્થનો ત્યાગ કરીને શુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયમની આચરણાઓ કરવામાં ઉદ્યમ કરે છે, તેઓ પણ માર્ગમાં નથી, તેની સ્પષ્ટતા શ્લોક-૧૭ થી ૨૦માં કરેલ છે.

પરંતુ જેઓ વીર્યાંતરાયકર્મના ઉદયને કારણે સંયમયોગમાં પ્રમાદવાળા છે, તોપણ શુદ્ધ માર્ગ પાછળ ચાલનારા છે, તેઓ સંવિગ્નપાક્ષિક છે; અને તેઓની આચરણા કેવા પ્રકારની છે, તેની સ્પષ્ટતા શ્લોક-૨૧થી ૨૫ સુધી કરેલ છે.

વળી શ્લોક-૨૬ થી ૨૮માં સંવિગ્નપાક્ષિકનો માર્ગ પણ સર્વથા યોગમાર્ગથી બહિર્ભૂત નથી, તેનું યુક્તિથી સ્થાપન કરેલ છે; તથા અપેક્ષાએ યોગમાર્ગ ત્રણ પ્રકારનો છે અને સંસારમાર્ગ પણ ત્રણ પ્રકારનો છે, તેમ શ્લોક-૨૯માં બતાવેલ છે.

વળી જેઓ સાધુના વેશમાં છે, તેઓમાં કેટલાક ગુણી છે, કેટલાક ગુણરાગી છે અને કેટલાક ગુણદ્વેષી છે. તેમાંથી ગુણી સુસાધુ છે, ગુણરાગી સંવિગ્નપાક્ષિકો છે અને ગુણદ્વેષી પાસત્થાઓ છે, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૩૦માં કર્યું, અને તે ત્રણમાંથી ગુણી અને ગુણરાગી મોક્ષમાર્ગમાં છે અને તે માર્ગને અનુસરનારા પરમાનંદની સંપત્તિને પ્રાપ્ત કરે છે, તેની સ્પષ્ટતા શ્લોક-૩૧-૩૨માં કરેલ છે.

છદ્મસ્થતાને કારણે આ ગ્રંથના વિવેચનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૪, મહાસુદ–૫,**
**તા. ૧૧–૨–૨૦૦૮, સોમવાર**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ–૭.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
| --- | --- | --- |
| ૧. | માર્ગના બે પ્રકાર :-<br>(i) ભગવાન વડે કહેવાયેલ શબ્દરૂપ માર્ગ.<br>(ii) સંવિગ્ન અશઠ ગીતાર્થની આચરણારૂપ માર્ગ. | ૧-૬ |
| ૨. | શિષ્ટાચારના અનાદરથી ભગવાનના વચનનો પણ અનાદર તેથી બંને પ્રકારનો માર્ગ શ્રદ્ધેય. | ૬-૮ |
| ૩. | સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણાને માર્ગ સ્વીકારવાથી છદ્મસ્થોની પ્રવૃત્તિ પણ માર્ગ બને તેવી આશંકાનું નિરાકરણ. | ૮-૧૩ |
| ૪. | શિષ્ટાચારની પ્રમાલતાની પુષ્ટિ. | ૧૩-૧૫ |
| ૫-૬. | શાસ્ત્રમાં નિષિદ્ધ એવી પણ શિષ્ટોની આચરણાઓમાં અનેકાંતના આધારે પ્રમાણતાની યુક્તિ. | ૧૫-૨૦ |
| ૭. | સંવિગ્ન અને અસંવિગ્નની આચરણા. | ૨૦-૨૩ |
| ૮. | સંવિગ્ન અને અસંવિગ્નની પ્રવૃત્તિમાં ભેદના કારણો. | ૨૩-૨૪ |
| ૯-૧૦-૧૧. | અપુષ્ટ આલંબનને ગ્રહણ કરનાર અસંવિગ્નોની માર્ગ વિરુદ્ધ પ્રરૂપણાથી જગતને થતી વિડંબના. | ૨૪-૨૭ |
| ૧૨. | અસંવિગ્નોનો અન્ય પણ અનુચિત ઉલ્લાપ. | ૨૭-૨૯ |
| ૧૩. | અસંવિગ્ન સાધુઓ દ્વારા સંવિગ્નોની નિંદા. | ૨૯-૩૨ |
| ૧૪. | માર્ગ વિરુદ્ધ અસંવિગ્નોની પ્રવૃત્તિ કલિકાળને ઉચિત. | ૩૨-૩૩ |
| ૧૫. | સંસારથી ભયભીત સારા બાહ્યાચાર સેવનારા અગીતાર્થ સાધુઓની અજ્ઞાનને કારણે અસંવિગ્ન-તુલ્ય અવિવેકમૂલક માર્ગ વિરુદ્ધ પ્રવૃત્તિ. | ૩૩-૩૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૬. | બાહ્યાચાર રાગી, અગીતાર્થ સંવિગ્નોની પણ અસંવિગ્ન તુલ્ય સ્વચ્છંદ વિહારિતા. | ૩૫-૩૬ |
| ૧૭. | ગીતાર્થના પારતંત્ર્યથી જ અજ્ઞાનીઓમાં જ્ઞાન. | ૩૬-૩૮ |
| ૧૮. | ગીતાર્થના પારતંત્ર્ય વિનાના નિર્દોષ સંયમના આચારો પણ નિષ્ફળ કે વિપરીત ફળ દેનારા. | ૩૮-૪૦ |
| ૧૯. | ગીતાર્થને છોડીને દુષ્કર તપ કરનારા સાધુઓમાં અજ્ઞાનાવિષ્ટતા. | ૪૦-૪૫ |
| ૨૦. | બાહ્યાચારી, સ્વચ્છંદવિહારીની સંયમની આચરણા પણ મહાપાપનું ભાજન. | ૪૫-૪૭ |
| ૨૧. | સંવિગ્નપાક્ષિકો માર્ગ પર ચાલવામાં અસમર્થ છતાં માર્ગ પ્રત્યે પક્ષપાત હોવાથી રુચિ અંશથી માર્ગને અનુસરનારા. | ૪૭-૫૦ |
| ૨૨. | સંવિગ્નપાક્ષિકોને શુદ્ધ પ્રરૂપણા સર્વગુણોનું આદ્ય ઉત્પત્તિસ્થાન. | ૫૦-૫૫ |
| ૨૩. | સંવિગ્નપાક્ષિકની અન્ય ઉચિત આચરણા. | ૫૫-૫૮ |
| ૨૪. | સંવિગ્નપાક્ષિકોની આવશ્યક ક્રિયાદિ વ્યર્થ થશે તેવી આશંકાનું સમાધાન. | ૫૮-૬૨ |
| ૨૫. | સંવિગ્નોનું પ્રધાન દ્રવ્યઆવશ્યક. | ૬૨-૬૯ |
| ૨૬. | નિજમતિથી કરાયેલ માર્ગભેદની અસુંદરતા. | ૬૯-૭૧ |
| ૨૭. | (i) સંવિગ્નપાક્ષિકો આચારમાં શિથિલ છતાં શુદ્ધપ્રરૂપક હોવાથી એક બાલતા (ii) બે બાલતાનું સ્વરૂપ. | ૭૧-૭૬ |
| ૨૮. | સંવિગ્નપાક્ષિકરૂપ તૃતીય માર્ગ. | ૭૬-૮૨ |
| ૨૯. | મોક્ષમાર્ગના અને સંસારમાર્ગના ત્રણ ત્રણ પ્રકાર. | ૮૩ |
| ૩૦-૩૧. | ગુણી, ગુણરાગી, ગુણદ્વેષી સાધુઓનું સ્વરૂપ. | ૮૪-૮૭ |
| ૩૨. | માર્ગ સેવનનું ફળ. | ૮૭-૮૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

न्यायविशारद-न्यायाचार्य-श्रीमद्यशोविजयोपाध्यायविरचिता

स्वोपज्ञवृत्तियुता

# द्वात्रिंशद्द्वात्रिंशिका

अन्तर्गत

# मार्गद्वात्रिंशिका-३

**પૂર્વદ્વાત્રિંશિકા સાથે સંબંધ :-**

देशनया मार्गो व्यवस्थाप्य इति तत्स्वरूपमिहोच्यते –

**અર્થ :-**

**દેશનાથી માર્ગ વ્યવસ્થાપન કરવો જોઈએ. એથી તેનું સ્વરૂપ=માર્ગનું સ્વરૂપ, અહીં=પ્રસ્તુત દ્વાત્રિંશિકામાં, કહેવાય છે –**

**ભાવાર્થ :-**

ઉપદેશકે ભિન્ન-ભિન્ન શ્રોતાઓને આશ્રયીને કેવી દેશના આપવી જોઈએ, તેનું સ્વરૂપ પૂર્વની 'દેશનાદ્વાત્રિંશિકા'માં ગ્રંથકારશ્રીએ બતાવ્યું. તે દેશનાથી સર્વજ્ઞએ બતાવેલો યોગમાર્ગ શ્રોતાના હૈયામાં વ્યવસ્થાપન કરાય છે. એથી તે માર્ગના સ્વરૂપને પ્રસ્તુત દ્વાત્રિંશિકામાં ગ્રંથકારશ્રી બતાવે છે –

**અવતરણિકા :-**

**રત્નત્રયીની વૃદ્ધિને અનુકૂળ સંયમમાર્ગને બતાવનાર માર્ગના બે ભેદનું સ્વરૂપ બતાવે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

**मार्गः प्रवर्तकं मानं शब्दो भगवतोदितः ।**
**संविग्नाशठगीतार्थाचरणं चेति स द्विधा ।।१।।**

**અન્વયાર્થ :-**

मार्गः=માર્ગ प्रवर्तकं=પ્રવૃત્તિજનક मानं=માન છે=પ્રમાણ છે (અને) सः=તે भगवतोदितः शब्दः=ભગવાન વડે કહેવાયેલ શબ્દ च=અને संविग्नाशठगीतार्थाचरणं=સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા इति=એમ द्विधा=બે પ્રકારે છે. ।।૧।।

**શ્લોકાર્થ :-**

**માર્ગ પ્રવૃત્તિજનક પ્રમાણ છે, (અને) તે ભગવાન વડે કહેવાયેલ શબ્દ, અને સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા એમ બે પ્રકારે છે. ।।૧।।**

**ટીકા :-**

**मार्ग इति-(मार्गः) प्रवर्तकं=स्वजनकेच्छाजनकज्ञानजननद्वारा प्रवृत्तिजनकं, मानं=प्रमाणम्, स च भगवता=सर्वज्ञेनोदितो विधिरूपः शब्दः, संविग्नाः= संवेगवन्तो, अशठा=अभ्रान्ता, गीतार्थाः=स्वभ्यस्तसूत्रार्थाः, तेषामाचरणं चेति द्विधा, विधेरिव शिष्टाचारस्यापि प्रवर्तकत्वात्, तदिदमाह धर्मरत्नप्रकरणकृत् -**

"मग्गो आगमणीई अहवा संविग्गबहुजणाइण्णं त्ति ।।१।।"

**ટીકાર્થ :-**

**(मार्गः) प्रवर्तकं ..... त्ति ।।માર્ગ પ્રવર્તક=સ્વજનક ઈચ્છાજનક જ્ઞાનજનન દ્વારા પ્રવૃત્તિજનક પ્રમાણ છે અર્થાત્ પ્રવૃત્તિજનક એવી ઈચ્છા, તેનું જનક એવું જ્ઞાન, તેના જનન દ્વારા પ્રવૃત્તિજનક માર્ગ પ્રમાણ છે; અને તે=માર્ગ, ભગવાન વડે=સર્વજ્ઞ વડે, કહેવાયેલ વિધિરૂપ શબ્દ છે, અને સંવિગ્ન= સંવેગવાળા, અશઠ=અભ્રાંત, ગીતાર્થ=સુઅભ્યસ્ત સૂત્રાર્થવાળા, તેઓનું આચરણ, એમ બે પ્રકારનો છે.**

અહીં પ્રશ્ન થાય કે ભગવાન વડે કહેવાયેલા વચનરૂપ માર્ગને માર્ગ સ્વીકારી શકાય, પરંતુ ભગવાનના વચનથી અન્ય કોઈ આચરણાને માર્ગ કેમ કહી શકાય? તેથી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિધિની જેમ શિષ્ટાચારનું પણ પ્રવર્તકપણું છે=મોહના ઉન્મૂલનને અનુકૂળ પ્રવૃત્તિજનકપણું છે.**

ધર્મરત્નપ્રકરણકાર તે=મૂળશ્લોકમાં બે પ્રકારનો માર્ગ બતાવ્યો તે, આને કહે છે –

"આગમનીતિ અથવા સંવિગ્ન બહુજન આચરિત માર્ગ છે" **(ધર્મરત્ન પ્રકરણ ગાથા-૮૦)**

**'ત્તિ' ધર્મરત્ન પ્રકરણકારના ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૧॥**

**નોંધ :-** ટીકાના પ્રારંભમાં 'मार्ग इति' પછી 'मार्गः' શબ્દ હોવો જોઈએ, એમ ભાસે છે, પરંતુ મુદ્રિત પ્રતમાં કે હસ્તલિખિતમાં ઉપલબ્ધ નથી.

**ભાવાર્થ :-**

**માર્ગના બે પ્રકાર :-**

સંસારના અંતને કરનાર અને મોક્ષપ્રાપ્તિનું પ્રબળ કારણ એવી સર્વવિરતિની આચરણા માર્ગ છે, અને આ માર્ગની પ્રાપ્તિમાં કારણ બને એવો (૧) ભગવાન વડે કહેવાયેલા શબ્દરૂપ અને (૨) સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણારૂપ, એમ બે પ્રકારનો માર્ગ છે. તે આ બંને પ્રકારનો માર્ગ પ્રવૃત્તિનો જનક થઈને કલ્યાણનું કારણ બને છે.

તે માર્ગ પ્રવૃત્તિનો જનક કઈ રીતે થાય છે, તે સ્પષ્ટ કરવા માટે ટીકાકાર કહે છે કે ભગવાનના વચનરૂપ શબ્દ કે સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા જીવને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન કરાવે છે, તે સમ્યગ્જ્ઞાનથી જીવને સમ્યક્ ઇચ્છા થાય છે, અને તે ઇચ્છાથી જીવ તે માર્ગમાં પ્રવૃત્તિ કરે છે. તેથી આ બે પ્રકારનો માર્ગ સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન કરાવી તેના દ્વારા ઇચ્છા ઉત્પન્ન કરાવીને પ્રવૃત્તિનો જનક બને છે, અને તે પ્રમાણે સમ્યક્ પ્રવૃત્તિ કરનારને ઇષ્ટ એવા મોક્ષફળની પ્રાપ્તિ કરાવે છે.

**(૧) ભગવાન વડે કહેવાયેલ શબ્દરૂપ માર્ગ :-** ભગવાન વડે કહેવાયેલો માર્ગ વિધિરૂપ શબ્દ છે અર્થાત્ 'સાધુઓએ સંયમજીવનમાં આ-આ પ્રકારની ઉચિત આચરણા કરવી જોઈએ' એ પ્રકારના વિધિવાક્યરૂપ માર્ગ છે; કેમ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ પ્રકારના વિધિવાક્યથી સમ્યગ્જ્ઞાન થાય છે, અને તે જ્ઞાન ઇચ્છા ઉત્પન્ન કરાવીને પ્રવૃત્તિ કરાવે છે. તેથી સમ્યગ્પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગનું કારણ ભગવાનનું વચન છે. આથી માર્ગના કારણમાં માર્ગનો ઉપચાર કરીને ભગવાનના વચનને માર્ગ કહેલ છે.

**(૨) સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણારૂપ માર્ગ :-** જેમ ભગવાનનું વચન માર્ગ છે, તેમ સંસારથી ભય પામેલા અને મોક્ષની બળવાન ઇચ્છાવાળા એવા સંવિગ્ન-અશઠ=અભ્રાંત, એવા ગીતાર્થ પુરુષોની આચરણા=સુઅભ્યસ્ત સૂત્રાર્થવાળા પુરુષોની આચરણા માર્ગ છે; કેમ કે જે સાધુઓ સંવેગવાળા છે. તેઓ ભગવાનના વચનના પરમાર્થને જાણીને, કઈ આચરણા મોહના ઉન્મૂલનનું કારણ છે તેનો નિર્ણય ન થાય ત્યાં સુધી તે આચરણા કરતા નથી, પરંતુ 'આ દ્રવ્યક્ષેત્રાદિમાં આ આચરણા કલ્યાણની પરંપરાનું કારણ છે' તેવો નિર્ણય થાય ત્યારે તે આચરણાને કરે છે. તેવી આચરણા ક્વચિત્ સાક્ષાત્ ભગવાનના વચનના ઉલ્લેખરૂપે પ્રાપ્ત થતી ન હોય તોપણ વર્તમાનકાળમાં કલ્યાણની પરંપરાનું કારણ છે, તેથી તે આચરણા પણ માર્ગ છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાને બતાવેલ વિધિરૂપ માર્ગ મોક્ષનું કારણ છે અને ગીતાર્થો પણ તે વિધિરૂપ માર્ગનું સેવન કરનારા હોય છે, તેથી સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણા ભગવાનના વચનથી પૃથક્ કઈ રીતે પ્રાપ્ત થાય ? અને જો તે આચરણા ભગવાનના વચનરૂપ જ હોય તો બે પ્રકારનો માર્ગ છે, તેમ કેમ કહ્યું ? તેથી કહે છે –

ભગવાનના વચનરૂપ વિધિમાર્ગ તો માર્ગ છે જ, પરંતુ તેની જેમ શિષ્ટ પુરુષોની આચરણા પણ માર્ગ છે; કેમ કે શિષ્ટ પુરુષોની આચરણા મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિની પ્રવર્તક છે.

અહીં વિશેષ એ છે કે પરમાર્થથી તો સર્વજ્ઞ વડે પ્રરૂપણા કરાયેલ શબ્દરૂપ માર્ગ છે; પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને કોઈક વિશેષ આચરણા ગીતાર્થ પુરુષો નક્કી કરે છે, જે પ્રવૃત્તિ સર્વજ્ઞએ બતાવેલા માર્ગ કરતાં સ્થૂલથી કંઈક જુદી પ્રાપ્ત થાય છે, છતાં પરમાર્થથી સર્વજ્ઞએ બતાવેલા માર્ગમાં જ અંતર્ભાવ પામે છે, તેથી તે પણ માર્ગ છે; કેમ કે ભગવાનની દરેક આજ્ઞા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકાંતે નથી, પરંતુ લાભાલાભની અપેક્ષાએ સમ્યક્ સમાલોચન કરીને જે પ્રવૃત્તિથી અધિક લાભ દેખાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવાની અનુજ્ઞા છે, અને વિશિષ્ટ શ્રુતધર એવા ગીતાર્થો તે તે દ્રવ્યક્ષેત્રનું સમાલોચન કરીને ભવિષ્યમાં થનારા સાધુઓના હિતાર્થે ભગવાનના વચનથી કહેવાયેલી પૂર્વની પ્રવૃત્તિઓમાં પરાવર્તન કરે છે, અને તે પરાવર્તન પણ શિષ્ટ પુરુષના આચારરૂપ હોવાથી માર્ગ છે; કેમ કે શિષ્ટ પુરુષો મોહના ઉન્મૂલનનું કારણ બને તેવી વિશિષ્ટ આચરણા કરનારા હોય છે.

અહીં કહ્યું કે 'સંવિગ્ન-અશઠ ગીતાર્થોનું આચરણ માર્ગ છે', અને ત્યાં સંવિગ્ન-ગીતાર્થ ન કહેતાં 'સંવિગ્ન-અશઠ ગીતાર્થ' કહ્યા, અને 'અશઠ'નો અર્થ 'અભ્રાંત' કર્યો. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ સંવેગવાળા છે અને ગીતાર્થ છે, આમ છતાં કોઈક સ્થાનમાં મતિની અલ્પતાને કારણે ભ્રાંત થયેલા હોય, તો તેઓની આચરણા માર્ગ બને નહીં; કેમ કે જેઓ સંવેગવાળા છે અને ગીતાર્થ છે તેથી શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે, તેઓ પ્રાયઃ યથાર્થ નિર્ણય કરી શકે તેવા છે; છતાં કોઈક સ્થાનમાં દ્રવ્ય, ક્ષેત્રને આશ્રયીને ભગવાનના વચનની પ્રવૃત્તિમાં કંઈક પરાવર્તન કર્યું હોય, અને તે સ્થાનમાં મતિની અલ્પતાને કારણે ભ્રાંત પણ થયા હોય, તો તે આચરણા માર્ગ બને નહીં. તેથી સંવિગ્ન-ગીતાર્થ એવા પણ સાધુ અભ્રાંત હોય તો તેઓની આચરણા માર્ગ છે, એમ કહેલ છે.

વળી જેઓ ગીતાર્થ નથી અને સંવેગવાળા છે, તેઓ સ્વમતિથી પોતાની પ્રવૃત્તિને યથાર્થ માનતા હોય, તોપણ શાસ્ત્રથી પરિષ્કૃત મતિ નહીં હોવાને કારણે યથાર્થ નિર્ણય કરી શકતા નથી. માટે તેઓની આચરણા માર્ગ બને નહીં.

વળી કેટલાક સાધુઓ ગીતાર્થ છે, પરંતુ સંવેગવાળા નથી. તેઓ શાસ્ત્રના પરમાર્થને જાણવા છતાં સંવેગના અભાવને કારણે વિપરીત પ્રવૃત્તિ કરનારા પણ બને. માટે તેઓની આચરણા પણ માર્ગ બને નહીં; પરંતુ જેઓ સંવેગવાળા છે અને પ્રસ્તુત આચરણાના વિષયમાં અભ્રાંત છે અને શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે, તેવા પુરુષોની આચરણા માર્ગ છે.

અહીં વિશેષ એ છે કે મોહના ઉન્મૂલનને સંપૂર્ણ અનુકૂળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ માર્ગ છે, અને તેવી પ્રવૃત્તિ કરવા માટે બોધ કરાવનાર ભગવાનનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વચન અને સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા છે. તેથી તે ઉભયરૂપ માર્ગ છે. જે સર્વવિરતિનો માર્ગ છે તેથી તેની પૂર્વભૂમિકામાં રહેલા દેશવિરતિધર, સમ્યગ્દૃષ્ટિ કે અપુનર્બંધક જીવો જે પ્રવૃત્તિ કરે છે, તે પ્રવૃત્તિને કહેનાર વચનને અહીં માર્ગરૂપે ગ્રહણ કરેલ નથી; કેમ કે દેશવિરતિ સુધીના જીવો મોક્ષમાર્ગને સંપૂર્ણ અનુકૂળ પ્રવૃત્તિ કરનારા નથી, પરંતુ સર્વવિરતિની પ્રવૃત્તિને અનુકૂળ શક્તિસંચય થાય તેવી પ્રવૃત્તિ કરનારા છે. માટે તેઓની પ્રવૃત્તિ માર્ગ નથી, પરંતુ માર્ગની પ્રાપ્તિનું કારણ છે; અને મોહના ઉન્મૂલનને સંપૂર્ણ અનુકૂળ પ્રવૃત્તિને બતાવનાર જે ભગવાનનું વચન, અને સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા છે. તેને અહીં 'માર્ગ' શબ્દથી ગ્રહણ કરેલ છે, જે માર્ગને સર્વવિરતિધર સાધુઓ સેવે છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં બે પ્રકારનો માર્ગ બતાવ્યો; ત્યાં કોઈક કહે કે સર્વજ્ઞએ કહેલ વચન માર્ગ બની શકે, સર્વજ્ઞ સિવાય કોઈ છદ્મસ્થની આચરણા માર્ગ બને નહીં. માટે બીજા પ્રકારનો માર્ગ સ્વીકારવો ઉચિત નથી. તેથી કહે છે -**

**શ્લોક :-**

**द्वितीयानादरे हन्त प्रथमस्याप्यनादरः ।**
**जीतस्यापि प्रधानत्वं साम्प्रतं श्रूयते यतः ।।२।।**

**અન્વયાર્થ :-**

**द्वितीयानादरे=દ્વિતીયના અનાદરમાં हन्त !=ખરેખર ! प्रथमस्यापि=પ્રથમનો પણ=ભગવાનના વચનનો પણ अनादरः=અનાદર છે; यतः=જે કારણથી साम्प्रतं=વર્તમાનકાળમાં जीतस्यापि=જીતનું પણ=જીતાચારનું પણ प्रधानत्वं= પ્રધાનપણું श्रूयते=સંભળાય છે. ।।૨।।**

**શ્લોકાર્થ :-**

**દ્વિતીયના=શિષ્ટાચારના અનાદરમાં ખરેખર ! પ્રથમનો પણ= ભગવાનના વચનનો પણ અનાદર છે; જે કારણથી વર્તમાનકાળમાં જીતાચારનું પણ પ્રધાનપણું સંભળાય છે. ।।૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'जीतस्यापि' અહીં 'अपि' થી એ કહેવું છે કે વર્તમાનમાં ભગવાનના વચનનું તો પ્રધાનપણું છે જ, પરંતુ જીતનું પણ પ્રધાનપણું છે.

**ટીકા :-**

**द्वितीयेति-द्वितीयस्य=शिष्टाचरणस्य अनादरे=प्रवर्तकत्वेनानभ्युपगमे, हन्त प्रथमस्यापि=भगवद्वचनस्यापि अनादर एव, यतो जीतस्यापि साम्प्रतं प्रधानत्वं व्यवहारप्रतिपादकशास्त्रप्रसिद्धं श्रूयते तथा च जीतप्राधान्यानादरे तत्प्रतिपादकशास्त्रानादराद् व्यक्तमेव नास्तिकत्वमिति भावः ।।२।।**

**ટીકાર્થ :-**

**द्वितीयस्य ..... भावः ।। બીજાના=શિષ્ટાચરણના, અનાદરમાં=પ્રવર્તકપણા વડે અસ્વીકારમાં, ખરેખર ! પ્રથમનો પણ=ભગવદ્ વચનનો પણ, અનાદર જ છે; જે કારણથી જીતનું પણ=જીતાચારનું પણ, વર્તમાનકાળમાં વ્યવહાર-પ્રતિપાદક શાસ્ત્રપ્રસિદ્ધ પ્રધાનપણું સંભળાય છે, અને તે રીતે= વ્યવહારપ્રતિપાદક શાસ્ત્રમાં જીતનું પ્રધાનપણું સંભળાય છે તે રીતે, જીતના પ્રાધાન્યનો અનાદર કરાયે છતે, તેના પ્રતિપાદક શાસ્ત્રનો અનાદર થવાથી=જીતાચારના પ્રાધાન્યના પ્રતિપાદક શાસ્ત્રનો અનાદર થવાથી, વ્યક્ત જ નાસ્તિકપણું છે, એ પ્રકારનો ભાવ છે=એ પ્રકારનો સંપૂર્ણ શ્લોકનો ભાવ છે. ॥૨॥**

❖ 'प्रथमस्यापि' 'भगवद्वचनस्यापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે શિષ્ટની આચરણારૂપ બીજાનો તો અનાદર છે, પરંતુ ભગવાનના વચનરૂપ પ્રથમનો પણ અનાદર છે.

**ભાવાર્થ :-**

**શિષ્ટાચારના અનાદરથી ભગવાનના વચનનો પણ અનાદર :-**

ભગવાને કહેલા શબ્દરૂપ માર્ગને સ્વીકારીને છદ્મસ્થ એવા સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણાને માર્ગ ન સ્વીકારવામાં આવે તો ભગવાનના વચનનો અનાદર થાય છે; કેમ કે વર્તમાનમાં જીતવ્યવહારનું પણ પાંચ પ્રકારના વ્યવહારના પ્રતિપાદક શાસ્ત્રમાં પ્રધાનપણું સંભળાય છે. તેથી જે સ્થાનમાં જીતવ્યવહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપલબ્ધ છે તે સ્થાનમાં જીતવ્યવહાર અનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ, અને અન્યત્ર શાસ્ત્ર વચનાનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ, આ પ્રકારનો સંયમની વૃદ્ધિનો માર્ગ છે. વળી જીતના પ્રાધાન્યનો અનાદર કરવામાં આવે તો જીતના પ્રતિપાદક શાસ્ત્રનો અનાદર થાય છે, અને જેઓ ભગવાને કહેલા શાસ્ત્રોનો અનાદર કરે તેઓમાં વ્યક્ત નાસ્તિકપણું છે. માટે કલ્યાણના અર્થી સાધુ માટે બંને પ્રકારનો માર્ગ શ્રદ્ધેય છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૨માં સ્થાપન કર્યું કે શિષ્ટાચારનો અનાદર કરવાથી ભગવાનના વચનનો પણ અનાદર થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે યોગમાર્ગની પ્રવૃત્તિ અર્થે જેમ ભગવાનના વચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ, તેમ છદ્મસ્થ એવા સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણાથી પણ પ્રવૃત્તિ કરવી જોઈએ; અને સંવિગ્ન-અશઠ ગીતાર્થ જે આચરણા કરે છે, તેઓની તે આચરણા છદ્મસ્થની આચરણા છે. તેથી છદ્મસ્થ એવા અંધની પરંપરા પણ યોગમાર્ગમાં પ્રવર્તક છે, એવી કોઈને આશંકા થાય. તેના નિરાકરણ માટે કહે છે –**

**શ્લોક :-**

**अनुमाय सतामुक्ताचारेणागममूलताम् ।**
**पथि प्रवर्तमानानां शङ्क्या नान्धपरम्परा ।।३।।**

**અન્વયાર્થ :-**

**उक्ताचारेण=ઉક્ત આચાર દ્વારા=સંવિગ્ન-અશઠ ગીતાર્થના આચાર દ્વારા सताम्=સજ્જનોની=માર્ગાનુસારી પુરુષોની आगममूलताम् अनुमाय= આગમ-મૂલતાનું અનુમાન કરીને पथि प्रवर्तमानानां=માર્ગમાં પ્રવર્તનારા એવા સુસાધુઓની अन्धपरम्परा न शङ्क्या='અંધપરંપરા છે' એમ શંકા ન કરવી. ।।૩।।**

**શ્લોકાર્થ :-**

**ઉક્ત આચાર દ્વારા માર્ગાનુસારી પુરુષોની આગમમૂલતાનું અનુમાન કરીને માર્ગમાં પ્રવર્તનારા એવા સુસાધુઓની 'અંધપરંપરા છે' એમ શંકા ન કરવી. ।।૩।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકા :-

अनुमायेति-उक्ताचारेण=संविग्नाशठगीतार्थाचारेण, आगममूलतामनुमाय, सतां=मार्गानुसारिणां, पथि=महाजनानुयातमार्गे, प्रवर्तमानानामन्धपरम्परा न शङ्कनीया इत्थं चात्रागमबोधितेष्टोपायताकत्वमेवानुमेयम्, आगमग्रहणं चान्धपरम्पराशङ्काव्युदासायेति नागमकल्पनोत्तरं विध्यर्थबोधकल्पनाद्वार-व्यवधानेन प्रवर्तकतायाः शब्दसाधारण्यक्षतिः, अप्रत्यक्षेणागमेन प्रकृतार्थस्य बोधयितुमशक्यत्वात्, व्यवस्थितस्य चानुपस्थितेः सामान्यत एव तदनुमानात्, तदिदमुक्तं –

"आयरणा वि हु आणत्ति" । वस्तुत उपपत्तिकेन शिष्टाचारेणैव विध्यर्थसिद्धावाग-मानुमानं भगवद्बहुमानद्वारा समापत्तिसिद्धये इति द्रष्टव्यम् ।।३।।

ટીકાર્થ :-

उक्ताचारेण ..... इति द्रष्टव्यम् ।। ઉક્ત આચાર દ્વારા=સંવિગ્ન-અશઠ ગીતાર્થના આચાર દ્વારા, સજ્જનોની=માર્ગાનુસારીઓની, આગમમૂલતાનું અનુમાન કરીને=માર્ગાનુસારી એવા સાધુઓની પ્રવૃત્તિમાં આગમમૂલતાનું અનુમાન કરીને, પથમાં=મહાપુરુષોથી અનુસરાયેલા માર્ગમાં પ્રવર્તમાન એવા સાધુઓની 'અંધપરંપરા છે' એમ શંકા ન કરવી.

इत्थं च ..... અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે માર્ગાનુસારી એવા ગીતાર્થોની આચરણામાં આગમમૂલતાનું અનુમાન કરીને પ્રવર્તમાન સાધુઓ અંધપરંપરાનું આશ્રયણ કરનારા નથી એ રીતે, અહીં=સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણામાં, આગમબોધિત ઈષ્ટ ઉપાયતાકત્વ જ અનુમેય છે=શિષ્ટોની આચરણામાં 'આ આચરણા મારા ઈષ્ટનો ઉપાય છે' એવું અનુમાન થાય છે, અને આ ઈષ્ટઉપાયતા આગમબોધિત છે, એ પ્રમાણે અનુમેય છે=અનુમાન કરવા યોગ્ય છે, અને આ પ્રકારના અનુમેયમાં આગમનું ગ્રહણ અંધપરંપરાની શંકાના વ્યુદાસ માટે છે અર્થાત્ 'इष्टउपायताकत्व' અનુમેય છે, અને તેમાં 'आगमबोधित' વિશેષણ મૂક્યું તે વ્યાવર્તક વિશેષણ નથી, પરંતુ અંધપરંપરાની શંકાના વ્યુદાસ અર્થે સ્વરૂપ ઉપરંજક વિશેષણ છે. એથી આગમ કલ્પનાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તરમાં વિધિઅર્થબોધ કલ્પના દ્વારનું વ્યવધાન હોવાને કારણે પ્રવર્તકતાના શબ્દ સાધારણની ક્ષતિ નથી=ભગવાનના વચનમાં રહેલી પ્રવર્તકતા અને શિષ્ટાચારમાં રહેલી પ્રવર્તકતા એ બંનેમાં 'પ્રવર્તકતા' રૂપ શબ્દસાધારણ્યની ક્ષતિ નથી.**

અહીં પ્રશ્ન થાય કે અંધપરંપરાની શંકાના વ્યુદાસ માટે 'इष्टउपायताकत्व' નું વિશેષણ 'आगमबोधित' મૂકેલું છે, પરંતુ તેઓની આચરણાને કહેનારું કોઈ આગમવચન દેખાતું નથી. તેથી સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણામાં રહેલ ઇષ્ટઉપાયતાકત્વ આગમબોધિત છે, તેવું અનુમાન કઈ રીતે થઈ શકે ? તેમાં હેતુ કહે છે –

**અપ્રત્યક્ષ એવા આગમથી પ્રકૃત અર્થનો બોધ કરવો અશક્ય હોવાને કારણે, અને વ્યવસ્થિત એવા આગમની અનુપસ્થિતિ હોવાને કારણે, સામાન્યથી જ તેનું અનુમાન થાય છે અર્થાત્ સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણાને કહેનાર એવું આગમ વર્તમાનમાં અપ્રત્યક્ષ હોવાને કારણે, અપ્રત્યક્ષ એવા આગમથી શિષ્ટાચારમાં ઈષ્ટઉપાયતાકત્વરૂપ પ્રકૃત અર્થનો બોધ કરવો અશક્ય હોવાને કારણે, અને વર્તમાનમાં વ્યવસ્થિત એવા અર્થાત્ ઉપલબ્ધ એવા આગમની શિષ્ટાચારના પદાર્થને બતાવે તે રૂપે અનુપસ્થિતિ હોવાને કારણે, સામાન્યથી જ શિષ્ટાચારને કહેનારા આગમનું અનુમાન થાય છે અર્થાત્ જીતવ્યવહારને આગમ સ્વીકારે છે, તેનાથી સામાન્યથી અનુમાન થાય છે કે 'સંવિગ્ન-અશઠ ગીતાર્થની આ આચરણા આગમબોધિત ઈષ્ટઉપાયતાવાળી છે.' તેથી સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણામાં રહેલ ઈષ્ટઉપાયતાકત્વ આગમબોધિત છે તેવું અનુમાન થઈ શકે છે, એમ અન્વય છે.**

**તે આ કહેવાયું છે=સામાન્યથી શિષ્ટાચારને કહેનારા આગમનું અનુમાન થાય છે તે આ, ઉપદેશપદ શ્લોક-૮૧૨માં પૂ. આ. હરિભદ્રસૂરિ મહારાજ વડે કહેવાયું છે –**

"આચરણા પણ આજ્ઞા છે."

'त्ति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ઉદ્ધરણમાં 'हु' વાક્યાલંકારમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વસ્તુતઃ ઉપપત્તિવાળા અર્થાત્ યુક્તિસંગત એવા શિષ્ટાચારથી જ વિધિના અર્થની સિદ્ધિ થયે છતે આગમનું અનુમાન ભગવાનના બહુમાન દ્વારા સમાપત્તિની સિદ્ધિ માટે છે, એ પ્રમાણે જાણવું. ।।૩।।**

**ભાવાર્થ :-**

**સર્વજ્ઞના વચનોની જેમ શિષ્ટોની આચરણા પણ ઇષ્ટફળની પ્રાપ્તિનું કારણ :-**

પૂર્વશ્લોક-૨માં સ્થાપન કર્યું કે શિષ્ટાચારનો અનાદર કરવામાં આવે તો ભગવાનના વચનરૂપ માર્ગનો પણ અનાદર થાય. ત્યાં શંકા થાય કે શિષ્ટાચારને માર્ગરૂપે સ્વીકારીએ તો છદ્મસ્થોની પ્રવૃત્તિ પણ માર્ગ બને. તે શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે --

માર્ગાનુસારી એવા સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા દ્વારા 'આ પ્રવૃત્તિ આગમમૂલક છે' એવો નિર્ણય કરીને જે સાધુઓ તે માર્ગમાં પ્રવર્તે છે, તેઓ અંધપરંપરા પ્રમાણે ચાલનારા છે, એમ શંકા ન કરવી અર્થાત્ છદ્મસ્થની પરંપરા પ્રમાણે ચાલનારા છે એમ શંકા ન કરવી; કેમ કે તે સાધુઓ સર્વજ્ઞથી પ્રરૂપાયેલ માર્ગની જે પરંપરા છે, તેને અનુસરનારા છે.

આનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે --

સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણામાં આગમબોધિત ઇષ્ટઉપાયતાકત્વ સુસાધુને અનુમેય છે અર્થાત્ જેમ ભગવાનનું વચન ઇષ્ટ એવા પારમાર્થિક સુખની પ્રાપ્તિનો ઉપાય છે, તેમ શિષ્ટોની આ પ્રવૃત્તિ પણ આગમથી બોધ કરાયેલી એવી ઇષ્ટઉપાયતાવાળી છે, એ પ્રકારનું સુસાધુને અનુમાન થાય છે.

અહીં શિષ્ટોની આચરણામાં ઇષ્ટઉપાયતાકત્વ અનુમેય છે, અને તેના વિશેષણરૂપે આગમનું ગ્રહણ કર્યું, તે અંધપરંપરાની શંકાના વ્યુદાસ માટે છે અર્થાત્ 'आगमबोधित' એ વિશેષણ વ્યાવર્તક વિશેષણ નથી, પરંતુ સ્વરૂપ ઉપરંજક છે. તેથી સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણા સર્વત્ર આગમબોધિત ઇષ્ટઉપાયતાવાળી છે; પરંતુ કોઈક શિષ્ટોની આચરણા ઇષ્ટઉપાયતાવાળી છે અને કોઈક શિષ્ટોની આચરણા આગમબોધિત ઇષ્ટઉપાયતાવાળી છે, એવો ભેદ નથી. તેથી 'आगमबोधित' વિશેષણ ન આપ્યું હોય તોપણ શિષ્ટોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચરણામાં ઇષ્ટઉપાયતાકત્વ અનુમેય છે, એમ કહેવાથી આગમબોધિત ઇષ્ટઉપાયતાકત્વની પ્રાપ્તિ થાય છે. આમ છતાં આગમનું ગ્રહણ કરવાથી શિષ્ટોની આચરણામાં અંધની પરંપરાની કોઈને શંકા હોય તો તેનો વ્યુદાસ થાય છે.

વળી આ 'आगमबोधित' વિશેષણ વ્યાવર્તક વિશેષણ નથી. તેથી ભગવાનના વચનમાં રહેલી પ્રવર્તકતા અને શિષ્ટોની આચરણામાં રહેલી પ્રવર્તકતા સમાન પ્રાપ્ત થાય છે; અને જો 'आगमबोधित' વિશેષણ વ્યાવર્તક વિશેષણ સ્વીકારીએ તો 'આ આચરણા આગમબોધિત છે, તેવી કલ્પના કરવી પડે, ત્યાર પછી વિધિઅર્થના બોધની કલ્પના કરવી પડે અર્થાત્ કોઈક એવું આગમ આ પ્રકારના વિધિઅર્થને કહેનારું છે, તેવી ઉપસ્થિતિ કરવી પડે, ત્યારપછી શિષ્ટોની આચરણા પ્રવર્તક બને. તેથી ભગવાનનું વચન સાક્ષાત્ પ્રવર્તક છે અને શિષ્ટોની આચરણા પરંપરાએ પ્રવર્તક છે, એમ પ્રાપ્ત થાય; અને આ રીતે સ્વીકારીએ તો ભગવાનના વચનની પ્રવર્તકતા અને શિષ્ટોની આચરણાની પ્રવર્તકતા સમાન પ્રાપ્ત થાય નહીં; પરંતુ આગમનું ગ્રહણ વ્યાવર્તક વિશેષણ નથી. તેથી જેમ ભગવાનનું વચન પ્રવર્તક છે, તેમ શિષ્ટનું વચન પણ સાક્ષાત્ પ્રવર્તક છે. માટે બંનેમાં પ્રવર્તકતા સમાન છે, એમ પ્રાપ્ત થાય. આમ છતાં શિષ્ટોની આચરણામાં ઇષ્ટઉપાયતાકત્વરૂપ અનુમાન ન કર્યું અને આગમબોધિત ઇષ્ટઉપાયતાકત્વરૂપે અનુમાન કર્યું, તેથી કોઈને શંકા થયેલી હોય કે છદ્મસ્થની આ આચરણા કઈ રીતે ઇષ્ટઉપાયતાવાળી છે, એ શંકાનું નિવારણ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે શિષ્ટોની આચરણામાં 'શિષ્ટોની આ આચરણા આગમબોધિત ઇષ્ટઉપાયતાવાળી છે' એમ કઈ રીતે નક્કી થાય ? કેમ કે તે પ્રકારના વચનને કહેનારું આગમ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. તેથી કહે છે –

શિષ્ટોની આચરણાને કહેનારું આગમ અપ્રત્યક્ષ હોવાને કારણે શિષ્ટોની આ આચરણા પ્રકૃત એવા ઇષ્ટઉપાયતાકત્વને કહેનાર છે, એવો બોધ કરાવી શકે નહીં, અને વર્તમાનમાં વિદ્યમાન આગમોથી શિષ્ટોની આચરણાની ઉપસ્થિતિ થતી નથી, પરંતુ સામાન્યથી જ તેનું અનુમાન થાય છે; કેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે 'શિષ્ટોની આચરણા પણ ભગવાનની આજ્ઞા છે', તેથી સામાન્યથી જ નક્કી થાય છે કે શિષ્ટપુરુષો જે આચરણા કરે છે તે સ્વબુદ્ધિથી નિર્ણય કરીને કરતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી, પરંતુ સર્વજ્ઞના વચનથી નિર્ણય કરીને પ્રવૃત્તિ કરે છે. માટે તેમની પ્રવૃત્તિમાં જે ઇષ્ટઉપાયતા છે, તે આગમબોધિત છે.

પૂર્વમાં કહ્યું કે શિષ્ટોની આચરણામાં આગમબોધિત ઇષ્ટઉપાયતાકત્વ અનુમેય છે. ત્યાં 'આગમબોધિત' વિશેષણ અંધપરંપરાની શંકાના વ્યુદાસ માટે છે, પરંતુ વ્યાવર્તક વિશેષણ નથી, એમ કહ્યું. હવે જેઓને શિષ્ટની આચરણામાં અંધપરંપરાની શંકા નથી, તેઓને શિષ્ટોની આચરણામાં ઇષ્ટઉપાયતાકત્વ જ અનુમેય બને છતાં વિવેકી એવા વિચારકો પણ 'આ આચરણા આગમબોધિત ઇષ્ટઉપાયતાવાળી છે' તેવી ઉપસ્થિતિ કેમ કરે છે ? તે બતાવવા અર્થે કહે છે -

વસ્તુતઃ ઉપપત્તિવાળા એવા શિષ્ટાચારથી વિધિના અર્થની સિદ્ધિ થયે છતે અર્થાત્ 'આ પ્રવૃત્તિ મારા ઇષ્ટનો ઉપાય છે' એ પ્રકારે નિર્ણય થયે છતે, આગમનું અનુમાન ભગવાનના બહુમાન દ્વારા સમાપત્તિની સિદ્ધિ માટે છે અર્થાત્ સુવિહિત સાધુઓ પણ શિષ્ટોની આચરણાનું અનુસરણ કરે ત્યારે વિચારે છે કે 'શિષ્ટોની આચરણા પણ ભગવાનની આજ્ઞા છે.' તેથી શિષ્ટોના આચાર પ્રમાણે પ્રવૃત્તિ કરતી વખતે એવી ઉપસ્થિતિ થાય છે કે 'ભગવાને આ પ્રકારે પ્રવૃત્તિ કરવાનું કહ્યું છે, તેથી તે પ્રમાણે પ્રવૃત્તિ કરીને હું પણ મોહનું ઉન્મૂલન કરવા માટે સમર્થ બનું,' અને આ પ્રકારની ઉપસ્થિતિ કરવાથી તે તે પ્રવૃત્તિકાળમાં હૈયામાં વીતરાગની ઉપસ્થિતિ થાય છે; અને જે સાધકના હૈયામાં દરેક પ્રવૃત્તિની પૂર્વે વીતરાગનું સ્મરણ અને વીતરાગના વચનને પરતંત્ર થઈને તદનુસાર પ્રવૃત્તિ કરવાનો અધ્યવસાય છે, તે સાધક ક્રમે કરીને આ પ્રવૃત્તિ દ્વારા વીતરાગની સાથે સમાપત્તિને પ્રાપ્ત કરે છે=વીતરાગની સાથે એકભાવને પ્રાપ્ત કરે છે; કેમ કે વીતરાગનાં સર્વ વચનો મોહના ઉન્મૂલનને અનુકૂળ દિશા બતાવનારાં છે; અને હૈયામાં વીતરાગને રાખીને, તેમના વચનનું અવલંબન લઈને જે સાધક મોહના ઉન્મૂલન માટે ઉદ્યમ કરે છે, તે સાધક શક્તિના પ્રકર્ષવાળા બને ત્યારે વીતરાગની જેમ અસંગભાવવાળા બને છે, ત્યારે તેમનો આત્મા વીતરાગની સાથે એકતાની પ્રાપ્તિરૂપ સમાપત્તિને પામે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**સર્વજ્ઞના વચનોની જેમ શિષ્ટોની આચરણા પણ ઈષ્ટફળની પ્રાપ્તિનું કારણ છે, એમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેને દઢ કરવા માટે કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

सूत्रे सद्धेतुनोत्सृष्टमपि क्वचिदपोद्यते ।
हितदेऽप्यनिषिद्धेऽर्थे किं पुनर्नास्य मानता ।।४।।

**અન્વયાર્થ :-**

सूत्रे=સૂત્રમાં उत्सृष्टमपि=ઉત્સૃષ્ટ પણ=ઉત્સર્ગનો વિષય કરાયેલું પણ सद्धेतुना=સદ્હેતુથી=પુષ્ટાલંબનથી क्वचिद्=ક્યારેક अपोद्यते=અપવાદનો વિષય કરાય છે. पुनः=વળી हितदेऽप्यनिषद्धेऽर्थे=હિતને કરનાર પણ અનિષિદ્ધ એવા અર્થમાં अस्य=આની=શિષ્ટાચારની मानता=પ્રમાણતા किं न=કેમ ન થાય ? અર્થાત્ શિષ્ટાચારની પ્રમાણતા સુતરામ્ થાય. ।।૪।।

**શ્લોકાર્થ :-**

**સૂત્રમાં ઉત્સર્ગનો વિષય કરાયેલું પણ પુષ્ટાલંબનથી ક્યારેક અપવાદનો વિષય કરાય છે. વળી હિતને કરનાર પણ અનિષિદ્ધ એવા અર્થમાં આની=શિષ્ટાચારની, પ્રમાણતા કેમ ન થાય ? અર્થાત્ સુતરામ્ પ્રમાણતા થાય. ।।૪।।**

❖ 'उत्सृष्टमपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે ઉત્સર્ગનો વિષય ન હોય તો તો બરાબર છે, પરંતુ ઉત્સર્ગનો વિષય હોવા છતાં પણ પુષ્ટાલંબનથી અપવાદનો વિષય કરાય છે અર્થાત્ ઉત્સર્ગથી નિષિદ્ધ ન હોય તો તો આચરણા કરાય, પરંતુ ઉત્સર્ગથી નિષિદ્ધ કરાયેલી પણ આચરણા પુષ્ટાલંબનને કારણે અપવાદથી સેવાય છે.

❖ 'हितदेऽप्यनिषिद्धेऽर्थे' - અહીં 'अपि'થી એ કહેવું છે કે હિતને કરનાર કૃત્ય ન હોય તો તેમાં પ્રમાણ નથી, પરંતુ હિતને કરનાર એવા પણ શિષ્ટાચારના કૃત્યમાં કેમ પ્રમાણતા ન હોય ? અર્થાત્ પ્રમાણતા છે.

**ટીકા :-**

सूत्र इति-सूत्रे=आगमे, उत्सृष्टमपि=उत्सर्गविषयीकृतमपि, सद्धेतुना=पुष्टेनालम्बनेन, क्वचिदपोद्यते=अपवादविषयीक्रियते, हितदेऽपि=इष्टसाधनेऽपि, अनिषिद्धे=सूत्रावारिते, किं पुनरस्य=शिष्टाचारस्य न मानता=न प्रमाणता ? ।।४।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**सूत्रे ..... न प्रमाणता ? ।। સૂત્રમાં=આગમમાં, ઉત્સૃષ્ટ પણ=ઉત્સર્ગનો વિષય કરાયેલું પણ, સદ્હેતુથી=પુષ્ટાલંબનથી, ક્યારેક અપવાદનો વિષય કરાય છે. વળી, અનિષિદ્ધ=સૂત્રથી અવારિત એવા, હિતને કરનાર પણ= ઈષ્ટના સાધનમાં પણ, આની=શિષ્ટાચારની, માનતા=પ્રમાણતા કેમ ન થાય ? ।।૪।।**

**ભાવાર્થ :-**

**શિષ્ટાચારની પ્રમાણતાની પુષ્ટિ :-**

શાસ્ત્રમાં કેટલીક પ્રવૃત્તિઓ સાધુને ઉત્સર્ગથી નિષિદ્ધ છે, તોપણ પુષ્ટાલંબન હોય ત્યારે તે પ્રવૃત્તિઓ અપવાદનો વિષય કરાય છે અર્થાત્ ઉત્સર્ગથી નિષિદ્ધ પણ તે આચરણા સેવાય છે, અને તે આચરણા સંયમની વૃદ્ધિનો હેતુ હોવાથી ભગવાનને સંમત છે; તો સૂત્રમાં જેનો નિષેધ કરાયેલો નથી, એવી અને સંયમની વૃદ્ધિરૂપ હિતને કરનારી શિષ્ટાચારની પ્રવૃત્તિ કેમ પ્રમાણ ન થાય ? અર્થાત્ સુતરામ્ પ્રમાણ થાય; કેમ કે ઉત્સર્ગ માર્ગે નિષિદ્ધ એવી પ્રવૃત્તિ પણ હિતને કરનારી હોય તો અપવાદે પ્રમાણ થાય, તો શાસ્ત્રમાં અનિષિદ્ધ એવી શિષ્ટોની આચરણા હિતને કરનાર હોવાથી સુતરામ્ પ્રમાણ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**उदासीनेऽर्थे भवत्वस्य मानता, वारितं तु कारणसहस्रेणापि परावर्तयितुमशक्यमित्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**ઉદાસીન અર્થમાં=શાસ્ત્રથી અનિષિદ્ધ અર્થમાં, આની=શિષ્ટાચારની, માનતા=પ્રમાણતા થાય. વળી વારિત અર્થ=શાસ્ત્રથી વારિત અર્થ, હજાર કારણથી પણ પરાવર્તન કરવો શક્ય નથી. એથી કહે છે –**

❖ 'कारणसहस्रेणापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે એક-બે કારણ હોય તો તો વારિત અર્થ પરાવર્તન કરવો શક્ય નથી, પરંતુ હજાર કારણ હોય તોપણ વારિત અર્થ પરાવર્તન કરવો શક્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

શિષ્ટોની કેટલીક આચરણા શાસ્ત્રમાં અનિષિદ્ધ હોય તેવી હોય છે, અને શિષ્ટોની કેટલીક આચરણા શાસ્ત્રમાં નિષિદ્ધ હોય તેવી હોય છે. તેને સામે રાખીને કોઈને શંકા થાય કે જે આચરણાનો શાસ્ત્રમાં નિષેધ પ્રાપ્ત નથી, તેવા સ્થાનમાં શિષ્ટોની આચરણા પ્રમાણ સ્વીકારી શકાય; પરંતુ જે આચરણાઓનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે, તેવી શિષ્ટોની આચરણા કઈ રીતે પ્રમાણ સ્વીકારી શકાય ? અર્થાત્ પ્રમાણ સ્વીકારી શકાય નહીં; કેમ કે જે વસ્તુનો શાસ્ત્રમાં નિષેધ કર્યો હોય તેને હજારો કારણથી પણ પરાવર્તન કરી શકાય નહીં. આ પ્રકારની કોઈને શંકા થાય. તેના નિવારણ માટે કહે છે –

**શ્લોક :-**

**निषेधः सर्वथा नास्ति विधिर्वा सर्वथागमे ।**
**आयं व्ययं च तुलयेल्लाभाकाङ्क्षी वणिग्यथा ।।५।।**

**અન્વયાર્થ :-**

**आगमे=આગમમાં सर्वथा=સર્વથા निषेधः=નિષેધ वा=અથવા सर्वथा=સર્વથા विधि=વિધિ नास्ति=નથી. यथा लाभाकाङ्क्षी वणिग्=જેમ લાભનો આકાંક્ષી વણિક आयं व्ययं च=આય અને વ્યયને तुलयेद्=તુલના કરે, તેમ લાભાકાંક્ષી સાધુ આયવ્યયની તુલના કરે અર્થાત્ લાભાકાંક્ષી સાધુ પ્રવૃત્તિના વિષયમાં આય-વ્યયની તુલના કરીને જેનાથી અધિક લાભ હોય તે પ્રવૃત્તિ કરે. ।।૫।।**

**શ્લોકાર્થ :-**

**આગમમાં સર્વથા નિષેધ અથવા સર્વથા વિધિ નથી. જેમ લાભનો આકાંક્ષી વણિક આય અને વ્યયની તુલના કરે, તેમ લાભાકાંક્ષી સાધુ આય-વ્યયની તુલના કરે અર્થાત્ લાભાકાંક્ષી સાધુ પ્રવૃત્તિના વિષયમાં આય-વ્યયની તુલના કરીને જેનાથી અધિક લાભ હોય તે પ્રવૃત્તિ કરે. ।।૫।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકા :-

निषेध इति-सूत्रे विधिनिषेधौ हि गौणमुख्यभावेन मिथः संवलितावेव प्रतिपाद्येते, अन्यथाऽनेकान्तमर्यादातिक्रमप्रसङ्गादिति भावः ।।५।।

ટીકાર્થ :-

सूत्रे.....भावः ।। **સૂત્રમાં વિધિ અને નિષેધ ગૌણમુખ્યભાવથી જ પરસ્પર સંવલિત જ પ્રતિપાદન કરાય છે.**

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં જે સ્થાને વિધિવાક્યો છે ત્યાં ગૌણભાવથી નિષેધ છે તેવો ઉલ્લેખ નથી, અને જ્યાં નિષેધવાક્ય છે ત્યાં ગૌણભાવથી વિધિ છે તેવો ઉલ્લેખ નથી. તેથી શાસ્ત્રના વિધિ-નિષેધો ગૌણમુખ્યભાવે પરસ્પર સંવલિત છે એમ કઈ રીતે કહી શકાય ? તેથી હેતુ કહે છે –

**અન્યથા=શાસ્ત્રમાં વિધિ-નિષેધ ગૌણમુખ્યભાવરૂપે સંવલિત છે એમ ન માનો તો, અનેકાંતની મર્યાદાના અતિક્રમનો પ્રસંગ છે, એ પ્રકારનો ભાવ છે=શ્લોકનો ભાવ છે. ।।૫।।**

ભાવાર્થ :-

**શાસ્ત્રમાં નિષિદ્ધ એવી પણ શિષ્ટોની આચરણાઓમાં અનેકાંતના આધારે પ્રમાણતાની યુક્તિ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે જે સ્થાનમાં શાસ્ત્રનાં નિષેધ વચનોની પ્રાપ્તિ હોય તે સ્થાનમાં શિષ્ટાચારને પ્રમાણ કઈ રીતે સ્વીકારી શકાય ? અર્થાત્ સ્વીકારી શકાય નહીં. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શાસ્ત્રમાં કોઈ પ્રવૃત્તિનો સર્વથા નિષેધ નથી કે કોઈ પ્રવૃત્તિનું સર્વથા વિધાન નથી, પરંતુ જેમ લાભનો અર્થી વણિક, આય અને વ્યયની તુલના કરીને જે પ્રવૃત્તિમાં અધિક લાભ થાય તેમાં પ્રવૃત્તિ કરે, તેમ સાધુ બાહ્ય કઈ પ્રવૃત્તિ કરવાથી અધિક ગુણોની પ્રાપ્તિ થશે ? અને કઈ બાહ્ય પ્રવૃત્તિ કરવાથી અલ્પ આત્મગુણોની પ્રાપ્તિ થશે, તેની તુલના કરીને જે પ્રવૃત્તિથી અધિક ગુણોની પ્રાપ્તિ થાય તે પ્રવૃત્તિ કરે. તેથી સાધુને જે બાહ્ય આચરણા સેવવાનો શાસ્ત્રમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિષેધ હોય તે જ બાહ્ય આચરણા તેવા પ્રકારના સંયોગમાં લાભનું કારણ દેખાય, તો તે આચરણા સેવવાની શાસ્ત્રમાં અનુજ્ઞા છે. માટે જે આચરણાનો શાસ્ત્રમાં નિષેધ પ્રાપ્ત થતો હોય, તે આચરણા પણ વર્તમાનના દ્રવ્યક્ષેત્રને કારણે ભાવિના સાધુઓના હિતનું કારણ જણાય, તો સંવિગ્ન-અશઠ ગીતાર્થો તે પ્રવૃત્તિ કરે, તેમાં શાસ્ત્ર નિષેધ કરતું નથી; કેમ કે શાસ્ત્રનાં નિષેધ વચનો ગૌણભાવથી વિધિ સાથે સંવલિત છે; અને જો તેમ ન સ્વીકારવામાં આવે અને કહેવામાં આવે કે જે શાસ્ત્રવચનો જે પ્રવૃત્તિનો નિષેધ કરતાં હોય, તેને કોઈ સંયોગોમાં પરાવર્તન કરી શકાય નહીં, તો જૈનશાસનની અનેકાંત મર્યાદાનો અતિપ્રસંગ આવે.

આનાથી એ ફલિત થાય કે ભગવાનનું વચન અનેકાંત મર્યાદાવાળું છે, અને જે પ્રવૃત્તિથી આત્મહિત થાય તે પ્રવૃત્તિને કર્તવ્ય કહે છે અને જે પ્રવૃત્તિ સામાન્ય સંયોગમાં=તેવા પ્રકારના વિષમ સંયોગ ન હોય તેવા સામાન્ય સંયોગમાં, આત્મહિતનું કારણ હોય તેને ઉત્સર્ગથી કર્તવ્ય કહે છે; અને તે તે દ્રવ્ય-ક્ષેત્ર પ્રમાણે તેનાથી વિપરીત પ્રવૃત્તિથી આત્મહિત થાય તેમ હોય ત્યારે તે વિપરીત પ્રવૃત્તિને કર્તવ્ય કહે છે. તેથી શાસ્ત્રમાં નિષિદ્ધ એવી પણ પ્રવૃત્તિ કાળહાનિના દોષને કારણે સંવિગ્ન-અશઠ ગીતાર્થોએ ભાવિના જીવોના હિતનું કારણ જોઈને કર્તવ્યરૂપે સ્વીકારી, તેમાં સર્વત્ર અનેકાંત સ્વીકારનાર શાસ્ત્રની સંમતિ છે. **॥૫॥**

**શ્લોક :-**

**प्रवाहधारापतितं निषिद्धं यत्र दृश्यते ।**
**अत एव न तन्मत्या दूषयन्ति विपश्चितः ।।६।।**

**અન્વયાર્થ :-**

**अत एव=આથી જ=શાસ્ત્રથી નિષિદ્ધ અર્થમાં પણ શિષ્ટાચારની પ્રમાણતા છે તેમ પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું આથી જ, प्रवाहधारापतितं=પ્રવાહધારાથી આવેલું यद्=જે निषिद्धं न दृश्यते=નિષિદ્ધ દેખાતું નથી=પૂર્વના ગીતાર્થોથી નિષિદ્ધ દેખાતું નથી, तत्=તેને विपश्चितः=બુદ્ધિમાનો मत्या=મતિથી न दूषयन्ति=દૂષિત કરતા નથી. ॥૬॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**આથી જ પ્રવાહધારાથી આવેલું જે નિષિદ્ધ દેખાતું નથી, તેને બુદ્ધિમાનો મતિથી દૂષિત કરતા નથી. ।।૬।।**

**ટીકા :-**

**प्रवाहेति-शिष्टसम्मतत्वसन्देहेऽपि तद्दूषणमन्याय्यं, किं पुनस्तन्निश्चय इति भावः । तदिदमाह –**

"जं च विहिअं ण सुत्ते ण य पडिसिद्धं जणंमि चिररूढं ।

समइविगप्पियदोसा तं पि ण दूसंति गीयत्था" ।।१।। **।।६।।**

**ટીકાર્થ :-**

शिष्ट ..... गीयत्था" ।। **શિષ્ટના સંમતત્વના સંદેહમાં પણ તેનું દૂષણ અન્યાય છે, તો વળી તેના નિશ્ચયમાં=શિષ્ટસંમતત્વના નિશ્ચયમાં, દૂષણ કરવું કેવી રીતે ન્યાય્ય થાય ? અર્થાત્ ન થાય, એ પ્રકારનો ભાવ છે.**

**તે આને કહે છે=શિષ્ટસંમતત્વના સંદેહમાં પણ દૂષણ કરવું યુક્ત નથી, એમ જે પૂર્વમાં કહ્યું, તે આને ધર્મરત્નપ્રકરણકાર ગાથા-૯૮માં કહે છે –**

"જે સૂત્રમાં વિહિત નથી અને નિષિદ્ધ નથી, લોકમાં ચિરરૂઢ છે તેને પણ સ્વમતિથી કલ્પના કરાયેલા દોષથી ગીતાર્થો દૂષિત કરતા નથી." **(ધર્મરત્નપ્રકરણ ગાથા-૯૮) ।।૬।।**

❖ 'शिष्टसंमतत्वसंदेहेऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે શિષ્ટસંમતત્વના નિર્ણયમાં તો દૂષણ આપવું યુક્ત નથી, પરંતુ શિષ્ટસંમતત્વના સંદેહમાં પણ દૂષણ આપવું યુક્ત નથી.

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે શાસ્ત્રથી નિષિદ્ધ એવા પણ અર્થમાં સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણા પ્રમાણરૂપ છે; કેમ કે અનેકાંતવાદ શાસ્ત્રની મર્યાદાથી નિષિદ્ધ વચન પણ એકાંતે નિષિદ્ધ નથી. તેથી સંવિગ્ન-અશઠ ગીતાર્થોએ જે આચરણા કરી હોય તે શાસ્ત્રસંમત છે. આથી જ સુવિહિત સાધુઓની પરંપરામાં કોઈક આચરણા પ્રાપ્ત થતી હોય, અને ઉત્તરના સુવિહિતો દ્વારા તેનો નિષેધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાયેલો પ્રાપ્ત થતો ન હોય, અને કોઈ બુદ્ધિમાન ગીતાર્થ સાધુ થાય અને તેમને તે આચરણા શિષ્ટસંમત છે કે નહીં તેવો સંદેહ થાય, તોપણ સ્વમતિના વિકલ્પથી તેને દૂષિત કરતા નથી; કેમ કે જ્યાં સુધી આ આચરણા શાસ્ત્રસંમત નથી તેવો નિર્ણય ન થાય, અને છતાં તેને દૂષિત કરવામાં આવે, તો સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણાને દૂષિત કરીને ભગવાનના વચનને દૂષિત કરવાના પાપની પ્રાપ્તિ થાય; પરંતુ જ્યારે તે ગીતાર્થોને સ્થિર નિર્ણય થાય કે ‘આ આચરણા પ્રવાહધારામાં આવેલી છે, આમ છતાં આ આચરણા શાસ્ત્રસંમત નથી, અને વર્તમાનમાં દ્રવ્ય, ક્ષેત્ર અનુસાર પણ આ આચરણા કરવી ઉચિત નથી, ત્યારે તેનો નિષેધ પણ કરે; પરંતુ જ્યાં સુધી આચરણાવિષયક સંદેહ હોય ત્યાં સુધી નિષેધ કરે નહીં.

તેથી એ ફલિત થાય છે કે જેમ ભગવાનના વચનનો અપલાપ કરવો એ મહાપાપ છે, તેમ સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણાનો અપલાપ કરવો તે પણ મહાપાપ છે. આથી જ બુદ્ધિમાનો ક્યારેય સ્વમતિથી તેને દૂષિત કરતા નથી. **॥૬॥**

**અવતરણિકા :–**

**શ્લોક-૧થી ૬ સુધી સ્થાપન કર્યું કે જેમ ભગવાનનું વચન માર્ગ છે તેમ સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણા માર્ગ છે, અને તે માર્ગને સ્વીકારવા માટે યુક્તિઓ આપી. હવે સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણા કઈ છે ? અને અસંવિગ્નની આચરણા કઈ છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :–**

**संविग्नाचरणं सम्यक्कल्पप्रावरणादिकम् ।**
**विपर्यस्तं पुनः श्राद्धममत्वप्रभृति स्मृतम् ।।७।।**

**અન્વયાર્થ :–**

**संविग्नाचरणं=સંવિગ્નનું આચરણ=સંવિગ્ન-અશઠ ગીતાર્થનું આચરણ सम्यक्कल्पप्रावरणादिकम्=સમ્યક્કલ્પપ્રાવરણ વગેરે છે=શાસ્ત્રની મર્યાદા પ્રમાણેનું સાધુનું વસ્ત્ર, તેને ગોચરી જતી વખતે પરિધાન કરવું વગેરે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुनः=વળી विपर्यस्तं=અસંવિગ્નનું આચરણ श्राद्धममत्वप्रभृति=શ્રાવકોનું મમત્વ વગેરે स्मृतम्=કહેવાયું છે. ।।૭।।

**શ્લોકાર્થ :-**

**સંવિગ્નનું આચરણ સમ્યક્કલ્પપ્રાવરણ વગેરે છે. વળી અસંવિગ્નનું આચરણ શ્રાવકોનું મમત્વ વગેરે કહેવાયું છે. ।।૭।।**

**ટીકા :-**

**संविग्नेति-संविग्नानामाचरणं सम्यक्=साधुनीत्या कल्पप्रावरणादिकम् ।** तदाह-

"अन्नह भणियं पि सुए किंची कालाइकारणाविक्खं ।
आइन्नमन्नहच्चिय दीसइ संविग्गगीएहिं ।।१।।
कप्पाणं पावरणं अग्गोअरच्चाओ झोलिआभिक्खा ।
उवग्गहियकडाहयतुंबयमुहदाणदोराई" ।।२।। इत्यादि ।

**विपर्यस्तमसंविग्नाचरणं पुनः श्राद्धममत्वप्रभृति स्मृतम् । तदाह –**

"जह सड्ढेसु ममत्तं राढाइ असुद्धउवहिभत्ताई ।
णिद्दिट्ठिवसहितूलीमसूरगाईण परिभोगे त्ति" ।।१।। **।।७।।**

**ટીકાર્થ :-**

**संविग्ननामाचरणं ..... परिभोगे त्ति" ।। સંવિગ્નોનું આચરણ સમ્યક્=સાધુનીતિથી, કલ્પપ્રાવરણ વગેરે છે=શાસ્ત્રની મર્યાદા પ્રમાણેનું સાધુનું વસ્ત્ર તે કલ્પ, તે તે ગોચરી જતી વખતે પહેરવું વગેરે છે.**

**તેને કહે છે –**

"સૂત્રમાં અન્યથા કહેવાયેલું પણ કંઈક કાલાદિ કારણની અપેક્ષાએ સંવિગ્નગીતાર્થો વડે અન્યથા જ આચીર્ણ દેખાય છે." **(ધર્મરત્નપ્રકરણ ગાથા-૮૧)**

"કલ્પોનું પ્રાવરણ, અગ્રાવતારનો ત્યાગ=સાધુના વસ્ત્રવિશેષના કટીપટ્ટકનું અન્યથાકરણ તે રૂપ ત્યાગ, ઝોળીથી ભિક્ષા=પાત્રબંધના બે છેડાને મુઠ્ઠીમાં ધારણ કરીને ભિક્ષાર્થે જવું એ પ્રમાણે આગમમાં કહેલું છે; અને વર્તમાનમાં બે ગાંઠોવાળી ઝોળી કોણીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમીપે બાંધવામાં આવે છે, એ પ્રકારની ઝોળીની ભિક્ષા, ઔપગ્રહિક, કટાહક તુંબડું મુખદાન દવરકાદિ." **(ધર્મરત્નપ્રકરણ ગાથા-૮૨) ઈત્યાદિ સંવિગ્ન-ગીતાર્થની આચરણા છે.**

હવે અસંવિગ્નની આચરણા બતાવે છે –

**विपर्यस्तं=અસંવિગ્નનું આચરણ વળી શ્રાદ્ધમમત્વ પ્રભૃતિ જાણવું.**

**તેને કહે છે=અસંવિગ્નના આચરણને કહે છે –**

"શ્રાવકોમાં મમત્વ, શરીરની શોભાની કામનાથી અશુદ્ધ=દોષિત, ઉપધિ અને ભોજનાદિ, નિર્દિષ્ટ વસતી=સાધુને સદા માટે આપેલી વસતી, શય્યા, તકિયા વગેરેનો પરિભોગ." **(ધર્મરત્નપ્રકરણ, ગાથા-૮૭) ॥૭॥**

**ભાવાર્થ :-**

**સંવિગ્ન અને અસંવિગ્નની આચરણા :-**

સંવિગ્નનું આચરણ શાસ્ત્રના વચનથી કંઈક પરાવર્તનવાળું કયું છે ? તે સ્પષ્ટ કરે છે –

પૂર્વમાં સાધુઓ કલ્પ=સાધુનું વસ્ત્રવિશેષ, ગોચરી વખતે સ્કંધ ઉપર નાખીને જતા હતા. હવે તે કલ્પ=વસ્ત્ર, ગોચરીએ જતાં ઓઢવાનો સ્વીકાર સંવિગ્નોએ કર્યો, તેથી આ પ્રવૃત્તિ સંવિગ્નોની આચરણા છે. તેમાં 'ધર્મરત્નપ્રકરણ'ની સાક્ષી આપતાં કહ્યું કે - 'શ્રુતમાં અન્યથા કહેલું કંઈક કાલાદિ કારણની અપેક્ષાએ સંવિગ્ન-ગીતાર્થો વડે અન્યથા જ આચરિત દેખાય છે.'

આનાથી એ ફલિત થાય કે આગમમાં તે આચરણાઓ અન્ય પ્રકારે કરવાની કહેલ છે, તે આચરણાઓ કાલાદિના કારણે ગીતાર્થો અન્યથારૂપે સ્વીકારે છે. તેથી કાલાદિના સંયોગ પ્રમાણે તે આચરણા સુસાધુ માટે સમ્યક્ આચરણા છે.

વળી અસંવિગ્ન સાધુઓની આચરણા કઈ છે ? તે બતાવતાં કહ્યું કે - 'શ્રાવકોનું મમત્વ વગેરે અસંવિગ્નની આચરણા છે.'

તેથી એ ફલિત થાય કે મોહધારાની વૃદ્ધિનું કારણ હોય તેવું શ્રાવકો સાથેનું મમત્વ તે અસંવિગ્નોની આચરણા છે. સુસાધુઓ તો સમુદાયના સાધુઓ પ્રત્યે પણ પરસ્પર પ્રતિબંધ વગરના હોય છે, અને સમુદાયમાં હોવા છતાં એકત્વ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાથી ભાવિત રહે છે. તેથી સંયમી સાધુ પ્રત્યે પણ સંયમગુણના કારણે પ્રીતિ હોય છે, પરંતુ સહવાસને કારણે પ્રીતિ હોતી નથી. તેથી સાધુને પરસ્પર પણ મમત્વ કરવાનો નિષેધ હોય ત્યારે શ્રાવકો સાથે મમત્વને કરવું તો સંયમજીવનમાં સુતરામ્ નિષિદ્ધ છે, અને તેવી આચરણા અસંવિગ્નોની આચરણા છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં સંવિગ્નનું આચરણ અને અસંવિગ્નનું આચરણ કયું છે તે બતાવ્યું. હવે કોઈક કહે કે જેમ સંવિગ્ન સાધુઓ શાસ્ત્રમાં કહેલી પ્રવૃત્તિથી અન્યથા પ્રવૃત્તિ કરે છે, તેમ અસંવિગ્નોની પ્રવૃત્તિ પણ શાસ્ત્રના વચનથી અન્યથા છે. માટે તે બંનેની પ્રવૃત્તિમાં કોઈ ભેદ નથી. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**आद्यं ज्ञानात्परं मोहाद्विशेषो विशदोऽनयोः ।**
**एकत्वं नानयोर्युक्तं काचमाणिक्ययोरिव ।।८।।**

**અન્વયાર્થ :-**

आद्यं=પ્રથમ=સંવિગ્નનું આચરણ ज्ञानात्=જ્ઞાનથી છે=લાભાલાભનો નિર્ણય કરીને ભગવાનના વચનાનુસાર યથાર્થ બોધથી છે, परं=બીજું= અસંવિગ્નનું આચરણ मोहात्=મોહથી છે=ભગવાનના વચનથી નિરપેક્ષ અંતરમાં ઊઠેલ સ્વમતિકલ્પનારૂપ મોહના પરિણામથી છે. अनयोः=આ બંનેનો=સંવિગ્ન અને અસંવિગ્નના આચરણનો विशदो विशेषः=વિશદ વિશેષ છે=સ્પષ્ટ ભેદ છે. अनयोः=આ બંનેનું काचमाणिक्ययोरिव=કાચ અને માણેકની જેમ एकत्वं=એકત્વ न युक्तं=યુક્ત નથી. ।।૮।।

**શ્લોકાર્થ :-**

**પ્રથમ=સંવિગ્નનું આચરણ, જ્ઞાનથી છે. બીજું=અસંવિગ્નનું આચરણ, મોહથી છે. આ બંનેનો સ્પષ્ટ ભેદ છે. આ બંનેનું કાચ અને માણેકની જેમ એકત્વ યુક્ત નથી. ।।૮।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

आद्यमिति-ज्ञानं=तत्त्वज्ञानम् । मोहो=गारवमग्नता ।।८।।

**ટીકાર્થ :-**

ज्ञानं ..... मग्नता ।। જ્ઞાન=તત્ત્વજ્ઞાન, મોહ=ગારવમગ્નતા. ।।૮।।

**ભાવાર્થ :-**

**સંવિગ્ન અને અસંવિગ્નની પ્રવૃત્તિમાં ભેદના કારણો :-**

શ્લોક સરળ હોવાથી ગ્રંથકારશ્રી શ્લોકના 'જ્ઞાન' અને 'મોહ' શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

જ્ઞાન=તત્ત્વજ્ઞાન અર્થાત્ હિતને અનુકૂળ શાસ્ત્રાનુસારી બોધ.

મોહ=ગારવમગ્નતા અર્થાત્ રસગારવ આદિમાં મગ્ન થઈને જે સ્વમતિ-કલ્પનાઓ કરાય છે, તે ગારવમગ્નતા છે. **।।૮।।**

**શ્લોક :-**

दर्शयद्भिः कुलाचारलोपादामुष्मिकं भयम् ।
वारयद्भिः स्वगच्छीयगृहिणः साधुसङ्गतिम् ।।९।।
द्रव्यस्तवं यतीनामप्यनुपश्यद्भिरुत्तमम् ।
विवेकविकलं दानं स्थापयद्भिर्यथा तथा ।।१०।।
अपुष्टालम्बनोत्सिक्तैर्मुग्धमीनेषु मैनिकैः ।
इत्थं दोषादसंविग्नैर्हहा विश्वं विडम्बितम् ।।११।।

**અન્વયાર્થ :-**

कुलाचारलोपाद्=કુલાચારના લોપથી आमुष्मिकं भयम्=પરલોક સંબંધી ભયને दर्शयद्भिः=દેખાડતા, स्वगच्छीयगृहिणः=સ્વગચ્છના ગૃહસ્થોને साधु-सङ्गतिम्=સાધુની સંગતિનું वारयद्भिः=વારણ કરતા. ।।૯।।

यतीनामपि=સાધુઓને પણ द्रव्यस्तवं उत्तमम् अनुपश्यद्भिः=દ્રવ્યસ્તવ ઉત્તમ છે, એ પ્રમાણે જોતા અર્થાત્ માનતા यथातथा विवेकविकलं दानं स्थापयद्भिः= યથાતથા વિવેકવિકલ દાનને સ્થાપન કરતા. ।।૧૦।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपुष्टालम्बनोत्सिक्तैः=અપુષ્ટ આલંબનથી સિંચાયેલા=અપુષ્ટ આલંબનને ગ્રહણ કરવામાં તત્પર मुग्धमीनेषु मैनिकैः=મુગ્ધ જીવોરૂપી માછલા વિષે માછીમાર જેવા असंविग्नैः=અસંવિગ્નો વડે इत्थं=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે हहा=ખેદની વાત છે કે विश्वं विडम्बितम्=જગત વિડંબિત કરાયું. ।।૧૧।।

**શ્લોકાર્થ :-**

**કુલાચારના લોપથી પરલોક સંબંધી ભયને દેખાડતા, સ્વગચ્છના ગૃહસ્થોને સાધુની સંગતિનું વારણ કરતા, 'યતિઓને પણ દ્રવ્યસ્તવ ઉત્તમ છે' એ પ્રમાણે જોતા=માનતા, યથાતથા વિવેકવિકલ દાનને સ્થાપન કરતા, અપુષ્ટ આલંબનથી સિંચાયેલા=અપુષ્ટ આલંબનને ગ્રહણ કરવામાં તત્પર, મુગ્ધજીવોરૂપી માછલા વિષે માછીમાર જેવા અસંવિગ્નો વડે, આ રીતે ખેદની વાત છે કે વિશ્વ વિડંબિત કરાયું છે ! ।।૯-૧૦-૧૧।।**

**ટીકા :-**

दर्शयद्भिरिति-आमुष्मिकं=प्रेत्य प्रत्यवायविपाकलक्षणम् ।।९।।

**ટીકાર્થ :-**

आमुष्मिकं ..... लक्षणं ।। આમુષ્મિક=પ્રેત્ય=પરલોક સંબંધી, અનર્થ છે વિપાક જેનો એવા સ્વરૂપવાળો અર્થાત્ શ્લોકમાં રહેલ 'आमुष्मिकं भयम्' શબ્દનો અર્થ કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે પરલોકસંબંધી અનર્થ છે વિપાક જેનો એવા સ્વરૂપવાળો ભય કુલાચારના લોપથી બતાવનારા અસંવિગ્નો છે. ।।૯।।

**ટીકા :-**

द्रव्यस्तवमिति-अपिना आगमे यतीनां तन्निषेधो द्योत्यते अनुपश्यद्भिर्मन्यमानैः ।।१०।।

**ટીકાર્થ :-**

अपिना ..... मन्यमानैः ।। આગમમાં યતિને તેનો=દ્રવ્યસ્તવનો, નિષેધ अपिना='अपि'થી=શ્લોકમાં 'यतीनामपि' શબ્દમાં રહેલ 'अपि' શબ્દથી, દ્યોતિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**થાય છે અર્થાત્ 'अपि'થી એ કહેવું છે કે શ્રાવકોને તો દ્રવ્યસ્તવ ઉત્તમ છે તેમ જુએ છે, પરંતુ સાધુને પણ દ્રવ્યસ્તવ ઉત્તમ છે તેમ અસંવિગ્નો જુએ છે; અને 'યતિને પણ જુએ છે' એ કથનથી એ અર્થ દ્યોતિત થાય છે કે સાધુને આગમમાં દ્રવ્યસ્તવનો નિષેધ છે, છતાં અસંવિગ્નો સાધુને પણ દ્રવ્યસ્તવ ઉત્તમ છે તેમ જુએ છે. શ્લોકનાં 'अनुपश्यद्भिः' શબ્દનો અર્થ ટીકામાં 'मन्यमानैः' કર્યો અર્થાત્ અસંવિગ્નો દ્રવ્યસ્તવને ઉત્તમ માને છે. ॥૧૦॥**

**ટીકા :-**

अपुष्टेति-व्यक्तः ॥११॥

**શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી શ્લોક-૧૧ની ટીકા ગ્રંથકારશ્રીએ કરેલ નથી.**

**ભાવાર્થ :-**

**અપુષ્ટ આલંબનને ગ્રહણ કરનાર અસંવિગ્નોની માર્ગ વિરુદ્ધ પ્રરૂપણાથી જગતને થતી વિડંબના :-**

જે અસંવિગ્ન સાધુઓ છે, તેઓ પોતાના ગચ્છને અનુસરનારા શ્રાવકોને સાધુ પાસે જતાં વારણ કરે છે અને કહે છે કે "તમારા કુળનો આચાર છે કે સ્વગચ્છના સાધુને છોડીને અન્ય પાસે જવું જોઈએ નહીં, અને તમે કુલાચારનો લોપ કરશો તો તમને પરલોકમાં નુકસાન થશે; કેમ કે કુલાચાર પણ ધર્મનું અંગ છે." આ રીતે ભય બતાવીને પોતાના પક્ષ પ્રત્યેના શ્રાવકોને પોતાના જ ભક્ત રાખવા માટે યત્ન કરે છે. આવા અસંવિગ્નો વડે વિશ્વ વિડંબિત કરાયું છે, એમ શ્લોક-૧૧ સાથે સંબંધ છે.

વળી કેટલાક અસંવિગ્નો 'સાધુને દ્રવ્યસ્તવ કરવું ઉત્તમ છે' એમ માનીને દ્રવ્યસ્તવની પ્રવૃત્તિઓ કરે છે અને લોકમાં સન્માર્ગનો લોપ કરે છે. તેઓ વડે પણ વિશ્વ વિડંબિત કરાયું છે, તેમ શ્લોક-૧૧ સાથે સંબંધ છે.

વળી કેટલાક અસંવિગ્નો શ્રાવકોને દાન આપવા અંગેના વિષયમાં વિવેકવિકલ દાન આપવાનો ઉપદેશ આપે છે અર્થાત્ સાધુને દાન આપવું જ માત્ર ઉચિત છે, પરંતુ સાધુના કલ્પાકલ્પનો વિચાર કરવો તમારે માટે ઉચિત નથી, એ પ્રમાણે સ્થાપન કરે છે. તેઓ વડે પણ સમગ્ર વિશ્વ વિડંબિત કરાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી કેટલાક અસંવિગ્નો અપુષ્ટાલંબન ગ્રહણ કરીને અપવાદની પ્રવૃત્તિઓ કરનારા છે. તેઓ વડે પણ સમગ્ર વિશ્વ વિડંબિત કરાયું છે.

આવા અસંવિગ્નો માછલા જેવા મુગ્ધ ભોળા જીવોને ફસાવનારા માછીમાર જેવા છે.

આ રીતે માર્ગથી વિરુદ્ધ આચરણા કરવારૂપ દોષો સેવીને તેઓએ જગતને વિડંબિત કર્યું છે. **॥૯-૧૦-૧૧॥**

**અવતરણિકા :-**

**વળી અસંવિગ્નોની અન્ય પણ અનુચિત પ્રવૃત્તિઓ બતાવે છે –**

**શ્લોક :-**

**अप्येष शिथिलोल्लापो न श्राव्यो गृहमेधिनाम् ।**
**सूक्ष्मोऽर्थ इत्यदोऽयुक्तं सूत्रे तद्गुणवर्णनात् ।।१२।।**

**અન્વયાર્થ :-**

**गृहमेधिनाम्=ગૃહસ્થોને सूक्ष्मोऽर्थः=સૂક્ષ્મ અર્થ न श्राव्यः=સંભળાવવો જોઈએ નહીં एषोऽपि=એ પણ शिथिलोल्लापः=શિથિલાચારીઓનો ઉલ્લાપ=વચન છે. इति=એથી=શિથિલાચારીઓનો ઉલ્લાપ=વચન છે એથી अदोऽयुक्तं=આ અયુક્ત છે=ગૃહસ્થોને સૂક્ષ્મ અર્થ ન સંભળાવવો જોઈએ એ વચન અયુક્ત છે; કેમ કે सूत्रे=સૂત્રમાં तद्गुणवर्णनात्=તેના અર્થાત્ ગૃહસ્થના ગુણોનું વર્ણન છે. ।।૧૨।।**

**શ્લોકાર્થ :-**

**'ગૃહસ્થોને સૂક્ષ્મ અર્થ સંભળાવવો જોઈએ નહીં' એ પણ શિથિલાચારીઓનો ઉલ્લાપ છે. એથી આ અયુક્ત છે=આ ઉપર્યુક્ત વચન, અયુક્ત છે; કેમ કે સૂત્રમાં ગૃહસ્થના ગુણોનું વર્ણન છે. ।।૧૨।।**

**ટીકા :-**

**अपीति-एषोऽपि शिथिलानां उल्लापः यदुत न श्राव्यो गृहमेधिनां सूक्ष्मोऽर्थः, इत्यदो वचनमयुक्तं, सूत्रे=भगवत्यादौ तेषां=गृहमेधिनामपि केषाञ्चिद् गुणवर्णनात्,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'लद्धट्ठा गहिअट्ठा' इत्यादिना साधूक्तसूक्ष्मार्थपरिणामशक्तिमत्त्वप्रतिपादनात्, सम्यक्त्वप्रकरणप्रसिद्धोऽयमर्थः ।।१२।।

**ટીકાર્થ :-**

**एषोऽपि ..... प्रसिद्धोऽयमर्थः ।। આ પણ શિથિલાચારીઓનો ઉલ્લાપ છે. તે ઉલ્લાપ જ 'यदुत'થી બતાવે છે –**

**'ગૃહસ્થોને સૂક્ષ્મ અર્થ સંભળાવો જોઈએ નહીં,' એથી=આ શિથિલોનો ઉલ્લાપ છે એથી, આ વચન અયુક્ત છે.**

આ શિથિલોનો ઉલ્લાપ છે, એમ કેમ નક્કી થાય ? તેથી હેતુ કહે છે –

**સૂત્રમાં=ભગવતી આદિમાં, તેઓના=કેટલાક ગૃહસ્થોના, પણ ગુણનું વર્ણન છે='लद्धट्ठा गहिअट्ठा' (ભ. સૂ. ૨/૫/૧૦૭) ઈત્યાદિ વચન દ્વારા સાધુ વડે કહેવાયેલા સૂક્ષ્મ અર્થના પરિણામની શક્તિમત્ત્વનું પ્રતિપાદન છે. આ અર્થ=શ્લોકમાં કથન કર્યું એ અર્થ, સમ્યક્ત્વ પ્રકરણમાં પ્રસિદ્ધ છે=સમ્યક્ત્વ પ્રકરણ ગાથા-૮૯-૯૦-૯૧-૯૨માં પ્રસિદ્ધ છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

### અસંવિગ્નોનો અન્ય પણ અનુચિત ઉલ્લાપ :-

'સાધુઓના સંયમજીવનના સૂક્ષ્મ પદાર્થોને કહેનારાં વચનો શ્રાવકોને સંભળાવવાં જોઈએ નહીં' તેમ શિથિલાચારીઓ કહે છે. વસ્તુતઃ શ્રાવકો તે પદાર્થોમાં તત્ત્વને જાણનારા થાય તો પોતાની શિથિલ પ્રવૃત્તિ જાણીને પોતાનાથી વિમુખ થાય તેવા ભયથી પ્રાયઃ તેઓ આ પ્રકારના ઉલ્લાપો કરે છે; પરંતુ શિથિલાચારીઓનો આ ઉલ્લાપ યુક્ત નથી; કેમ કે શાસ્ત્રમાં કેટલાક શ્રાવકોના ગુણોનું વર્ણન કરાયેલું છે અને કહેવાયું છે કે શ્રાવકો પણ કેટલાક લબ્ધ અર્થવાળા હોય છે, ગૃહીત અર્થવાળા હોય છે, પૃચ્છિત અર્થવાળા હોય છે, અભિગત અર્થવાળા=પૃચ્છાથી પ્રાપ્ત તાત્પર્યવાળા હોય છે અને વિનિશ્ચિત અર્થવાળા=યુક્તિથી નિર્ણીત અર્થવાળા હોય છે.

આશય એ છે કે તેવા પ્રકારના તત્ત્વને જાણવા માટે સમર્થ પ્રજ્ઞાવાળા અને (૧) તત્ત્વના જિજ્ઞાસુ એવા શ્રાવકો સુસાધુ પાસેથી અર્થોનું શ્રવણ કરનારા હોય છે; તેથી (૨) અર્થશ્રવણની ક્રિયાથી લબ્ધ અર્થવાળા હોય છે=શાસ્ત્રોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાત્પર્યને જાણનારા હોય છે; અને (૩) શાસ્ત્રોના તાત્પર્યને જાણ્યા પછી 'આ અર્થ આમ જ છે' એ પ્રકારનું અવધારણ કરનારા હોય છે અર્થાત્ ગૃહીત અર્થવાળા હોય છે; અને આ રીતે (૪) અર્થને ગ્રહણ કર્યા પછી કોઈક સ્થાનમાં સંશય થાય તો ગીતાર્થને તે સ્થાનની પૃચ્છા કરે છે, જેથી સંશય દૂર થાય, તેથી ઉચિત સ્થાને પૃચ્છિત અર્થવાળા છે અને (૫) તે પ્રશ્ન દ્વારા ગીતાર્થ પાસેથી યથાર્થ નિર્ણય કરીને જ્યારે પ્રશ્નનું સમાધાન પ્રાપ્ત કરે છે, ત્યારે અભિગત અર્થવાળા છે=શંકાના નિવારણપૂર્વક યથાર્થ અર્થને જાણનારા છે; અને (૬) તે અર્થને જાણ્યા પછી ઊહ-અપોહ દ્વારા પર્યાલોચન કરીને જ્યારે ઐદંપર્યાર્થને પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ નિશ્ચિત અર્થવાળા છે.

આ પ્રકારનાં શાસ્ત્રવચનોથી, સાધુ વડે કહેવાયેલા સૂક્ષ્મ અર્થના પરિણામની શક્તિવાળા કેટલાક શ્રાવકો છે, તેમ શાસ્ત્રમાં કહેવાયેલું છે. તેથી 'ગૃહસ્થોને સૂક્ષ્મ અર્થ ન કહેવો જોઈએ' તે શિથિલાચારીઓનો ઉલ્લાપ છે. પ્રસ્તુત શ્લોકમાં કહેલું સર્વ વચન 'સમ્યક્ત્વ પ્રકરણ'માં પ્રસિદ્ધ અર્થવાળું છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**વળી શિથિલાચારીઓની અન્ય પણ આચરણા કેવી અનુચિત છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**तेषां निन्दाल्पसाधूनां बह्वाचरणमानिनाम् ।**
**प्रवृत्ताङ्गीकृतात्यागे मिथ्यादृग्गुणदर्शिनी ।।१३।।**

**અન્વયાર્થ :-**

**बह्वाचरण(बह्वाचरित)मानिनां तेषां=બહુઆચરિત અભિમાની એવા તેઓની='બહુ લોકો વડે આચરિત અમે આચરીએ છીએ' એ પ્રકારના અભિમાની એવા અસંવિગ્નોની, अल्पसाधुनां निन्दा=અલ્પ એવા સુસાધુઓની કરાયેલી નિંદા अङ्गीकृतात्यागे=અંગીકૃતનો અત્યાગ કરાયે છતે=મિથ્યાભૂત એવા બહુઆચીર્ણનો અત્યાગ સ્વીકારાયે છતે मिथ्यादृग्गुणदर्शिनी=મિથ્યા-દૃષ્ટિના ગુણને જોનારી प्रवृत्ता=પ્રવૃત્ત છે. ।।૧૩।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**બહુઆચરણ અભિમાની એવા તેઓની=અસંવિગ્નોની, અલ્પ એવા સુસાધુઓની કરાયેલી નિંદા, અંગીકૃતનો અત્યાગ કરાયે છતે=મિથ્યાભૂત એવા બહુઆચીર્ણનો અત્યાગ સ્વીકારાયે છતે, મિથ્યાદષ્ટિના ગુણને જોનારી પ્રવૃત્ત છે. ॥૧૩॥**

નોંધ :- (૧) શ્લોકમાં 'बह्वाचरणमानिनाम्'ના સ્થાને ટીકા પ્રમાણે बह्वाचरितमानिनां પાઠ શ્લોકમાં હોવો જોઈએ, તેમ ભાસે છે. પાઠ ઉપલબ્ધ થયો નથી.

(૨) 'बह्वाचरण(चरित) अभिमानिनां तेषां'માં કર્તૃઅર્થક ષષ્ઠી વિભક્તિ છે અને 'अल्पसाधुनां' માં કર્માર્થક ષષ્ઠી છે.

**ટીકા :-**

**तेषामिति-तेषामसंविग्नानाम्, अल्पसाधूनां=विरलानां यतीनां, बह्वाचरितमानिनां='बहुभिराचीर्णं खलु वयमाचरामः स्तोकाः पुनरेते संविग्नत्वाभिमानिनो दाम्भिका' इत्यभिमानवतां निन्दां, अङ्गीकृतस्य मिथ्याभूतस्यापि बह्वाचीर्णस्यात्यागेऽभ्युपगम्यमाने मिथ्यादृशां गुणदर्शिनी प्रवृत्ता, सम्यग्दृगपेक्षया मिथ्यादृशामेव बहुत्वात् । तदाह –**

"बहुजणपवित्तिमिच्छं(मेत्तं) इच्छंतेण(हिं) इह लोइओ चेव ।
धम्मो न उज्झियव्वो जेण तहिं बहुजणपवित्ती" ।।१।। **।।१३।।**

**ટીકાર્થ :-**

**तेषां ..... बहुजणपवित्ती" ।। બહુઆચરિતમાનીને='બહુ વડે આચરિતને અમે આચરીએ છીએ,' એ પ્રકારના અભિમાનવાળા એવા તેઓની=અસંવિગ્નોની, વળી આ સંવિગ્નત્વના અભિમાની દામ્ભીકો થોડા છે, એ પ્રકારથી થતી અલ્પ સાધુઓની=પરિમિત સાધુઓની નિંદા, અંગીકૃત એવા મિથ્યાભૂત બહુઆચીર્ણનો અત્યાગ સ્વીકારાયે છતે, મિથ્યાદષ્ટિઓના ગુણને જોવામાં પ્રવૃત્ત છે=સંવિગ્ન સાધુઓની કરાયેલી નિંદા મિથ્યાદષ્ટિના ગુણને જોવા માટે પ્રવૃત્ત છે; કેમ કે સમ્યગ્દષ્ટિઓની અપેક્ષાએ મિથ્યાદષ્ટિઓનું જ બહુપણું છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તેને કહે છે=અંગીકૃત મિથ્યાભૂત બહુઆચીર્ણનો અત્યાગ સ્વીકાર કરાયે છતે અસંવિગ્નોની નિંદા મિથ્યાદૃષ્ટિના ગુણને જોનારી છે, એમ પૂર્વમાં કહ્યું તેને ઉપદેશપદ ગાથા-૯૦૯માં કહે છે –**

"બહુજનપ્રવૃત્તિ માત્રને ઈચ્છતા એવા પુરુષોએ અહીં=ધર્મની વિચારણામાં, લૌકિક જ ધર્મ ત્યાગ કરવો જોઈએ નહીં; જે કારણથી તેમાં=લૌકિક ધર્મમાં, બહુજનની પ્રવૃત્તિ છે." **(ઉપદેશપદ, ગાથા-૯૦૯) ।।૧૩।।**

નોંધ :- ઉપદેશપદ પ્રમાણે ઉદ્ધરણમાં 'बहुजण पवित्तिमिच्छं इच्छंतेणं'ના સ્થાને 'बहुजणपवित्तिमेत्तं इच्छंतेहिं' પાઠ છે.

❖ 'मिथ्याभूतस्यापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે અંગીકૃત મિથ્યાભૂત ન હોય તો બહુઆચીર્ણનો અત્યાગ સ્વીકારાયે છતે મિથ્યાદૃષ્ટિના ગુણને જોનારી નિંદા પ્રવૃત્ત નથી, પરંતુ મિથ્યાભૂત પણ બહુઆચીર્ણનો અત્યાગ સ્વીકારાયે છતે અસંવિગ્નોથી કરાતી નિંદા મિથ્યાદૃષ્ટિના ગુણને જોનારી પ્રવૃત્ત છે.

**ભાવાર્થ :-**

**અસંવિગ્ન સાધુઓ દ્વારા સંવિગ્ન સાધુઓની નિંદા :-**

કેટલાક અસંવિગ્ન સાધુઓ સંયમની ક્રિયાઓ શાસ્ત્રવિધિ અનુસાર કરવાના પક્ષપાતવાળા હોતા નથી, પરંતુ ઘણા પ્રમાદી જીવો જે રીતે કરતા હોય તે રીતે કરતા હોય છે; અને વળી પોતાની પ્રવૃત્તિ ઉચિત છે, તેવી બુદ્ધિને ધારણ કરનારા હોય છે; અને વિચારે છે કે "સંવિગ્નત્વના અભિમાનવાળા આ સાધુઓ થોડા છે અને દાંભિક છે, જ્યારે અમે તો ઘણા સાધુઓ વડે જે આચરણ કરાયું છે તે આચરીએ છીએ. આ પ્રકારનું અભિમાન ધારણ કરનારા અસંવિગ્નો, લોકો પાસે અલ્પસંખ્યક સંવિગ્ન સાધુઓની નિંદા કરે છે અર્થાત્ શાસ્ત્રાનુસારી ક્રિયા કરનારા સુવિહિત એવા થોડા પણ સાધુઓની નિંદા કરે છે, અને લોકોને કહે છે કે "જે આચાર બધા પાળતા હોય તે આચાર સેવવો જોઈએ; તેને છોડીને 'અમે સંવિગ્ન છીએ' એમ કહીને પોતાના અભિપ્રાય પ્રમાણે જુદા આચારો જેઓ પાળે છે, તેઓ ધર્મ કરનારા નથી પરંતુ દાંભિકો છે." આવું કહીને અસંવિગ્ન સાધુઓ લોકો પાસે સંવિગ્ન સાધુઓની નિંદા કરે છે. આવા અસંવિગ્નોથી કરાયેલી નિંદા, ઘણા વડે આચરણા કરાયેલ એવા અનુચિત માર્ગનો અત્યાગ સ્વીકારાયે છતે મિથ્યાદૃષ્ટિના ગુણને જોનારી છે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ કે સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ જીવો ઘણા છે, જેમ સમ્યગ્દૃષ્ટિની અપેક્ષાએ મિથ્યાધર્મની પ્રવૃત્તિ કરનારા ઘણા જીવો છે. માટે અસમંજસ એવી પણ ઘણા જીવોની પ્રવૃત્તિ કર્તવ્યરૂપે સ્વીકારવામાં આવે તો મિથ્યાદૃષ્ટિઓનો જ ધર્મ સ્વીકારવાનો પ્રસંગ આવે. તેથી અસંવિગ્નોની મિથ્યાભૂત પણ બહુજનથી આચીર્ણ પ્રવૃત્તિનો અત્યાગ સ્વીકારાય, તો તે મિથ્યાદૃષ્ટિઓના ગુણને જોનારી એવી અસંવિગ્નોની નિંદાની પ્રવૃત્તિ છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૯ થી ૧૩ સુધી અસંવિગ્નોની આચરણા બતાવી. હવે તે આચરણા વર્તમાનના વિષમ કાળને અનુરૂપ છે, તેમ કહીને તે આચરણાઓ માર્ગવિરુદ્ધ છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

इदं कलिरजः पर्वभस्म भस्मग्रहोदयः ।
खेलनं तदसंविग्नराजस्यैवाधुनोचितम् ।।१४।।

**અન્વયાર્થ :-**

इदं=આ कलिरजः=કલિની રજ=કજિયાનું સ્થાન पर्वभस्म=પર્વની ભસ્મ भस्मग्रहोदयः=ભસ્મગ્રહનો ઉદય છે तद्=તે કારણથી असंविग्नराजस्यैव खेलनं= અસંવિગ્નરાજનું ખેલન=અસંવિગ્નના સામ્રાજ્યવાળા સાધુઓની પ્રવૃત્તિ अधुना=હમણાં=વર્તમાનકાળમાં उचितम्=ઉચિત છે. ।।૧૪।।

**શ્લોકાર્થ :-**

**આ કલિની રજ, પર્વની ભસ્મ, ભસ્મગ્રહનો ઉદય છે, તે કારણથી અસંવિગ્નરાજનું ખેલન=અસંવિગ્નના સામ્રાજ્યવાળા સાધુઓની પ્રવૃત્તિ, વર્તમાનકાળમાં ઉચિત છે. ।।૧૪।।**

**ટીકા :-**

इदमिति-व्यक्तः ।।१४।।

**શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા આપેલ નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

## માર્ગવિરુદ્ધ અસંવિગ્નોની પ્રવૃત્તિ કલિકાળને ઉચિત :-

'આ કલિની રજ=કજિયાનું સ્થાન અને પર્વની પ્રવૃત્તિમાં ભસ્મ છે, જે ભસ્મગ્રહના ઉદયરૂપ છે.' તે કારણથી આ કાળમાં અસંવિગ્ન સાધુઓને આ પ્રકારની પ્રવૃત્તિ કરવી ઉચિત છે, એમ કહીને અસંવિગ્નોની આ અનુચિત પ્રવૃત્તિઓ આ કાળને ઉચિત છે અર્થાત્ જેવો આ કાળ ખરાબ છે તેવી તેઓની પ્રવૃત્તિ ખરાબ છે. માટે તે પ્રવૃત્તિ કલ્યાણનું કારણ નથી, એમ કહે છે.

અહીં ભસ્મગ્રહનો ઉદય કેવો છે ? તેના વિશેષણરૂપે આ કલિરજ પર્વભસ્મ છે, એમ કહેલ છે, એમ અમને ભાસે છે. તત્ત્વ બહુશ્રુતો વિચારે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭ના ઉત્તરાર્ધથી આરંભીને શ્લોક-૧૪ સુધી અસંવિગ્નોની અનુચિત આચરણાઓ બતાવી. હવે કેટલાક સાધુ સંસારથી ભય પામેલા છે અને બાહ્ય આચારો સારા સેવનારા છે, તેઓ પણ અજ્ઞાનને કારણે અસંવિગ્નની જેમ અનુચિત પ્રવૃત્તિ કરનારા છે, તે બતાવવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

समुदाये मनाग्दोषभीतैः स्वेच्छाविहारिभिः ।
संविग्नैरप्यगीतार्थैः परेभ्यो नातिरिच्यते ।।१५।।

**અન્વયાર્થ :-**

**समुदाये=સમુદાયમાં मनाग्दोषभीतैः=થોડાક દોષથી ભય પામેલા विहारिभिः= સ્વઈચ્છા પ્રમાણેનો વિહાર કરનારા એવા संविग्नैरप्यगीतार्थैः=સંવિગ્ન પણ અગીતાર્થો વડે परेभ्यः=પરથી=અસંવિગ્નોથી नातिरिच्यते=અધિક થવાતું નથી. ।।૧૫।।**

**શ્લોકાર્થ :-**

**સમુદાયમાં થોડાક દોષથી ભય પામેલા, સ્વઈચ્છા પ્રમાણેનો વિહાર કરનારા એવા સંવિગ્ન પણ અગીતાર્થો વડે, પરથી=અસંવિગ્નોથી અધિક થવાતું નથી. ।।૧૫।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'संविग्नैरप्यगीतार्थैः' - અહીં 'अपि'થી એ કહેવું છે કે બાહ્યાચારપ્રધાન જેઓ નથી તેઓ તો અસંવિગ્નો છે જ, પરંતુ જેઓ બાહ્યાચારપ્રધાન અગીતાર્થ છે, તેઓ પણ અસંવિગ્નોથી અધિક નથી.

**ટીકા :-**

**समुदाय इति-समुदाये मनाग्दोषेभ्य=ईषत्कलहादिरूपेभ्यो भीतैः स्वेच्छाविहारिभिः=स्वच्छन्दचारिभिः, संविग्नैरपि=बाह्याचारप्रधानैरपि, अगीतार्थैः परेभ्योऽसंविग्नेभ्यो=नातिरिच्यते=नाधिकीभूयते ।।१५।।**

**ટીકાર્થ :-**

**समुदाये ..... नाधिकीभूयते ।। સમુદાયમાં થોડાક દોષથી=ઈષદ્ કલહાદિરૂપ દોષથી, ભય પામેલા, સ્વઈચ્છા પ્રમાણે વિહરનારા=સ્વચ્છંદચારી એવા સંવિગ્નો પણ=બાહ્યાચારમાં પ્રધાન સંવિગ્નો પણ, અગીતાર્થો વડે, પર એવા અસંવિગ્નોથી અધિક થવાતું નથી=અસંવિગ્નોની સદૃશ અનુચિત પ્રવૃત્તિ કરનારા થાય છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

**સંસારથી ભયભીત સારા બાહ્યાચાર સેવનારા અગીતાર્થ સાધુઓની અજ્ઞાનને કારણે અસંવિગ્નતુલ્ય અવિવેકમૂલક માર્ગવિરુદ્ધ પ્રવૃત્તિ :-**

કેટલાક સાધુઓ કલ્યાણના અર્થી છે અને બાહ્ય આચારો સારા પાળવાની મનોવૃત્તિવાળા છે, તેથી નિર્દોષ ભિક્ષાચર્યાદિમાં દૃઢ યત્ન કરે છે; પરંતુ સમુદાયમાં થોડા કલહ આદિ થાય છે, વળી ભિક્ષાચર્યાના દોષોનું સેવન પણ થાય છે, તે સર્વનો વિચાર કરીને તેઓ ભય પામે છે કે 'આ બધા દોષોથી આપણા કલ્યાણનો વ્યાઘાત થાય છે.' તેથી સમુદાયમાં રહેવાને બદલે જેઓ સ્વચ્છંદ વિહરણ કરે છે અર્થાત્ ગુણવાન એવા ગીતાર્થને પરતંત્ર રહીને સંયમમાં યત્ન કરતા નથી, પરંતુ સ્વમતિ અનુસાર માત્ર બાહ્ય આચારમાં ઉદ્યમ કરે છે; અને પોતે અગીતાર્થ છે છતાં સાધુના આચારો કઈ રીતે પાળવા જોઈએ, તેટલું જ માત્ર શાસ્ત્રથી જ્ઞાન મેળવીને બાહ્ય આચારમાં રત રહે છે, તેઓ પણ અસંવિગ્નોની અનુચિત આચરણાઓ જેવી અનુચિત આચરણા કરનારા છે; કેમ કે સમુદાયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાચનાદિ દ્વારા જે પ્રકારના સંવેગની વૃદ્ધિ થાય છે તે પ્રકારના સંવેગની વૃદ્ધિથી તેઓ વંચિત રહે છે.

વળી અગીતાર્થ હોવાને કારણે બાહ્યથી સુંદર આચરણા કરનારા હોવા છતાં ગુરુલાઘવનું આલોચન કરવા અસમર્થ હોવાથી ઘણા સ્થાને ભગવાનના શાસનનું માલિન્ય કરનારા પણ બને છે. તેઓ 'અગીતાર્થોએ ગીતાર્થને પરતંત્ર રહીને સર્વ પ્રવૃત્તિ કરવી' એવી ભગવાનની આજ્ઞાનો લોપ કરીને સ્વમતિ અનુસાર વિહરે છે. તેથી બાહ્ય સુંદર આચરણામાત્રથી તેઓ કલ્યાણને પ્રાપ્ત કરી શકતા નથી. વસ્તુતઃ સમુદાયમાં કલહાદિ કે ભિક્ષાદિના જે દોષો છે તેના કરતાં પણ સંવેગની વૃદ્ધિ દ્વારા અને અન્ય ઉચિત સ્થાને ઉચિત પ્રવૃત્તિ કરવા દ્વારા જે નિર્જરા પ્રાપ્ત થાય છે, તે નિર્જરા સ્વચ્છંદવિહારીને પ્રાપ્ત થતી નથી. તેથી તેઓની પ્રવૃત્તિ અવિવેકમૂલક છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૧૫માં સ્થાપન કર્યું કે બાહ્યાચાર સારા પાળનારા એવા અગીતાર્થ સંવિગ્નો પણ અસંવિગ્ન જેવા છે. તેઓ કેમ અસંવિગ્ન જેવા છે ? તેને સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**वदन्ति गृहिणां मध्ये पार्श्वस्थानामवन्द्यताम् ।**
**यथाच्छन्दतयात्मानमवन्द्यं जानते न ते ।।१६।।**

**અન્વયાર્થ :-**

**गृहिणां मध्ये=ગૃહસ્થો મધ્યે=ગૃહસ્થોમાં पार्श्वस्थानामवन्द्यताम्=પાર્શ્વસ્થોની અવંદ્યતાને वदन्ति=તેઓ કહે છે यथाच्छन्दतया=યથાછંદપણાને કારણે आत्मानम्=પોતાને अवन्द्यं=અવંદ્ય ते=તેઓ न जानते=જાણતા નથી. ।।૧૬।।**

**શ્લોકાર્થ :-**

**ગૃહસ્થોમાં પાર્શ્વસ્થોની અવંદ્યતાને તેઓ કહે છે, પરંતુ યથાછંદપણાના કારણે પોતાને અવંદ્ય તેઓ જાણતા નથી. ।।૧૬।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**वदन्तीति-परदोषं पश्यन्ति, स्वदोषं च न पश्यन्तीति महतीयं तेषां कदर्थनेति भावः ।।१६।।**

**ટીકાર્થ :-**

**परदोषं ..... भावः ।।** શ્લોકથી અભિવ્યક્ત થતો અર્થ સ્પષ્ટ કરે છે -

**પરના દોષને જુએ છે અને સ્વદોષને જોતા નથી, એ તેઓની=અગીતાર્થ એવા સંવિગ્નોની, આ મોટી કદર્થના છે, એ પ્રકારનો ભાવ છે=શ્લોકનો તાત્પર્યાર્થ છે. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

**બાહ્યાચાર રાગી અગીતાર્થ સંવિગ્નોની પણ અસંવિગ્નતુલ્ય સ્વચ્છંદ-વિહારીતા :-**

સ્વચ્છંદવિહારી અને બાહ્ય આચારો સારા પાળનારા સાધુઓ શિથિલાચારીઓના આચારોને જોઈને ગૃહસ્થોની આગળ કહે છે કે 'આ સાધુઓ સંયમ ગ્રહણ કરીને સંયમના ઉચિત આચારોમાં પણ સમ્યક્ પ્રયત્ન કરતા નથી, તેથી ભગવાનના વચનથી નિરપેક્ષ પ્રવૃત્તિ કરનારા એવા આ પાસત્થાઓ વંદન કરવાને યોગ્ય નથી.' બાહ્ય આચાર પ્રત્યે રાગ હોવાથી આ પ્રકારની તેઓ પ્રરૂપણા કરે છે; પરંતુ પોતે જેમ બાહ્ય આચારો સુંદર પાળે છે, તેમ 'ભગવાનની પ્રથમ આજ્ઞા ગુણવાનને પરતંત્ર થવાની છે,' તે આજ્ઞાનો લોપ કરે છે અને સ્વચ્છંદચારી બન્યા છે. આવા સાધુઓનો યથાછંદા નામના અવંદ્ય સાધુઓમાં અંતર્ભાવ થાય છે, આમ છતાં પોતે યથાછંદા છે, તેમ તેઓ જાણતા નથી. આ પ્રકારનું અજ્ઞાન તેઓને અનુચિત પ્રવૃત્તિ કરવા માટે પ્રેરણા કરે છે. **।।૧૬।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૫માં કહ્યું કે અગીતાર્થ એવા સ્વચ્છંદવિહારી સંવિગ્નો પણ અસંવિગ્નોથી જુદા નથી. ત્યાં પ્રશ્ન થાય કે અસંવિગ્નો તો અનુચિત પ્રવૃત્તિ કરે છે, જ્યારે સ્વચ્છંદવિહારી એવા સંવિગ્નો તો તપાદિ કઠોર આચરણાઓ કરે છે, છતાં તેઓની આચરણાઓ અસંવિગ્નોની આચરણા જેવી કેમ છે ? તેથી કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

गीतार्थपारतन्त्र्येण ज्ञानमज्ञानिनां मतम् ।
विना चक्षुष्मदाधारमन्धः पथि कथं व्रजेत् ।।१७।।

**અન્વયાર્થ :-**

गीतार्थ पारतन्त्र्येण=ગીતાર્થના પારતંત્ર્યથી अज्ञानिनां=અજ્ઞાનીઓને ज्ञानम् मतम्=જ્ઞાન મનાયું છે. चक्षुष्मदाधारं विना=દેખતા મનુષ્યના આધાર વિના अन्धः=અંધ પુરુષ पथि=માર્ગમાં कथं व्रजेत् ?=કેવી રીતે જાય ? અર્થાત્ જઈ ન શકે. ॥૧૭॥

**શ્લોકાર્થ :-**

**ગીતાર્થના પારતંત્ર્યથી અજ્ઞાનીઓને જ્ઞાન મનાયું છે. દેખતા મનુષ્યના આધાર વિના અંધ પુરુષ માર્ગમાં કેવી રીતે જાય ? અર્થાત્ ન જઈ શકે. ॥૧૭॥**

**ટીકા :-**

गीतार्थेति-मुख्यं ज्ञानं गीतार्थानामेव, तत्पारतन्त्र्यलक्षणं गौणमेव तदगीतार्थानामिति भावः ।।१७।।

**ટીકાર્થ :-**

मुख्यं ..... भावः ।।

શ્લોકથી અભિવ્યક્ત થતા અર્થને સ્પષ્ટ કરે છે –

મુખ્ય જ્ઞાન ગીતાર્થોને જ છે, અને તેના પારતંત્ર્ય સ્વરૂપ=ગીતાર્થના પારતંત્ર્ય સ્વરૂપ, ગૌણ જ તે=જ્ઞાન, અગીતાર્થોને છે, એ ભાવ છે=શ્લોકનું તાત્પર્ય છે. ॥૧૭॥

**ભાવાર્થ :-**

**ગીતાર્થના પારતંત્ર્યથી જ અજ્ઞાનીઓમાં જ્ઞાન :-**

ભગવાનના વચનને ઉચિત સ્થાને સર્વત્ર યોજન કરી શકે તે પ્રકારનો વિશદ બોધ જે સાધુઓને નથી, તેઓ અજ્ઞાની છે. આમ છતાં કલ્યાણનું કારણ એવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન ગીતાર્થના પારતંત્ર્યથી તેમનામાં પ્રગટે છે અર્થાત્ ગીતાર્થના વચનના બળથી 'કલ્યાણના અર્થે મારે કઈ પ્રવૃત્તિ કરવી ઉચિત છે ? અને કઈ પ્રવૃત્તિ કરવી અનુચિત છે ? તેવો નિર્ણય કરી શકે છે. માટે તેવા અજ્ઞાનીઓમાં ગીતાર્થના પારતંત્ર્યથી ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુકૂળ જ્ઞાન છે. જેમ ચક્ષુવાળાના આધાર વિના અંધ પુરુષ માર્ગમાં જઈ શકે નહીં, તેમ અજ્ઞાની પણ ગીતાર્થના પારતંત્ર્ય વિના યોગમાર્ગમાં જઈ શકે નહીં. તેથી ગીતાર્થના પારતંત્ર્યથી પ્રવૃત્તિ-નિવૃત્તિ-નિયામક એવું સમ્યગ્જ્ઞાન તેઓમાં વર્તે છે.

ટીકામાં કહ્યું કે મુખ્ય જ્ઞાન ગીતાર્થને છે અને અગીતાર્થને ગીતાર્થના પારતંત્ર્ય સ્વરૂપ ગૌણ જ જ્ઞાન છે. ત્યાં અગીતાર્થમાં વર્તતો માર્ગાનુસારી બોધ તેઓને ગીતાર્થને પરતંત્ર થવા પ્રેરણા કરે છે, તેથી તેઓના બોધનું કાર્ય ગીતાર્થનું પારતંત્ર્ય છે, તેને જ સમ્યગ્જ્ઞાન કહેલ છે; અને ગીતાર્થના પારતંત્ર્યથી ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુકૂળ જે માર્ગદર્શન પ્રાપ્ત થાય છે, તે જ્ઞાનને શ્લોકમાં ગ્રહણ કરીને 'ગીતાર્થના પારતંત્ર્યથી જ અજ્ઞાનીઓને જ્ઞાન છે,' તેમ કહેલ છે. **||૧૭||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૧૭માં સ્થાપન કર્યું કે ગીતાર્થના પારતંત્ર્યથી અજ્ઞાનીઓને જ્ઞાન છે. હવે જેઓ બાહ્ય સારી આચરણા પાળનારા પણ ગીતાર્થનો ત્યાગ કરે છે, તેઓ અસંવિગ્ન જેવી અનુચિત પ્રવૃત્તિ કરનારા કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

तत्त्यागेनाफलं तेषां शुद्धोञ्छादिकमप्यहो ।
विपरीतफलं वा स्यान्नौभङ्ग इव वारिधौ ।।१८।।

**અન્વયાર્થ :-**

**अहो='अहा'=એ ખેદાર્થક અવ્યય છે तत्त्यागेन=તેના ત્યાગથી=ગીતાર્થના પારતંત્ર્યના ત્યાગથી, तेषां=તેઓના=સંવિગ્નાભાસ એવા બાહ્યઆચારપ્રધાન સાધુઓના शुद्धोञ्छादिकमपि=શુદ્ધ ઉંછાદિ પણ वारिधौ नौ भङ्ग इव=સમુદ્રમાં નૌકાના ભંગની જેમ अफलं=અફળ છે वा=અથવા विपरीत फलं=વિપરીત ફળવાળા स्यात्=છે. ।।૧૮।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્લોકાર્થ :-

**અહો ! તેના ત્યાગથી=ગીતાર્થના પારતંત્ર્યના ત્યાગથી, તેઓના= સંવિગ્નાભાસ એવા બાહ્યાચારપ્રધાન સાધુઓના, શુદ્ધ ઉંછાદિ પણ સમુદ્રમાં નૌકાના ભંગની જેમ અફળ અથવા વિપરીત ફળવાળા છે. ॥૧૮॥**

❖ 'शुद्धोञ्छादिकमपि' - અહીં 'आदि'થી સંયમની અન્ય પણ ઉચિત ક્રિયાઓ ગ્રહણ કરવી, અને 'अपि' થી એ કહેવું છે કે અશુદ્ધ ઉંછાદિ મોક્ષપ્રાપ્તિરૂપ ફળ પ્રત્યે અફળ છે અને વિપરીત ફળવાળા છે, પરંતુ શુદ્ધ ઉંછાદિ પણ મોક્ષપ્રાપ્તિરૂપ ફળ પ્રત્યે અફળ છે અને વિપરીત ફળવાળા છે.

ટીકા :-

**तदिति-तत्त्यागेन=गीतार्थपारतन्त्र्यपरिहारेण तेषां=संविग्नाभासानां शुद्धोञ्छादिकमप्यफलं विपरीतफलं वा स्यात्, वारिधाविव नौभङ्गः ।।१८।।**

ટીકાર્થ :-

**तत्त्यागेन ..... नौभङ्गः ।। તેના ત્યાગથી=ગીતાર્થના પારતંત્ર્યના પરિહારથી, તેઓના=સંવિગ્નાભાસોના=બાહ્યાચારપ્રધાન પરિણામનિરપેક્ષ ક્રિયા કરનારાઓના, શુદ્ધ ઉંછાદિ પણ=શુદ્ધ ભિક્ષાચર્યાની પ્રવૃત્તિ પણ, સમુદ્રમાં નૌકાના ભંગની જેમ અફળ છે અથવા વિપરીત ફળવાળા છે. ॥૧૮॥**

ભાવાર્થ :-

**ગીતાર્થ પારતંત્ર્ય વિનાના નિર્દોષ સંયમના આચારો પણ નિષ્ફળ કે વિપરીત ફળ દેનારા :-**

જે સાધુઓ કલ્યાણના અર્થે બાહ્ય આચારમાત્રમાં રત છે અને સમુદાયમાં થોડાક દોષોને જોઈને ગીતાર્થ સાધુઓના સમુદાયનો ત્યાગ કરે છે અને નિર્દોષ ભિક્ષાચર્યાદિમાં યત્ન કરે છે, તેઓ ગીતાર્થના પારતંત્ર્યના પરિહારને કારણે જે નિર્દોષ ભિક્ષાચર્યાદિની પ્રવૃત્તિ કરે છે, તે સંયમની વૃદ્ધિના ફળવાળી નથી, તેથી અફળ છે; અને અસદ્ગ્રહથી દૂષિત એવી નિર્દોષ ભિક્ષાચર્યાની પ્રવૃત્તિ છે અર્થાત્ સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરવારૂપ અસદ્ગ્રહથી દૂષિત નિર્દોષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિક્ષાચર્યાદિની પ્રવૃત્તિ છે. તેથી તેઓની શુદ્ધ ઉંછાદિની પ્રવૃત્તિ દુરંત સંસારફળવાળી છે, માટે વિપરીત ફળવાળી છે. જેમ સમુદ્રની વચ્ચે નૌકાનો ભંગ થાય તો તે નૌકા ઇષ્ટ સ્થાને પહોંચાડે નહીં, તેથી તે નૌકાનો ભંગ સ્થાને પહોંચાડવા માટે અફળ છે અને સમુદ્રમાં ડૂબવાનું કારણ બને છે. તેથી તે નૌકાનો ભંગ જેમ વિપરીત ફળવાળો છે, તેની જેમ સંવિગ્નપણાના અભિમાનીઓની ગીતાર્થના પારતંત્ર્યથી નિરપેક્ષ, સ્વચ્છંદમતિથી યુક્ત શુદ્ધ ઉંછાદિની પ્રવૃત્તિ પણ સંયમની વૃદ્ધિની અપેક્ષાએ અફળ છે, અને દુરંત સંસારના પરિભ્રમણના ફળની અપેક્ષાએ વિપરીત ફળવાળી છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**यदि नामैतेषां नास्ति ज्ञानं, कथं तर्हि मासक्षपणादिदुष्करतपोऽनुष्ठातृत्वमित्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**જો એઓને=બાહ્યાચારપ્રધાન એવા સંવિગ્ન સાધુઓને, જ્ઞાન નથી, તો માસક્ષમણાદિ દુષ્કર તપ અનુષ્ઠાતૃપણું કેવી રીતે છે ? તેથી કહે છે -**

❖ 'मासक्षपणादि' - અહીં 'आदि'થી પડિલેહણાદિ ક્રિયા, નિર્દોષ ભિક્ષાચર્યા વગેરેનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૭માં બતાવ્યું કે અજ્ઞાનીઓને ગીતાર્થના પારતંત્ર્યથી જ્ઞાન છે. તેથી જે સાધુઓ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા નથી, તેઓ ગીતાર્થને પરતંત્ર હોય તો સમ્યક્ પ્રવૃત્તિને અનુકૂળ જ્ઞાનવાળા છે, અને જો તેઓ ગીતાર્થનું પારતંત્ર્ય ત્યાગ કરે તો સમ્યક્ પ્રવૃત્તિને અનુકૂળ જ્ઞાનવાળા નથી, તેમ ફલિત થાય.

ત્યાં શંકા કરે છે કે જે સાધુઓ ગીતાર્થના પારતંત્ર્યને છોડીને શુદ્ધ આચરણામાં ઉદ્યમ કરે છે, તેઓને જો જ્ઞાન ન હોય તો કલ્યાણના અર્થે માસક્ષમણાદિ દુષ્કર તપ કેમ કરે છે ? અર્થાત્ તેઓને એ જ્ઞાન છે કે આત્મકલ્યાણ કરવું હોય તો માસક્ષમણાદિ દુષ્કર તપો કરવાં જોઈએ, શુદ્ધ આચારસંહિતા પાળવી જોઈએ; અને તેને અનુરૂપ ઉચિત વિધિનું જ્ઞાન તેઓએ શાસ્ત્રથી મેળવેલું છે, અને તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બળથી તેઓ અનુષ્ઠાન કરે છે. તેથી તેઓને જ્ઞાન નથી, એમ કેમ કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**अभिन्नग्रन्थयः प्रायः कुर्वन्तोऽप्यतिदुष्करम् ।**
**बाह्या इवाव्रता मूढा ध्वांक्षज्ञातेन दर्शिताः ।।१९।।**

**અન્વયાર્થ :-**

**प्रायः=ઘણું કરીને अभिन्नग्रन्थयः=અભિન્નગ્રંથિવાળા अतिदुष्करम् कुर्वन्तोऽपि= અતિદુષ્કરને=અતિદુષ્કર એવા માસક્ષમણાદિને કરતા પણ बाह्या इवाव्रताः= બાહ્યની જેમ અવ્રતવાળા=જૈનદર્શનથી બાહ્ય એવા સંન્યાસીઓની જેમ વ્રતપરિણામ રહિત ध्वांक्षज्ञातेन=કાગડાના દૃષ્ટાંતથી मूढाः=અજ્ઞાનાવિષ્ટ दर्शिताः=બતાવાયા છે=શાસ્ત્રમાં બતાવાયા છે. ।।૧૯।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાયઃ અભિન્નગ્રંથિવાળા અતિદુષ્કરને કરતા પણ, બાહ્યની જેમ અવ્રતવાળા=અન્યદર્શનવાળાની જેમ અવ્રતવાળા, કાગડાના દૃષ્ટાંતથી મૂઢ=અજ્ઞાનાવિષ્ટ, બતાવાયા છે. ।।૧૯।।**

❖ 'कुर्वन्तोऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે જે દુષ્કરાદિ તપ ન કરતા હોય તેઓ તો મૂઢ છે, પરંતુ અતિદુષ્કર તપાદિ કરનારા સાધુઓ પણ મૂઢ છે.

**ટીકા :-**

**अभिन्नेति-अभिन्नग्रन्थयः=अकृतग्रन्थिभेदाः प्रायः, कुर्वन्तोऽप्यतिदुष्करं मासक्षपणादिकं बाह्या इवाव्रताः=स्वाभाविकव्रतपरिणामरहिताः, मूढा= अज्ञानाविष्टाः, ध्वांक्षज्ञातेन= वायसदृष्टान्तेन दर्शिताः । यथा हि केचन वायसा निर्मलसलिलपूर्णसरित्परिसरं परित्यज्य मरुमरीचिकासु जलत्वभ्रान्ति-भाजस्ताः प्रति प्रस्थिताः, तेभ्यः केचनान्यैर्निषिद्धाः प्रत्यायाताः सुखिनो बभूवुः, ये च नायातास्ते मध्याह्नार्कतापतरलिताः पिपासिता एव मृताः एवं समुदायादपि मनाग्दोषभीत्या ये स्वमत्या विजिहीर्षवो गीतार्थनिवारिताः प्रत्यावर्तन्ते, तेऽपि**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ज्ञानादिसम्पद्भाजनं भवन्ति, अपरे तु ज्ञानादिगुणेभ्योऽपि भ्रश्यन्तीति । तदिदमाह-**

"पायं अभिन्नगंठी तमाउ तह दुक्करं पि कुव्वंता ।

बज्झव्व ण ते साहू धंखाहरणेण विन्नेया" ।।१।।

**आगमेऽप्युक्तं** 'नममाणा वेगे जीविअं विप्परिणामंति' **। द्रव्यतो नमन्तोऽप्येके संयमजीवितं विपरिणामयन्ति=नाशयन्तीत्येतदर्थः इति ।।१९।।**

**ટીકાર્થ :-**

**अभिन्नग्रन्थयो ..... त्येतदर्थः इति ।। પ્રાયઃ અભિન્નગ્રંથિવાળા=અકૃત ગ્રંથિભેદવાળા, અતિદુષ્કર એવા માસક્ષમણાદિને કરતા, પણ બાહ્યની જેમ અવ્રતવાળા=જૈનદર્શનથી બાહ્ય સંન્યાસીઓની જેમ સ્વાભાવિક વ્રતપરિણામરહિત, ગીતાર્થને અપરતંત્ર એવા સંવિગ્નો કાગડાના દૃષ્ટાંતથી મૂઢ=અજ્ઞાનાવિષ્ટ, બતાવાયા છે=શાસ્ત્રમાં બતાવાયા છે.**

**જે પ્રમાણે કેટલાક કાગડા નિર્મળ પાણીથી પૂર્ણ સરોવરના કિનારાનો ત્યાગ કરીને મૃગજળમાં જલત્વની ભ્રાંતિને ભજનારા, તેના પ્રતિ=મૃગજળ પ્રતિ, પ્રસ્થિત થયા. તેઓમાંથી અન્ય વડે નિષેધ કરાયેલા પાછા ફરેલા કેટલાક સુખી થયા, અને જેઓ પાછા ન આવ્યા તેઓ મધ્યાહ્નમાં સૂર્યના તાપથી વિહ્વળ થયેલા તરસ્યા જ મૃત્યુ પામ્યા. એ રીતે, સમુદાયને જ થોડા દોષના ભયને કારણે સ્વમતિથી છોડવાની ઈચ્છાવાળા=સમુદાયને છોડવાની ઈચ્છાવાળા, જેઓ ગીતાર્થથી નિવારણ કરાયેલા પાછા ફરે છે=સમુદાયને છોડવાની પ્રવૃત્તિથી પાછા ફરે છે, તેઓ પણ જ્ઞાનાદિ સંપત્તિના ભાજન થાય છે. વળી બીજા=જેઓ પાછા ફરતા નથી તેઓ, જ્ઞાનાદિ ગુણથી પણ ભ્રષ્ટ થાય છે.**

**'इति' શબ્દ દાર્ષ્ટાન્તિક યોજનની સમાપ્તિ માટે છે.**

**તે આને કહે છે=શ્લોકમાં જે કહ્યું તે આને 'પંચાશક-૧૭/૩૮માં કહે છે -**

"પ્રાયઃ અભિન્નગ્રંથિ=મિથ્યાદૃષ્ટિ, तमसः=અજ્ઞાનથી, તે પ્રકારના દુષ્કરને પણ કરતા= માસક્ષમણાદિ પ્રકારે દુષ્કર તપને પણ કરતા, બાહ્યની જેમ=કુતીર્થિકોની જેમ, કાગડાના દૃષ્ટાંતથી તેઓ સાધુ જ્ઞાતવ્ય નથી." **(પંચાશક-૧૧/૩૮)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આગમમાં પણ કહેવાયું છે –**

"દ્રવ્યથી નમતા પણ=બાહ્યઆચરણા કરતા પણ, કેટલાક જીવિતને=સંયમજીવનને, વિપરિણામ પમાડે છે." **(આચારાંગ ૬-૪-૧૯૧)**

**આગમના અર્થને સ્પષ્ટ કરે છે –**

**દ્રવ્યથી નમતા પણ કેટલાક=દ્રવ્યથી બાહ્યઆચરણા કરતા પણ કેટલાક સાધુઓ, સંયમજીવિતને=સંયમજીવનને, વિપરિણામ પમાડે છે=નાશ કરે છે, એ પ્રમાણેનો આનો=આગમવચનનો, અર્થ છે.**

**'इति' શબ્દ આચારાંગના ઉદ્ધરણના સ્પષ્ટીકરણની સમાપ્તિમાં છે. ॥૧૯॥**

❖ 'समुदायादपि' - અહીં 'अपि' 'एवकार' અર્થમાં છે.

❖ 'तेऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે જેઓ સમુદાયને છોડીને જવાના પ્રયત્નવાળા નથી, તેઓ તો જ્ઞાનાદિ સંપત્તિના ભાજન થાય છે, પરંતુ જેઓ ગીતાર્થના નિવારણથી સમુદાયમાં પાછા ફર્યા તેઓ પણ જ્ઞાનાદિ સંપત્તિના ભાજન થાય છે.

❖ 'नमन्तोऽप्येके' ઉદ્ધરણમાં રહેલ 'नमन्तोऽप्येके' માં 'अपि'થી એ કહેવું છે કે દ્રવ્યથી આચરણા ન કરતા હોય તેઓ તો સંયમજીવનનો નાશ કરે છે, પરંતુ જેઓ દ્રવ્યથી સારી આચરણા કરે છે, તેઓ પણ સંયમજીવનનો નાશ કરે છે.

**ભાવાર્થ :-**

**ગીતાર્થને છોડી દુષ્કર તપ કરનારા સાધુઓમાં અજ્ઞાનાવિષ્ટતા :-**

જે સાધુઓ ગીતાર્થના પારતંત્ર્યને છોડીને બાહ્ય સારી આચરણાઓ કરે છે, તેઓમાં મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરવાને અનુકૂળ જ્ઞાન નથી, એમ પૂર્વમાં કહ્યું, અને અવતરણિકામાં પ્રશ્ન કર્યો કે જો તેમનામાં જ્ઞાન ન હોય તો દુષ્કર એવી માસક્ષમણાદિ પ્રવૃત્તિઓ તેઓ કેમ કરે છે ? એથી ગ્રંથકારશ્રી બતાવે છે કે જે સાધુઓ ગીતાર્થના પારતંત્ર્યને છોડીને દુષ્કર એવી માસક્ષમણાદિ ક્રિયાઓ કરે છે, તેઓ પ્રાયઃ અભિન્નગ્રંથિવાળા છે અર્થાત્ પ્રાયઃ મિથ્યાદૃષ્ટિ છે, અને દુષ્કર એવા માસક્ષમણાદિને કરવા છતાં અન્યદર્શનવાળા સંન્યાસીઓની જેમ સ્વાભાવિક વ્રતપરિણામરહિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનાથી એ પ્રાપ્ત થાય કે તે સાધુઓને શાસ્ત્રના પરમાર્થને જોવાની સમ્યગ્દર્શનરૂપ નિર્મળ દૃષ્ટિ પ્રગટી નથી, આથી જ માત્ર બાહ્યક્રિયાઓને મોક્ષનું કારણ સ્વીકારે છે. વસ્તુતઃ સંવેગગર્ભ બાહ્ય ક્રિયાઓ મોક્ષનું કારણ છે, અને સંવેગનું પ્રબળ કારણ ગીતાર્થની નિશ્રા છે. તેથી જો ગીતાર્થના સાંનિધ્યમાં રહીને શાસ્ત્રઅધ્યયનાદિ કરત અને સંવેગ વૃદ્ધિ પામત, તો તેઓનું કલ્યાણ થાત; પરંતુ મિથ્યાત્વથી છન્ન બુદ્ધિવાળા હોવાથી તત્ત્વને જોઈ શકતા નથી, તેથી ગીતાર્થના પારતંત્ર્યનો ત્યાગ કરીને બાહ્ય આચારમાત્રમાં તેઓ રત રહે છે. તેથી જેમ અન્ય દર્શનવાળા સંન્યાસીઓ વ્રતના પરિણામથી રહિત છે, તેમ તેવા સાધુઓ જૈનદર્શનની નિર્દોષ ભિક્ષાચર્યાદિ ક્રિયાઓ કરે છે, તોપણ સ્વાભાવિક વ્રતના પરિણામથી રહિત છે. શાસ્ત્રકારોએ તેવા સાધુઓને કાગડાના દૃષ્ટાંતથી મૂઢ કહ્યા છે અર્થાત્ અજ્ઞાનાવિષ્ટ કહ્યા છે અર્થાત્ મોક્ષને અનુકૂળ શું કરવું ઉચિત છે, તેના વિષયમાં તેઓ અત્યંત અજ્ઞાનથી આવિષ્ટ છે, તેમ કહેલ છે. આથી જ મોક્ષના પ્રબળ કારણીભૂત એવા સંવેગના પરિણામની ઉપેક્ષા કરીને માત્ર બાહ્યક્રિયાના બળથી સંસાર તરવાના અર્થી થયા છે; અને તેમાં દૃષ્ટાંત આપે છે –

જેમ કેટલાક કાગડાઓ નિર્મળ પાણીથી પૂર્ણ સરોવરના કિનારાનો ત્યાગ કરીને મૃગજળમાં જળત્વની ભ્રાંતિવાળા મૃગજળ તરફ જાય છે, તેમ આ સાધુઓ પણ નિર્મળ જળના સરોવર જેવા ગીતાર્થના સાંનિધ્યનો ત્યાગ કરીને મૃગજળ જેવી સંવેગના પરિણામ વગરની બાહ્યક્રિયાઓમાં મોક્ષની કારણતાને ગ્રહણ કરીને ગીતાર્થના સાંનિધ્યને છોડવા તત્પર થાય છે; અને જેમ તેમાંના કેટલાક કાગડાઓ અન્ય કાગડાઓ વડે નિષેધ કરાવાથી તે સરોવરના કિનારાને છોડીને અન્યત્ર ગયા નહીં, તેથી સુખી થયા; તેમ જે સાધુઓ કોઈ અન્ય ગીતાર્થ દ્વારા નિવારણ કરાયા, અને તેઓએ સાધુઓને શીખામણ આપી કે 'સમુદાયમાં યત્કિંચિત્ દોષ લાગવા છતાં સંવેગની વૃદ્ધિ દ્વારા અને ગુણવાનની ભક્તિ દ્વારા જે ગુણોની વૃદ્ધિ થાય છે, તે ગુણવૃદ્ધિ માત્ર બાહ્ય આચારોથી થશે નહીં', તેથી તે સાધુઓમાંથી જે કેટલાક આ રીતે સમુદાયને છોડવાની પ્રવૃત્તિથી નિવર્તન પામ્યા, તે સાધુઓ જ્ઞાનાદિની સંપત્તિના ભાજન થયા; અને જેમ જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાગડાઓ તે સરોવરના કિનારાને છોડીને અન્યત્ર ગયા, તેઓ મધ્યાહ્નના તાપથી વિહ્વળ થયેલા પિપાસાથી મૃત્યુ પામ્યા, તેમ જે કેટલાક સાધુઓ ગીતાર્થને છોડીને સ્વચ્છંદ રીતે વિહરણ કરીને બાહ્ય કઠોર આચરણા સેવનારા થયા, તેઓ સંવેગના પરિણામ વગર કઠોર આચરણાથી વિહ્વલિત થઈને સંસારના પરિભ્રમણરૂપ ફળને પામ્યા.

અહીં કહ્યું કે અતિદુષ્કર આચરણા કરનારા સ્વછંદ વિહારી જીવો પ્રાયઃ અભિન્નગ્રંથિ છે. ત્યાં પ્રાયઃ શબ્દથી એ પ્રાપ્ત થાય કે જેઓ પ્રજ્ઞાપનીય છે અને પોતાના ગુરુથી અન્ય સમુદાયના ગીતાર્થોના વચનથી માર્ગમાં આવે છે, તેઓ અભિન્નગ્રંથિ નથી, પરંતુ માર્ગાનુસારી બોધવાળા છે. તેઓની વ્યાવૃત્તિ કરવા અર્થે પ્રાયઃ શબ્દ મૂકેલ છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**માસક્ષમણાદિ દુષ્કર તપ કરનારા અને ગીતાર્થના પારતંત્ર્યને છોડીને જનારા સાધુઓમાં મોક્ષમાર્ગને અનુકૂળ પ્રવૃત્તિ કરવામાં ઉપયોગી એવું સમ્યગ્જ્ઞાન નથી, એમ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે આવા જીવો કઈ રીતે સંયમની આચરણા કરીને પણ મહાપાપનું ભાજન બને છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**वदन्तः प्रत्युदासीनान् परुषं परुषाशयाः ।**
**विश्वासादाकृतेरेते महापापस्य भाजनम् ।।२०।।**

**અન્વયાર્થ :-**

**उदासीनान् प्रति=ઉદાસીન એવા શિક્ષાપરાયણ મધ્યસ્થ સાધુઓ પ્રત્યે परुषं वदन्तः=પરુષને કહેતા परुषाशयाः=પરુષ આશયવાળા એવા एते=આ સાધુઓ आकृते विश्वासाद्=આકારના વિશ્વાસથી=સંયમનો વેશ અને બાહ્ય કઠોર આચરણારૂપ આકૃતિના વિશ્વાસથી महापापस्य भाजनम्=મહાપાપનું ભાજન થાય છે=પરને ઠગવારૂપ મહાપાપનું ભાજન થાય છે. ।।૨૦।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**ઉદાસીન એવા શિક્ષાપરાયણ મધ્યસ્થ સાધુઓ પ્રત્યે પરુષને કહેતા, પરુષ આશયવાળા એવા આ સાધુઓ આકૃતિના વિશ્વાસથી મહાપાપનું ભાજન થાય છે. ।।૨૦।।**

**ટીકા :-**

वदन्त इति-उदासीनान्=मध्यस्थान् शिक्षापरायणान् प्रति, परुषं 'भवन्त एव सम्यक्क्रियां न कुर्वते कोऽयमस्मान् प्रत्युपदेशः' इत्यादिरूपं वचनं, वदन्तः परुषोऽज्ञानावेशादाशयो येषां ते तथा, एते आकृतेराकारस्य, विश्वासान्महापापस्य परप्रतारणलक्षणस्य भाजनं भवन्ति, पामराणां गुणाभासमात्रेणैव स्खलन-सम्भवात् ।।२०।।

**ટીકાર્થ :-**

उदासीनान् ..... सम्भवात् ।। ઉદાસીન=શિક્ષાપરાયણ એવા મધ્યસ્થો પ્રત્યે 'તમે જ સમ્યક્ ક્રિયા કરતા નથી, અમારા પ્રત્યે શું આ ઉપદેશ આપો છો ?' ઇત્યાદિરૂપ પરુષ વચનને બોલતા, પરુષ આશયવાળા=અજ્ઞાનના આવેશથી પરુષ આશય છે જેઓને તેવા છે=પરુષ આશયવાળા છે. આવા પરુષ આશયવાળા આ=આ સાધુઓ, આકૃતિના વિશ્વાસથી= સાધુવેશ અને બાહ્ય કઠોરચર્યારૂપ આકારના વિશ્વાસથી પરને ઠગવારૂપ મહાપાપનું ભાજન થાય છે; કેમ કે પામર જીવોને ગુણાભાસમાત્રથી જ=સાધુના બાહ્યઆચારરૂપ ગુણાભાસમાત્રથી જ, સ્ખલનનો સંભવ છે=આ જ મહાત્માઓ કલ્યાણને અર્થે આશ્રય કરવા યોગ્ય છે, એ પ્રકારનો બોધમાં વિપર્યાસનો સંભવ છે. ।।૨૦।।

**ભાવાર્થ :-**

**બાહ્યાચારી સ્વચ્છંદવિહારીની સંયમની આચરણા પણ મહાપાપનું ભાજન :-**

જે સાધુઓ 'માત્ર બાહ્ય આચાર કલ્યાણનું કારણ છે' તેવા બદ્ધ અભિનિવેશવાળા છે, તેઓ બાહ્ય આચારોને સુંદર પાળવા અર્થે ગીતાર્થોની નિશ્રાને છોડે છે ત્યારે કોઈક મધ્યસ્થ શિક્ષાપરાયણ સાધુઓ તેમને કહે છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સમુદાયને છોડીને ભિક્ષા આદિના દોષોનો પરિહાર તમે કરી શકશો, પરંતુ ગીતાર્થના બળથી શાસ્ત્રના પદાર્થોનો સૂક્ષ્મબોધ અને સંવેગની વૃદ્ધિ સ્વયં પ્રાપ્ત કરી શકશો નહીં." આ પ્રકારના શિક્ષાપરાયણ મધ્યસ્થ સાધુઓ પ્રત્યે તે સાધુઓ પરુષ વચનને કહે છે અર્થાત્ તેઓ શિક્ષાપરાયણ મધ્યસ્થ સાધુઓને કહે છે 'તમે તો સમુદાયમાં રહીને સમ્યક્ ક્રિયાઓ કરતા નથી, તો અમને આ શું ઉપદેશ આપો છો ?' એ પ્રકારે પરુષ વચન કહે છે; અને વળી અજ્ઞાનના આવેશને કારણે તેઓ આ પ્રકારના પરુષ આશયવાળા છે અર્થાત્ 'મોક્ષનું પ્રબળ કારણ સંવેગની વૃદ્ધિ અને ભગવાનની આજ્ઞાનું પાલન છે' તેવો બોધ તેમને નથી, પરંતુ 'માત્ર સ્થૂલ આચારો મોક્ષનું કારણ છે,' એ પ્રકારના વિપરીત જ્ઞાનરૂપ અજ્ઞાન તેઓમાં વર્તે છે; અને તે અજ્ઞાનના આવેશથી મધ્યસ્થ સાધુઓ પ્રત્યે તેઓ પરુષ આશયવાળા છે, અને પોતાની કઠોર આચરણા અને સાધુના વેશના બળથી મહાપાપનું ભાજન બને છે; કેમ કે તેમની બાહ્યઆચરણાઓ જોઈને મુગ્ધ જીવો તેમનાથી પ્રભાવિત થઈને તેમના માર્ગનું અનુસરણ કરે છે, તેથી તે મુગ્ધ જીવો પણ વિપરીત માર્ગ પ્રાપ્ત કરીને વિનાશને પામે છે; અને તેમાં તેઓનું બાહ્ય આચારનું પાલન પ્રબળ કારણ છે. તેથી તેઓની બાહ્ય આચરણા મહાપાપનું કારણ બને છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં બે પ્રકારનો માર્ગ બતાવ્યો, અને તે માર્ગ ઉપર ચાલનારા સુસાધુઓ છે; અને જેઓ અસંવિગ્ન છે, તેઓ તે માર્ગ ઉપર ચાલનારા નથી, તેમ બતાવ્યું. વળી કેટલાક સંવિગ્નાભાસ બાહ્ય કઠોર આચરણા કરનારા હોવા છતાં પણ માર્ગ ઉપર ચાલનારા નથી તેમ બતાવ્યું. હવે સંવિગ્નપાક્ષિક સાધુઓ બે પ્રકારના બતાવાયેલા માર્ગ ઉપર ચાલવામાં સમર્થ નથી, છતાં તે માર્ગને અનુસરનારા છે, તે બતાવવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

**ये तु स्वकर्मदोषेण प्रमाद्यन्तोऽपि धार्मिकाः ।**
**संविग्नपाक्षिकास्तेऽपि मार्गान्वाचयशालिनः ।।२१।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

**તુ=વળી ये=જેઓ स्वकर्मदोषेण=સ્વકર્મના દોષથી=વીર્યાન્તરાય કર્મના ઉદયરૂપ સ્વકર્મના દોષથી प्रमाद्यन्तोऽपि=ક્રિયામાં સિદાતા હોવા છતાં પણ धार्मिकाः=ધર્મમાં રત संविग्नपाक्षिकाः=સંવિગ્નપાક્ષિકો છે तेऽपि=તેઓ પણ मार्गान्वाचयशालिनः=માર્ગની પાછળ લાગેલા સ્વરૂપવાળા છે. ।।૨૧।।**

**શ્લોકાર્થ :-**

**વળી જેઓ સ્વકર્મના દોષથી ક્રિયામાં સિદાતા હોવા છતાં પણ ધર્મમાં રત સંવિગ્નપાક્ષિકો છે, તેઓ પણ માર્ગની પાછળ લાગેલા સ્વરૂપવાળા છે. ।।૨૧।।**

❖ प्रमाद्यन्तोऽपि - અહીં 'अपि'થી એ કહેવું છે કે પ્રમાદ ન કરતા હોય તો તો ધાર્મિક છે, પરંતુ પ્રમાદ કરતા હોય તોપણ ધાર્મિક છે.

❖ 'तेऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે સુસાધુઓ તો માર્ગમાં ચાલનારા છે, પરંતુ તેઓ પણ=સંવિગ્નપાક્ષિકો પણ, માર્ગની પાછળ લાગેલા સ્વરૂપવાળા છે.

**ટીકા :-**

**ये त्विति-ये तु स्वकर्मदोषेण वीर्यान्तरायोदयलक्षणेन, प्रमाद्यन्तोऽपि=क्रियासु अवसीदन्तोऽपि, धार्मिकाः=धर्मनिरताः, संविग्नपाक्षिकाः=संविग्नपक्षकृतः, तेऽपि मार्गस्यान्वाचयो भावसाध्वपेक्षया पृष्ठलग्नतालक्षणः तेन शालन्त इत्येवंशीलाः । तदुक्तं –** 'लब्भिहिसि तेण पहं ति' **।।२१।।**

**ટીકાર્થ :-**

**ये तु ..... पहं ति' ।। વળી જેઓ વીર્યાન્તરાયકર્મના ઉદય સ્વરૂપ સ્વકર્મના દોષથી, પ્રમાદ કરતા પણ=ક્રિયામાં સિદાતા હોવા છતાં પણ, ધાર્મિકો=ધર્મમાં નિરત, સંવિગ્નપાક્ષિકો=સંવિગ્નનો પક્ષ કરનારા છે, તેઓ પણ=તે સંવિગ્નપાક્ષિકો પણ માર્ગની પાછળ ચાલનારા=ભાવસાધુની અપેક્ષાએ પૃષ્ઠલગ્નતા સ્વરૂપ એવો જે માર્ગ તેનાથી યુક્ત છે.**

**તે કહેવાયું છે=સંવિગ્નપાક્ષિકો માર્ગની પાછળ ચાલનારા છે, એમ જે શ્લોકમાં કહ્યું, તે ઉપદેશમાળા ગાથા-૫૨૨માં કહેવાયું છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તેનાથી=સંવિગ્નનો પક્ષપાત કરવાથી, તું પથને પ્રાપ્ત કરીશ=રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરીશ." **(ઉપદેશમાળા ગાથા-૫૨૨)**

**'ત્તિ' ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

**સંવિગ્નપાક્ષિકો માર્ગ પર ચાલવામાં અસમર્થ છતાં માર્ગ પ્રત્યે પક્ષપાતી હોવાથી રુચિ અંશથી માર્ગને અનુસરનારા :-**

જે સાધુઓ સંયમજીવનમાં સ્વકર્મના દોષને કારણે પ્રમાદવાળા છે અર્થાત્ શક્તિના પ્રકર્ષથી ભગવાનના વચનના સ્મરણપૂર્વક સર્વ પ્રવૃત્તિઓ કરતા નથી, પરંતુ પ્રમાદને કારણે કંઈક ત્રુટિવાળી કરે છે; તેઓ સંયમજીવનમાં પ્રમાદવાળા છે, તોપણ ધાર્મિકો છે=ધર્મમાં નિરત છે. તેઓ સંવિગ્નપાક્ષિકો છે=સંવિગ્ન સાધુઓના સંયમજીવન પ્રત્યે પક્ષપાતને કરનારા છે. તેઓ ભગવાને બતાવેલા અને સંવિગ્ન-અશઠ ગીતાર્થોથી આચરાયેલા માર્ગને સેવતા નથી, તોપણ તે માર્ગ પ્રત્યેના પક્ષપાતવાળા હોવાથી રુચિ અંશથી તે માર્ગ પાછળ લાગેલા છે; અને જે કંઈ ત્રુટિત પણ માર્ગની આચરણા કરે છે, ત્યારે પણ શુદ્ધ માર્ગ સેવવા પ્રત્યેનો બદ્ધરાગ વિદ્યમાન છે. તેથી તેઓની આચરણા સર્વવિરતિના માર્ગની પાછળ ચાલનારા એવા માર્ગથી યુક્ત છે અર્થાત્ સર્વવિરતિનો માર્ગ રત્નત્રયીની પરિણતિરૂપ છે, અને આ મહાત્માઓથી સેવાતો માર્ગ જ્ઞાન અને દર્શનની પરિણતિથી યુક્ત છે, જે ભાવિમાં રત્નત્રયીની પ્રાપ્તિનું કારણ બનશે.

અહીં કહ્યું કે સંવિગ્નપાક્ષિકો વીર્યાન્તરાયકર્મના ઉદય સ્વરૂપ સ્વકર્મના દોષથી પ્રમાદ કરે છે.

તેનાથી એ પ્રાપ્ત થાય કે સંવિગ્નપાક્ષિક સાધુઓને સંયમનો રાગ છે, અસંયમનો દ્વેષ છે, આમ છતાં અસંયમનો દ્વેષ અસંયમની પ્રવૃત્તિને શક્તિના પ્રકર્ષથી નિવર્તન કરવા માટે સમર્થ બને એવો ઉત્કટ નથી, તેથી તેઓ સર્વ ઉદ્યમથી સ્વશક્તિ અનુસાર માર્ગમાં યત્ન કરતા નથી. માટે તેઓને માર્ગમાં સુદૃઢ યત્ન કરવાને અનુકૂળ પ્રયત્નમાં સ્ખલના કરાવે એવા ચારિત્રમોહનીય કર્મના ઉદયથી યુક્ત એવો વીર્યાંતરાયકર્મનો ઉદય છે; અને જે સાધુઓને ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી યુક્ત વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ વર્તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તે સાધુઓમાં ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ પ્રત્યે તેવો ઉત્કટ દ્વેષ છે કે જે ઉત્કટ દ્વેષ તે સાધુઓને ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિનું નિવર્તન કરાવે છે, અને ભગવાનના વચનાનુસાર આચરણા કરવામાં તેવો ઉત્કટ રાગ છે કે જે ભગવાનના વચનાનુસાર સુદૃઢ યત્ન કરાવે છે. તેથી અસત્પ્રવૃત્તિનું નિવર્તન કરાવે એવા વિપરીત પ્રવૃત્તિ પ્રત્યે ઉત્કટ દ્વેષવાળા સાધુમાં ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી યુક્ત એવો વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ વર્તે છે; અને સંવિગ્નપાક્ષિકને ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિ પ્રત્યે દ્વેષ હોવા છતાં ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિનું નિવર્તન કરાવે તેવો ઉત્કટ દ્વેષ નથી. માટે સંવિગ્નપાક્ષિકોને ચારિત્રમોહનીયકર્મના ઉદયથી યુક્ત વીર્યાંતરાય-કર્મનો ઉદય વર્તે છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૨૧માં કહ્યું કે સંવિગ્નપાક્ષિકો સુસાધુના માર્ગની પાછળ ચાલનારા છે. તેથી હવે સુસાધુના માર્ગની પાછળ ચાલવારૂપ તેઓનો માર્ગ કેવા સ્વરૂપવાળો છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**शुद्धप्ररूपणैतेषां मूलमुत्तरसम्पदः ।**
**सुसाधुग्लानिभैषज्यप्रदानाभ्यर्चनादिकाः ।।२२।।**

**અન્વયાર્થ :-**

**एतेषां=આમની=સંવિગ્નપાક્ષિકોની शुद्धप्ररूपणा=શુદ્ધ પ્રરૂપણા मूलम्=મૂળ છે=સર્વ ગુણોનું આદ્ય ઉત્પત્તિસ્થાન છે. सुसाधुग्लानिभैषज्यप्रदानाभ्यर्चनादिकाः= સુસાધુની ગ્લાનિમાં ઔષધ પ્રદાન અને પૂજાદિ અર્થાત્ સુસાધુની પૂજાદિ उत्तरसम्पदः=ઉત્તર સંપત્તિ છે=ઉત્કૃષ્ટ સંપત્તિ છે. ।।૨૨।।**

**શ્લોકાર્થ :-**

**આમની=સંવિગ્નપાક્ષિકોની શુદ્ધ પ્રરૂપણા મૂળ છે. સુસાધુની ગ્લાનિમાં ઔષધનું પ્રદાન અને સુસાધુની પૂજાદિ ઉત્તર સંપત્તિ છે=ઉત્કૃષ્ટ સંપત્તિ છે. ।।૨૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'सुसाधुग्लानिभैषज्यप्रदानाभ्यर्चनादिकाः' - અહીં 'आदि' થી સાધ્વાચારની યતનાપૂર્વક કરાતી ક્રિયાનું ગ્રહણ કરવું.

**ટીકા :-**

**शुद्धेति-एतेषां=संविग्नपाक्षिकाणां, शुद्धप्ररूपणैव मूलं=सर्वगुणानामाद्यमुत्पत्तिस्थानं, तदपेक्षयतनाया एव तेषां निर्जराहेतुत्वात् । तदुक्तं –**

"हीणस्स वि सुद्धपरूवगस्स संविग्गपक्खवाइस्स ।
जा जा हविज्ज जयणा सा सा से निज्जरा होइ" ।।१।।

**इच्छायोगसम्भवाच्चात्र नेतराङ्गवैकल्येऽपि फलवैकल्यं, सम्यग्दर्शनस्यैवात्र सहकारित्वात्, शास्त्रयोग एव सम्यग्दर्शनचारित्रयोर्द्वयोस्तुल्यवदपेक्षणात् । तदिदमुक्तं –**

"दंसणपक्खो सावय चरित्तभट्ठे य मंदधम्मे य ।
दंसणचरित्तपक्खो समणे परलोगकंखिमि" ।।१।।

**उत्तरसम्पदः=उत्कृष्टसम्पदश्च सुसाधूनां ग्लानेरपनायकं यद्भैषज्यं तत्प्रदानं चाभ्यर्चनं च तदादिकाः ।।२२।।**

**ટીકાર્થ :-**

**एतेषां ..... तदादिकाः ।। આમની=સંવિગ્નપાક્ષિકોની શુદ્ધ પ્રરૂપણા જ મૂલ છે=સર્વ ગુણોનું આદ્ય ઉત્પત્તિસ્થાન છે; કેમ કે તેની અપેક્ષાએ કરાતી યતનાનું જ=શુદ્ધ પ્રરૂપણારૂપ મૂળ સંપદ્‌ની અપેક્ષાએ કરાતી યતનાનું જ, તેઓને=સંવિગ્નપાક્ષિકોને, નિર્જરાનું હેતુપણું છે.**

**તે કહેવાયું છે=શુદ્ધ પ્રરૂપણારૂપ મૂળ સંપદ્‌ની અપેક્ષાએ કરાતી યતનાનું જ સંવિગ્નપાક્ષિકોને નિર્જરાનું હેતુપણું છે એમ જે પૂર્વમાં કહેવાયું, તે ઉપદેશમાળા ગાથા-૫૨૯માં કહેવાયું છે –**

"હીન પણ શુદ્ધ પ્રરૂપક એવા સંવિગ્નપાક્ષિકની જે જે જયણા છે, તે તે તેની=સંવિગ્નપાક્ષિકની, નિર્જરા છે." **(ઉપદેશમાળા ગાથા-૫૨૯)**

પૂર્વમાં કહ્યું કે સંવિગ્નપાક્ષિકોની શુદ્ધ પ્રરૂપણા મૂળગુણ છે, અને તેમાં હેતુ આપ્યો કે શુદ્ધ પ્રરૂપણારૂપ મૂળ ગુણની અપેક્ષાએ તેઓની યતના નિર્જરાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ છે. ત્યાં પ્રશ્ન થાય કે સંવિગ્નપાક્ષિક સાધુ ભગવાનના વચનાનુસાર સંયમમાં ઉત્થિત નથી તો તેઓની અલ્પયતનાઓ કઈ રીતે નિર્જરાનો હેતુ બને ? તેથી સંવિગ્નપાક્ષિકની નિર્જરા પ્રત્યે અને સુસાધુની નિર્જરા પ્રત્યે કોણ ભેદક છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**"અને અહીં=સંવિગ્નપાક્ષિકમાં, ઈચ્છાયોગનો સંભવ હોવાને કારણે ઈતરાંગના વૈકલ્યમાં પણ=શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિરૂપ ઈતરાંગના વૈકલ્યમાં પણ, ફળવૈકલ્ય નથી=નિર્જરારૂપ ફળનું વૈકલ્ય નથી; કેમ કે અહીં=સંવિગ્ન-પાક્ષિકની યતનાયુક્ત પ્રવૃત્તિથી થતી નિર્જરામાં, સમ્યગ્દર્શનનું જ સહકારીપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શન સહકારી હોવા છતાં સમ્યક્ ચારિત્રનો અભાવ હોવાથી સંવિગ્નપાક્ષિકની ચારિત્રની ક્રિયાથી નિર્જરા કઈ રીતે થઈ શકે ? તેથી હેતુ કહે છે –

**શાસ્ત્રયોગમાં જ સમ્યગ્દર્શન અને ચારિત્ર બંનેનું તુલ્યવદ્ અપેક્ષણ છે=સમાન અપેક્ષા છે.**

**તે આ કહેવાયું છે=ઈચ્છાયોગવાળા સંવિગ્નપાક્ષિકની યતનાયુક્ત પ્રવૃત્તિથી નિર્જરામાં સમ્યગ્દર્શનની અપેક્ષા છે, અને શાસ્ત્રયોગવાળા એવા ચારિત્રીની નિર્જરામાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની સમાન અપેક્ષા છે, એમ જે પૂર્વમાં કહેવાયું, તે આ આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૬૫માં કહેવાયું છે -**

"શ્રાવકનો અને ચારિત્રભ્રષ્ટ મંદધર્મવાળા એવા સંવિગ્નપાક્ષિકોનો દર્શનપક્ષ છે, પરલોકની આકાંક્ષાવાળા સાધુનો દર્શન-ચારિત્ર પક્ષ છે." **(આ.નિ. ગાથા-૧૧૬૫)**

શ્લોકમાં કહેલ સંવિગ્નપાક્ષિકની શુદ્ધ પ્રરૂપણારૂપ મૂળ સંપદ્નું સ્વરૂપ ટીકામાં સ્પષ્ટ કર્યું. હવે સંવિગ્નપાક્ષિકની ઉત્તર સંપદાનું સ્વરૂપ ટીકામાં સ્પષ્ટ કરે છે –

**અને સુસાધુઓની ગ્લાનિને દૂર કરનાર જે ઔષધ, તેનું પ્રદાન અને પૂજા=સુસાધુઓની ભક્તિ, તે છે આદિમાં જેને એવી ઉત્તર સંપદા છે= ઉત્કૃષ્ટ સંપદા છે અર્થાત્ સંવિગ્નપાક્ષિકની ઉત્કૃષ્ટ સંપત્તિ છે. ॥૨૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'नेतराङ्गवैकल्येऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે સંવિગ્નપાક્ષિકો જે યતના કરે છે, તે યતનાના ઇતરાંગનું વૈકલ્ય ન હોય તો તો ફળ પ્રાપ્ત થાય, પરંતુ ઇતરાંગના વૈકલ્યમાં પણ ફળનું વૈકલ્ય નથી. •

નોંધ :- આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણમાં 'सावय चरित्तभट्ठे' ઇત્યાદિ સર્વ શબ્દોમાં વર્તતી સપ્તમી વિભક્તિ ષષ્ઠી અર્થમાં છે, તે પ્રમાણે આવશ્યકનિર્યુક્તિની ટીકામાં સ્પષ્ટ કરેલ છે. તેથી અમે તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

**સંવિગ્નપાક્ષિકોની શુદ્ધપ્રરૂપણા સર્વગુણોનું આદ્ય ઉત્પત્તિસ્થાન :-**

સંવિગ્નપાક્ષિક સાધુવેશમાં છે, પરંતુ ભગવાનના વચનથી નિયંત્રિત સર્વ પ્રવૃત્તિ કરી શકે તેવું સત્ત્વ નથી. તેથી સંવિગ્ન સાધુ કરતાં સંવિગ્નપાક્ષિક નીચલી ભૂમિકામાં છે, તોપણ તેઓ સંવિગ્ન સાધુઓ પ્રત્યે પક્ષપાતવાળા છે; અને આવા સંવિગ્નપાક્ષિકોની શુદ્ધ પ્રરૂપણા જ સર્વ ગુણોનું આદ્ય ઉત્પત્તિસ્થાન છે અર્થાત્ મોક્ષમાર્ગને અનુકૂળ ઉત્તરોત્તર યોગમાર્ગની વૃદ્ધિરૂપ સર્વ ગુણોનું પ્રથમ ઉત્પત્તિસ્થાન છે.

અહીં આદ્ય કહેવાથી એ પ્રાપ્ત થાય કે ઉત્તર સંપદાઓ સર્વ ગુણોનું ઉત્પત્તિસ્થાન છે, પરંતુ શુદ્ધ પ્રરૂપણા આદ્ય ઉત્પત્તિસ્થાન છે.

શુદ્ધ પ્રરૂપણા કેમ આદ્ય ઉત્પત્તિસ્થાન છે ? તેથી કહે છે –

શુદ્ધ પ્રરૂપણારૂપ મૂળ ગુણની અપેક્ષાપૂર્વક તેઓ વડે કરાતી યતના જ તેઓની નિર્જરા પ્રત્યે કારણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જો તેઓ શુદ્ધ પ્રરૂપણા ન કરતા હોય તો તેઓની સંયમની યતના પણ નિર્જરા પ્રત્યે હેતુ બને નહીં. તેથી સંયમની યતના નિર્જરાનું કારણ હોવા છતાં તે નિર્જરાનું આદ્ય ઉત્પત્તિસ્થાન શુદ્ધ પ્રરૂપણા છે, અને આથી આદ્ય ઉત્પત્તિસ્થાન એવી શુદ્ધ પ્રરૂપણા ન હોય તો સંયમની યતનાથી પણ નિર્જરા પ્રાપ્ત થાય નહીં.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષને અનુકૂળ શાસ્ત્રાનુસારી યતનાથી નિર્જરા થઈ શકે, અને સંવિગ્નપાક્ષિક તો શાસ્ત્રાનુસારી યતના કરતા નથી, તેથી તેઓની શુદ્ધ પ્રરૂપણાની અપેક્ષાવાળી યતનાથી નિર્જરા કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવિગ્નપાક્ષિક સાધુઓને શાસ્ત્રાનુસાર અનુષ્ઠાન કરવાની બલવાન ઇચ્છા છે, તેથી તેઓની આચરણામાં ઇચ્છાયોગનો સંભવ છે. તેથી તેઓની યતનામાં કોઈક અંશ શાસ્ત્રાનુસારી હોવાને કારણે અન્ય અંશના વૈકલ્યમાં પણ ફળવૈકલ્ય નથી અર્થાત્ નિર્જરારૂપ ફળ થાય છે; કેમ કે તેઓમાં રહેલ સમ્યગ્દર્શન ગુણ જ શુદ્ધ પ્રરૂપણા કરાવે છે, અને માર્ગ પ્રત્યેનો પક્ષપાત જિવાડે છે. તેથી તેઓની યતનાથી થતી નિર્જરામાં સમ્યગ્દર્શન સહકારી છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંવિગ્નપાક્ષિક સાધકો સંયમની ઉચિત ક્રિયાઓ શાસ્ત્રાનુસારી કરતા નથી, તોપણ શાસ્ત્રાનુસારી કરવાની બલવાન ઇચ્છા છે; અને તે ઇચ્છાથી નિયંત્રિત જે કાંઈ યતનાઓ કરે છે, તેનાથી ચારિત્રમોહનીયકર્મો શિથિલ થાય છે, અને તેથી તેઓને ચારિત્રની પ્રાપ્તિ સુલભ સુલભતર થાય છે. માટે તેઓની સમ્યગ્દર્શનથી યુક્ત એવી આચરણાઓ ચારિત્રનાં પ્રતિબંધક કર્મોની નિર્જરા પ્રત્યે કારણ છે.

અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રાનુસારી ક્રિયા કરનારા યોગીઓ જે રીતે મોહનું ઉન્મૂલન કરીને નિર્જરા કરે છે, તેને અનુરૂપ સંવિગ્નપાક્ષિકોનો યત્ન નહીં હોવાથી, સંવિગ્નપાક્ષિકો ચારિત્રમોહનીયકર્મોની નિર્જરા કઈ રીતે કરી શકે ? તેથી કહે છે –

શાસ્ત્રયોગમાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની તુલ્યવદ્ અપેક્ષા છે અર્થાત્ શાસ્ત્રયોગવાળા યોગીઓ જે નિર્જરા કરે છે, તેવી નિર્જરાની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની સમાન અપેક્ષા છે, પરંતુ ઇચ્છાયોગવાળા યોગીઓને થતી નિર્જરામાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની તુલ્યવદ્ અપેક્ષા નથી. તેથી એ પ્રાપ્ત થાય કે ઇચ્છાયોગવાળા યોગીઓ પોતાની ભૂમિકાની ઉત્તરની ભૂમિકાનાં યોગમાર્ગનાં પ્રતિબંધક કર્મોનો નાશ ઇચ્છાયોગના બળથી કરે છે; તેમાં સમ્યગ્દર્શનથી યુક્ત ઉચિત યતનાની અપેક્ષા છે અને શાસ્ત્રયોગને સેવનારા યોગીઓ પોતે ચારિત્રની ભૂમિકામાં છે, તેનાથી ઉત્તરના ચારિત્રની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોનો નાશ શાસ્ત્રયોગના સેવનના બળથી કરે છે. તેમાં દઢ સમ્યગદર્શન અને જિનવચનાનુસારી સમંયમના સેવનની અપેક્ષા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી સંવિગ્નપાક્ષિક સાધુઓ શુદ્ધ પ્રરૂપણાપૂર્વક જે સંયમની યતનાઓ કરે છે, તેના દ્વારા ચારિત્રમોહનીયકર્મની નિર્જરાને કરે છે, તેમ ઉત્તર સંપદાથી પણ ચારિત્રમોહનીયકર્મની નિર્જરા કરે છે.

અહીં સંવિગ્નપાક્ષિકની ઉત્તરસંપદા શું છે ? તે બતાવે છે –

સુસાધુની ગ્લાનિને દૂર કરનાર ઔષધનું પ્રદાન અને સુસાધુઓની ભક્તિરૂપ ઉત્તરસંપદ્ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંવિગ્નપાક્ષિકને ભગવાનના વચનનો રાગ હોવાથી જેમ શુદ્ધ પ્રરૂપણા કરે છે; તેમ ભગવાનના વચનાનુસાર માર્ગ ઉપર ચાલનારા સુસાધુઓ પ્રત્યે ભક્તિ છે. તેથી કોઈ સાધુ ગ્લાન થયા હોય તો તેમની ગ્લાનિને દૂર કરીને તેમના સંયમજીવનની વૃદ્ધિમાં સહાયક બને છે, અને આ સાધુઓની ભક્તિ કરીને આત્માને કૃતકૃત્ય માને છે. આ સર્વ પ્રવૃત્તિ તેઓમાં વર્તતા સંયમરાગનું કારણ છે, જેના બળથી તેઓ ચારિત્રમોહનીયકર્મને શિથિલ કરે છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**સંવિગ્નપાક્ષિકની અન્ય પણ ઉચિત આચરણા બતાવે છે –**

**શ્લોક :-**

**आत्मार्थं दीक्षणं तेषां निषिद्धं श्रूयते श्रुते ।**
**ज्ञानाद्यर्थान्यदीक्षा च स्वोपसम्पच्च नाहिता ।।२३।।**

**અન્વયાર્થ :-**

**आत्मार्थं=પોતાના માટે=સ્વવૈયાવૃત્ત્યાદિ અર્થે दीक्षणं=દીક્ષા આપવી तेषां=તેઓને=સંવિગ્નપાક્ષિકોને श्रुते=શ્રુતમાં निषिद्धं=નિષિદ્ધ श्रूयते=સંભળાય છે, च=અને ज्ञानाद्यर्थान्यदीक्षा=જ્ઞાનાદિ અર્થે અન્યને દીક્ષા=અપુનર્બંધકાદિને દીક્ષા स्वोपसम्पच्च= અને સ્વઉપસંપત્ नाहिता=અહિતકારિણી નથી. ।।૨૩।।**

**શ્લોકાર્થ :-**

**પોતાના માટે=સ્વવૈયાવૃત્ત્યાદિ અર્થે, દીક્ષા આપવી, તેઓને શ્રુતમાં**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**નિષિદ્ધ સંભળાય છે, અને જ્ઞાનાદિ અર્થે અન્યને દીક્ષા=અપુનર્બંધકાદિને દીક્ષા અને સ્વઉપસંપત્ અહિતકારિણી નથી ।।૨૩।।**

❖ 'ज्ञानाद्यर्थान्यदीक्षा' - અહીં 'आदि'થી દર્શનના અર્થે કે ચારિત્રના અર્થે દીક્ષાનું ગ્રહણ કરવું.

**ટીકા :-**

**आत्मार्थमिति-आत्मार्थं=स्ववैयावृत्त्याद्यर्थं, तेषां=संविग्नपाक्षिकाणां, दीक्षणं श्रुते निषिद्धं श्रूयते, "अत्तट्ठा न वि दिक्खइ" इति वचनात् ज्ञानाद्यर्थाऽन्येषां भावचरणपरिणामवत्पृष्ठभाविनामपुनर्बन्धकादीनां दीक्षा च तदर्थं तेषां स्वोपसम्पच्च नाहितकारिणी, असद्ग्रहपरित्यागार्थमपुनर्बन्धकादीनामपि दीक्षणाधिकारात् । तदुक्तं –**

"सइअपुणबंधगाणं कुग्गहविरहं लहुं कुणइत्ति ।"

**तात्त्विकानां तु तात्त्विकैः सह योजनमप्यस्याचारः । तदुक्तं –** "देइ सुसाहूण बोहेउं ति" **।।२३।।**

**ટીકાર્થ :-**

**आत्मार्थं ..... बोहेउं ति" ।। પોતાને માટે=સ્વવૈયાવૃત્ત્યાદિ અર્થે, દીક્ષા=દીક્ષા આપવી, તેઓને=સંવિગ્નપાક્ષિકોને, શ્રુતમાં નિષિદ્ધ સંભળાય છે; કેમ કે 'પોતાના માટે દીક્ષા આપતા નથી જ' એ પ્રકારનું વચન છે. જ્ઞાનાદિ અર્થે અન્યોને=ભાવચારિત્રના પરિણામવાળાની પાછળ રહેલા અપુનર્બંધકાદિને, દીક્ષા, અને તેના માટે તેઓને=સંવિગ્નપાક્ષિકોને સ્વઉપસંપત્ અહિતકારિણી નથી; કેમ કે અસદ્ગ્રહના પરિત્યાગ અર્થે અપુનર્બંધકાદિને પણ દીક્ષાનો અધિકાર છે.**

**તે કહેવાયું છે=અસદ્ગ્રહના પરિત્યાગ અર્થે અપુનર્બંધકાદિને પણ દીક્ષાનો અધિકાર છે, તે 'પંચાશક'-૨/૪૪માં કહેવાયું છે –**

"સકૃદ્બંધક અને અપુનર્બંધકાદિના કુગ્રહવિરહને શીઘ્ર કરે છે." **(પંચાશક-૨/૪૪)**

**'त्ति' ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તાત્ત્વિકોને વળી=ભાવચારિત્રના પરિણામવાળાને વળી, તાત્ત્વિકોની સાથે=ભાવચારિત્રવાળા સાથે, યોજન પણ આનો=સંવિગ્નપાક્ષિકોનો આચાર છે.**

**તે કહેવાયું છે=તાત્ત્વિક ભાવચારિત્રવાળાને ભાવચારિત્રવાળાની સાથે યોજન કરાવે તેવો આચાર સંવિગ્નપાક્ષિકોનો છે, તે 'ઉપદેશમાળા ગાથા-૫૧૩'માં કહેવાયું છે –**

"બોધ પમાડીને સુસાધુને આપે"

**'त्ति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૨૩॥**

✤ 'स्ववैयावृत्त्याद्यर्थं' - અહીં 'आदि'થી શિષ્યસંપદા માટે, પ્રતિષ્ઠા માટે વગેરેનું ગ્રહણ કરવું.

✤ 'असद्ग्रहपरित्यागार्थमपुनर्बंधकादीनामपि' - અહીં 'आदि'થી સકૃત્બંધકનું ગ્રહણ કરવું અને 'अपि'થી એ કહેવું છે કે જ્ઞાનાદિને માટે સમ્યગ્દષ્ટિને તો દીક્ષા સંવિગ્નપાક્ષિકો આપે, પરંતુ અસદ્ગ્રહના પરિત્યાગ માટે અપુનર્બંધકાદિને પણ દીક્ષા આપે.

**ભાવાર્થ :-**

**સંવિગ્નપાક્ષિકની અન્ય ઉચિત આચરણા :-**

શાસ્ત્રાનુસારી સંયમની ક્રિયા કરી શકે તેવું સંચિત વીર્ય સંવિગ્નપાક્ષિકોને નથી, તોપણ ભગવાનના વચન પ્રત્યેનો સ્થિર રાગ વર્તે છે, અને ભગવાનના વચનાનુસાર સંયમને સેવવાની બળવાન ઇચ્છા વર્તે છે. આથી કોઈ જીવનું અહિત ન થાય તે રીતે સંવિગ્નપાક્ષિકો શુદ્ધ પ્રરૂપણા કરે છે, તેમ પોતાની વૈયાવૃત્ત્ય માટે કોઈને દીક્ષા આપતા નથી; કેમ કે તેમ કરવાથી તે દીક્ષા લેનારા જીવોનું હિત થાય નહીં; પરંતુ જે જીવોનું પોતાની પાસે દીક્ષા લેવાથી હિત થાય તેવી સંભાવના દેખાય, તેવા જીવોને દીક્ષા આપે છે. તેથી પોતાની વૈયાવૃત્ત્ય માટે દીક્ષા આપવાનો સંવિગ્નપાક્ષિકોને શાસ્ત્રમાં નિષેધ સંભળાય છે.

વળી કેટલાક અપુનર્બંધક અને સકૃદ્બંધક જીવો ભાવચારિત્રના પરિણામને સન્મુખભાવવાળા છે. તેઓને શાસ્ત્રનો યથાર્થ બોધ કરાવવા અર્થે સંવિગ્નપાક્ષિકો દીક્ષા આપે છે, અને તેવા અપુનર્બંધકાદિ જીવોને દીક્ષા આપવાને કારણે તેઓને શિષ્યની ઉપસંપદા પણ હોય છે, તે દોષરૂપ નથી; કેમ કે તેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપુનર્બંધકાદિ જીવોને દીક્ષા આપીને ભગવાનના વચનાનુસાર યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. તેથી તે અપુનર્બંધકાદિ જીવોમાં સૂક્ષ્મબોધના અભાવને કારણે જે વિપર્યાસ હોય છે તે દૂર થાય છે, અને શુદ્ધ સંયમ પ્રત્યે રાગ થાય છે. તેથી તેવા અપુનર્બંધકાદિ જીવોના હિત અર્થે સંવિગ્નપાક્ષિકો તેઓને દીક્ષા આપે છે; અને જે જીવો સંવિગ્નપાક્ષિકના ઉપદેશથી તત્ત્વને પ્રાપ્ત કરે છે અર્થાત્ કેવા પ્રકારનું શુદ્ધ સંયમજીવન સેવવાથી આત્મકલ્યાણ થશે તેવો બોધ પ્રાપ્ત કરે છે, તેવા તાત્ત્વિક આરાધક જીવોને પોતાની પાસે દીક્ષા આપતા નથી, પરંતુ તેઓને માર્ગનો યથાર્થ બોધ કરાવીને પરમાર્થથી સંયમજીવનને જીવનારા એવા સુસાધુઓની સાથે યોગ કરાવે છે, જેથી તે સુસાધુઓના સહવાસથી આત્મહિત સાધી શકે.

આ પ્રકારની સંવિગ્નપાક્ષિકની ઉચિત આચરણાથી એ ફલિત થાય કે ભગવાનના વચનનો તીવ્ર રાગ હોવાથી કોઈ જીવનું અહિત થાય તેવી પ્રવૃત્તિ સંવિગ્નપાક્ષિક કરતા નથી. તેથી પોતાની વૈયાવચ્ચ અર્થે પણ કોઈને દીક્ષા આપતા નથી અને પોતાનાથી બોધ પામેલા યોગ્ય જીવોને સુસાધુ પાસે મોકલે છે. ફક્ત જે અપુનર્બંધક કે સકૃદ્બંધક જીવો સૂક્ષ્મબોધને પામ્યા નથી, તેઓને સૂક્ષ્મબોધ પ્રાપ્ત કરાવવા અર્થે અને તેમના હિત અર્થે જ દીક્ષા આપે છે.

અહીં "अपुनर्बंधकादिनां' માત્ર ન કહેતાં 'भावचरणपरिणामवत्पृष्ठभाविनामपुनर्बंधकादीनां' કહ્યું અર્થાત્ ભાવચારિત્રના પરિણામવાળાના પૃષ્ઠભાવી એવા અપુનર્બંધકાદિને દીક્ષા આપે. તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે બધા અપુનર્બંધકાદિને દીક્ષા આપતા નથી, પરંતુ જે અપુનર્બંધકાદિ જીવો કલ્યાણના અર્થે સંપૂર્ણ ધર્મ કરવાની મનોવૃત્તિવાળા થાય છે, તેવા અપુનર્બંધકાદિ ભાવચારિત્રવાળા યોગીઓને અનુરૂપ યમની આચરણા કરવાના પરિણામવાળા છે, પરંતુ સૂક્ષ્મબોધના અભાવને કારણે તે આચરણાઓના પરમાર્થને પામ્યા નથી; આમ છતાં સંયમની આચરણા કરીને આત્મહિત સાધવાના અભિલાષવાળા છે, તેવા અપુનર્બંધકાદિ જીવોને સંવિગ્નપાક્ષિકો દીક્ષા આપે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**સમ્યક્ પ્રકારની કરાયેલી ક્રિયા જ તદપેક્ષિત ફળને આપે છે. સંવિગ્નપાક્ષિક સાધુઓ વીર્યની અલ્પતાના કારણે આવશ્યકાદિ ક્રિયાઓ શાસ્ત્રાનુસારી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી શકતા નથી, તેથી તેઓની ક્રિયા વ્યર્થ થશે, તેવી કોઈને શંકા થાય તેના સમાધાનરૂપે કહે છે –

શ્લોક :-

नावश्यकादिवैयर्थ्यं तेषां शक्यं प्रकुर्वताम् ।
अनुमत्यादिसाम्राज्याद् भावावेशाच्च चेतसः ।।२४।।

અન્વયાર્થ :-

शक्यं प्रकुर्वताम्=શક્યને કરતા=સ્વવીર્યાનુસાર શક્ય આચારને કરતા तेषां=તેઓના=સંવિગ્નપાક્ષિકોના आवश्यकादिवैयर्थ्यं=આવશ્યકાદિનું વૈયર્થ્ય न=નથી; કેમ કે अनुमत्यादिसाम्राज्याद्=અનુમતિ આદિનું સામ્રાજ્ય છે चेतसः भावावेशाच्च=અને ચિત્તનો ભાવાવેશ છે. ।।૨૪।।

શ્લોકાર્થ :-

**શક્યને કરતા તેઓના=સંવિગ્નપાક્ષિકોના, આવશ્યકાદિનું વૈયર્થ્ય નથી; કેમ કે અનુમતિ આદિનું સામ્રાજ્ય છે અને ચિત્તનો ભાવાવેશ છે. ।।૨૪।।**

❖ 'आवश्यकादिवैयर्थ्यं' - અહીં 'आदि'થી નૈમિત્તિક ક્રિયાઓ ગ્રહણ કરવી.

❖ 'अनुमत्यादिसाम्राज्याद्' - અહીં 'आदि'થી કરાવણનું ગ્રહણ કરવું.

ટીકા :-

नेति-आवश्यकादिवैयर्थ्यं च तेषां स्ववीर्यानुसारेण शक्यं स्वाचारं प्रकुर्वतां न भवति, तत्करण एवाचारप्रीत्येच्छायोगनिर्वाहात्, तथाऽनुमत्यादीनां=अनुमोदनादीनां साम्राज्यात्=सर्वथाऽभङ्गात्, चेतसः=चित्तस्य भावावेशादर्थाद्युपयोगाच्च श्रद्धामेधाद्युपपत्तेः ।।२४।।

ટીકાર્થ :-

आवश्यकादिवैयर्थ्यं ..... श्रद्धामेधाद्युपपत्तेः ।।અને સ્વવીર્ય અનુસાર શક્ય સ્વઆચારને કરતા=સાધ્વાચારને કરતા, તેઓના=સંવિગ્નપાક્ષિકોના, આવશ્યકાદિનું વૈયર્થ્ય નથી; કેમ કે તેના કરણમાં જ આચારની પ્રીતિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કારણે ઈચ્છાયોગનો નિર્વાહ છે, અને અનુમતિ આદિનું સામ્રાજ્ય છે=અનુમોદનાદિનો સર્વથા અભંગ છે, અને चेतसः=ચિત્તના, ભાવના આવેશથી અર્થાત્ 'મારે શાસ્ત્રાનુસારી ક્રિયા કરવી છે' એ પ્રકારના ભાવના આવેગથી ક્રિયાકાળમાં અર્થાદિનો ઉપયોગ છે આથી, ક્રિયામાં શ્રદ્ધા-મેધાદિની ઉપપત્તિ છે=ક્રિયામાં શ્રદ્ધા-મેધાદિની વૃદ્ધિની પ્રાપ્તિ છે. ।।૨૪।।**

❖ 'अर्थाद्युपयोगाच्च' - અહીં 'आदि'થી આલંબનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**સંવિગ્નપાક્ષિકોનાં આવશ્યકાદિ વ્યર્થ નથી, તેનાં કારણો નીચે મુજબ છે :-**

**(૧) ઇચ્છાયોગનો નિર્વાહ હોવાથી :-** સંવિગ્નપાક્ષિક સાધુવેશમાં હોય છે, અને સાધ્વાચારની ક્રિયારૂપ આવશ્યકાદિ ક્રિયાઓ કરે છે. જોકે તેઓમાં ભગવાનના વચનના સ્મરણથી નિયંત્રિત સર્વ આચારો કરી શકે તેવું વીર્ય નથી, તોપણ સ્વવીર્ય અનુસાર શક્ય એવા સાધ્વાચારને તેઓ કરે છે. તેથી તેઓનાં સાધ્વાચારની ક્રિયારૂપ આવશ્યકાદિ વ્યર્થ થતાં નથી.

અહીં પ્રશ્ન થાય કે સંયમની ક્રિયા ભગવાને જે રીતે કરવાની કહી છે, તે રીતે બાહ્ય અને અંતરંગ યતનાપૂર્વક કરવામાં આવે તો તે ક્રિયાથી ઉત્તર ઉત્તરના ગુણની વૃદ્ધિ દ્વારા સંયમની વૃદ્ધિ થાય; અને સંવિગ્નપાક્ષિકો ભગવાનના વચનના નિયંત્રણથી તે ક્રિયાઓ કરી શકતા નથી, તેથી તેઓની ક્રિયા ઇષ્ટફળની પ્રાપ્તિનું કારણ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

સ્વવીર્ય અનુસાર શક્યને કરવામાં જ આચાર પ્રત્યેની પ્રીતિ વર્તે છે=ભગવાને જે રીતે આચારો પાળવાના કહ્યા છે તે પ્રકારે આચાર પાળવાની પ્રીતિ વર્તે છે. તેથી તેઓની ક્રિયામાં શાસ્ત્રયોગ નહીં હોવા છતાં ઇચ્છાયોગનો નિર્વાહ થાય છે. માટે તેઓનાં આવશ્યકાદિ વ્યર્થ નથી અર્થાત્ શાસ્ત્રયોગ અનુસાર કરાયેલાં આવશ્યકાદિનું જેવું ફળ છે તેવું ફળ તેઓને પ્રાપ્ત થતું નથી, તોપણ ઇચ્છાયોગથી કરાયેલાં આવશ્યકાદિનું ફળ તેઓને પ્રાપ્ત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શાસ્ત્રયોગને સેવનારા યોગીઓ ઉત્તર ઉત્તરના સંયમના કંડકોની વૃદ્ધિ દ્વારા અસંગભાવની પ્રાપ્તિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે, તેથી તેઓની શાસ્ત્રયોગ અનુસાર સંયમની ક્રિયા અસંગભાવને અનુકૂળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી જીવની પરિણતિનાં પ્રતિબંધક કર્મોના નાશનું કારણ બને છે; અને ઇચ્છાયોગને સેવનારા સંવિગ્નપાક્ષિકો શાસ્ત્રયોગને અભિમુખ એવા ઉત્તર ઉત્તરના ઇચ્છાયોગની વૃદ્ધિ દ્વારા શાસ્ત્રયોગની પ્રાપ્તિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે, તેથી તેઓની ઇચ્છાયોગ અનુસાર સંયમની ક્રિયા શાસ્ત્રયોગને અનુકૂળ એવી જીવની પરિણતિનાં પ્રતિબંધક કર્મોના નાશનું કારણ બને છે. માટે તેઓની આવશ્યકાદિ ક્રિયા વ્યર્થ નથી.

**(૨) અનુમોદનાનું સામ્રાજ્ય હોવાથી :-** વળી જેમ સંવિગ્નપાક્ષિકો સ્વશક્તિ અનુસાર સાધ્વાચારની ક્રિયાઓ કરે છે, તેમ જે સાધુઓ શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરે છે, તેઓના સાધ્વાચારની ક્રિયાની અનુમોદના પણ સદા કરે છે. તેથી સંવિગ્નપાક્ષિકોના ચિત્તમાં સદા અનુમોદનાનું સામ્રાજ્ય વર્તે છે અર્થાત્ ક્યારેય લેશ પણ અનુમોદનાનો ભંગ થતો નથી; કેમ કે 'શક્તિ અનુસાર આવશ્યકાદિ સેવ્યા પછી જે અનુષ્ઠાનસેવનની શક્તિ નથી, તે અનુષ્ઠાનમાં ચિત્તના પ્રતિબંધપૂર્વક સેવનારા પ્રત્યેનો બહુમાનભાવ અભિવ્યક્ત થાય એવી પ્રશંસાની ક્રિયા, એ પારમાર્થિક અનુમોદના છે' અને તે અનુમોદના સંવિગ્નપાક્ષિકમાં પૂર્ણ હોવાથી તેનામાં અનુમોદનાનું સામ્રાજ્ય સદા વર્તે છે.

**(૩) કરાવણનું સામ્રાજ્ય હોવાથી :-** વળી જેમ સંવિગ્નપાક્ષિકો સુસાધુઓના સંયમની યોગ્ય જીવો પાસે અનુમોદના કરે છે, તેમ પોતાની પાસે દીક્ષા ગ્રહણ કરીને આચાર પાળનારા સાધુઓને પણ તે પ્રમાણે શાસ્ત્રાનુસારી ક્રિયા કરવા અર્થે પ્રેરણા કરે છે, પરંતુ પોતાની આચરણા જેવી ત્રુટિત આચરણા કરવાની પ્રેરણા કરતા નથી. તેથી સંવિગ્નપાક્ષિકોમાં શાસ્ત્રાનુસારી ક્રિયા કરાવણનું પણ સામ્રાજ્ય સદા વર્તે છે.

વળી પોતાના ઉપદેશથી જેઓ બોધ પામ્યા છે અને સંયમની સમ્યગ્ આચરણા કરે તેવા સત્ત્વશાળી જીવો છે, તેઓને પોતે દીક્ષા આપતા નથી, પરંતુ સુસાધુની સાથે યોગ કરાવે છે. તે રીતે યોગ્ય જીવોને શુદ્ધ સંયમની ક્રિયા કરાવનારા પણ સંવિગ્નપાક્ષિકો છે. માટે તેઓની આવશ્યકાદિ ક્રિયા વ્યર્થ નથી.

**(૪) શુદ્ધ ક્રિયા કરવાના ભાવનો આવેશ હોવાથી :-** વળી સંવિગ્નપાક્ષિકના ચિત્તમાં શુદ્ધ ક્રિયા કરવાના ભાવનો આવેગ છે. તેથી સંવિગ્નપાક્ષિકો જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વશક્તિ અનુસાર આવશ્યકાદિ ક્રિયાઓ કરે છે, ત્યારે તે તે ક્રિયામાં અર્થ-આલંબન આદિમાં સ્વશક્તિ અનુસાર ઉપયોગ રાખનારા હોય છે. તેથી આવશ્યકાદિ ક્રિયામાં તેઓની જે શ્રદ્ધા-મેધાદિ છે, તે ઉત્તરોત્તર વધતી જતી હોય છે. તેથી તેઓની આવશ્યકાદિ ક્રિયાઓ વધતી જતી શ્રદ્ધા-મેધાદિ ભાવોથી સંવલિત હોવાને કારણે વ્યર્થ નથી.

અહીં વિશેષ એ છે કે (૧) **શ્રદ્ધા :-** સંવિગ્નપાક્ષિકોને ભગવાનના વચનોનો યથાર્થ બોધ છે, તેથી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે. વળી, (૨) **મેધા :-** 'આ ભગવાનનું વચન આ રીતે સેવવાથી વીતરાગતાનું કારણ છે' એવી મેધા પણ છે. વળી (૩) **ધૃતિ :-** તે ભાવોને પ્રગટ કરવા અર્થે સંવિગ્નપાક્ષિકો પોતાની શક્તિ અનુસાર જે કંઈ ઉદ્યમ કરે છે, તે અંશથી તેઓમાં ધૃતિ પણ છે. વળી (૪) **ધારણા :-** અર્થાદિમાં ઉપયોગ રાખીને પ્રવૃત્તિ કરે છે, તેથી ધારણા પણ છે, અને (૫) **અનુપ્રેક્ષા :-** આ ક્રિયા કઈ રીતે ક્ષપકશ્રેણિનું કારણ બનશે, તે પ્રકારનો ઊહ સંવલિત હોય છે, તેથી અનુપ્રેક્ષા પણ છે; અને (૬) **ઉત્તરોત્તર વૃદ્ધિ :-** તે પ્રકારના ભાવોથી યુક્ત આવશ્યકાદિ તેઓ કરે છે ત્યારે, તેઓમાં જે પૂર્વના શ્રદ્ધાદિ ભાવો વિદ્યમાન છે તેનાથી ઉપરની ભૂમિકાના જે શ્રદ્ધાદિ ભાવો તેઓમાં વિદ્યમાન નથી તે અપૂર્વ ભાવોને પ્રાપ્ત કરવા માટે ક્રિયાકાળમાં અર્થાદિના ઉપયોગ દ્વારા પ્રયત્ન વર્તે છે. તેથી તેઓના શ્રદ્ધાદિ ભાવો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને શાસ્ત્રયોગની પ્રાપ્તિને અનુકૂળ શક્તિસંચય કરવાનું કારણ બને તેવા છે.

અહીં શ્લોકમાં કહ્યું કે 'ચિત્તનો ભાવાવેશ છે', અને તેનો અર્થ ટીકામાં 'અર્થાદિનો ઉપયોગ છે', એમ કર્યો. વસ્તુતઃ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાના ભાવના આવેશનું કાર્ય અર્થાદિનો ઉપયોગ છે, તોપણ કાર્યમાં કારણના અભેદનો ઉપચાર કરીને ભાવાવેશને અર્થાદિનો ઉપયોગ કહેલ છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૪માં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે સંવિગ્નપાક્ષિકની આવશ્યકાદિ ક્રિયાઓ વ્યર્થ નથી. ત્યાં પ્રશ્ન થાય કે સંવિગ્નપાક્ષિકો ભાવઆવશ્યક કરી શકતા નથી, અને દ્રવ્યઆવશ્યકની શાસ્ત્રમાં નિંદા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભળાય છે, અને આથી જ કહેવાય છે કે આવી દ્રવ્યક્રિયાઓ જીવે અનંતી વખત કરી, કોઈ હિત થયું નહીં. તેથી સંવિગ્નપાક્ષિકની દ્રવ્યક્રિયા વ્યર્થ નથી, તેમ કઈ રીતે કહી શકાય ? તેના નિવારણ અર્થે કહે છે -

**શ્લોક :-**

**द्रव्यत्वेऽपि प्रधानत्वात्तथाकल्पात्तदक्षतम् ।**
**यतो मार्गप्रवेशाय मतं मिथ्यादृशामपि ।।२५।।**

**અન્વયાર્થ :-**

**तथाकल्पात्=તે પ્રકારનો આચાર હોવાથી=જે પ્રકારે પોતાની શક્તિ છે તે પ્રકારે આચરણ હોવાથી तदक्षतम्=તે અક્ષત છે=સંવિગ્નપાક્ષિકનું આવશ્યક મોક્ષફલ પ્રતિ કારણભાવરૂપે અક્ષત છે.**

અહીં પ્રશ્ન થાય કે સંવિગ્નપાક્ષિક સાધુઓ શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરતા નથી, તેથી તેઓનાં આવશ્યકાદિ અક્ષત છે તેમ કેમ કહેવાય ? તેથી હેતુ કહે છે –

**द्रव्यत्वेऽपि प्रधानत्वात्=દ્રવ્યપણું હોવા છતાં પણ પ્રધાનપણું છે=તેઓની આવશ્યકાદિ ક્રિયામાં દ્રવ્યપણું હોવા છતાં પણ, ભાવકારણપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યક્રિયાની તો શાસ્ત્રકારોએ નિંદા કરી છે, તેથી દ્રવ્યક્રિયા હોવા છતાં તે ક્રિયાને અક્ષત કેમ કહી ? તેથી કહે છે –

**यतः=જે કારણથી मार्गप्रवेशाय=માર્ગપ્રવેશ માટે मिथ्यादृशामपि मतम्=મિથ્યાદૃષ્ટિઓને પણ મનાયું છે=મિથ્યાદૃષ્ટિઓને પણ દ્રવ્યઆવશ્યક આપવાનું ગીતાર્થો વડે સ્વીકારાયું છે. ।।૨૫।।**

**શ્લોકાર્થ :-**

**તે પ્રકારનો આચાર હોવાથી તે અક્ષત છે=સંવિગ્નપાક્ષિકનું આવશ્યક અક્ષત છે; કેમ કે દ્રવ્યપણું હોવા છતાં પણ પ્રધાનપણું છે; જે કારણથી માર્ગપ્રવેશ માટે મિથ્યાદૃષ્ટિઓને પણ મનાયું છે=દ્રવ્યઆવશ્યક આપવાનું ગીતાર્થો વડે સ્વીકારાયું છે. ।।૨૫।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'द्रव्यत्वेऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે સંવિગ્નપાક્ષિકની આચરણામાં દ્રવ્યપણું ન હોય તો તો તેમની આચરણા અક્ષત છે, પરંતુ દ્રવ્યપણું હોવા છતાં પણ પ્રધાનપણું હોવાને કારણે તેમની આચરણા અક્ષત છે.

❖ 'मिथ्यादृशामपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે સમ્યગ્દૃષ્ટિને તો ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિ માટે ગીતાર્થોએ આવશ્યક આપવાનું સ્વીકાર્યું છે, પરંતુ મિથ્યાદૃષ્ટિઓને પણ સમ્યગ્દર્શનરૂપ માર્ગમાં પ્રવેશ કરાવવા માટે ગીતાર્થો વડે આવશ્યક આપવાનું સ્વીકારાયું છે.

**ટીકા :-**

**द्रव्यत्वेऽपीति-तदावश्यकस्य भावसाध्वपेक्षया द्रव्यत्वेऽपि प्रधानत्वाद्= इच्छाद्यतिशयेन भावकारणत्वाद् द्रव्यपदस्य क्वचिदप्रधानार्थकत्वेन क्वचिच्च कारणार्थकत्वेनानुयोगद्वारवृत्तौ व्यवस्थापनात् तथाकल्पात्=तथाचारात्, तदावश्यकं, तेषामक्षतं, यतो मार्गप्रवेशाय मिथ्यादृशामपि तदावश्यकं मतं= गीतार्थैरङ्गीकृतं, अभ्यासरूपत्वात्, अस्खलितत्वादिगुणगर्भतया द्रव्यत्वोप- वर्णनस्यैतदर्थद्योतकत्वाच्च ।।२५।।**

**ટીકાર્થ :-**

**तदावश्यकस्य ..... तदर्थद्योतकत्वाच्च ।। તદ્આવશ્યકનું=તેના આવશ્યકનું=સંવિગ્નપાક્ષિકના આવશ્યકનું, ભાવસાધુની અપેક્ષાએ દ્રવ્યપણું હોવા છતાં પણ પ્રધાનપણું હોવાને કારણે=ઇચ્છાદિના અતિશયથી ભાવઆવશ્યકનું કારણપણું હોવાને કારણે तथाकल्पात्=તે પ્રકારની આચરણા હોવાથી=જે પ્રકારે પોતાની શક્તિ છે તે પ્રકારે આચરણા હોવાથી, તેઓનું= સંવિગ્નપાક્ષિકનું, તે=આવશ્યક, અક્ષત છે=મોક્ષફલ પ્રતિ કારણભાવરૂપે અક્ષત છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યઆવશ્યક નિષ્ફળ છે, તે બતાવવા માટે આ ક્રિયા દ્રવ્યક્રિયા છે તેમ કહેવાય છે. તેથી તેવી દ્રવ્યક્રિયાને ભાવઆવશ્યકનું કારણપણું કઈ રીતે કહેવાય ? તેમાં હેતુ કહે છે –

**દ્રવ્યપદનું કોઈક સ્થાને અપ્રધાનઅર્થકપણાથી અને કોઈક સ્થાને કારણઅર્થકપણાથી અનુયોગદ્વારની વૃત્તિમાં વ્યવસ્થાપન છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યઆવશ્યક એ શાસ્ત્રાનુસારી ક્રિયા નથી, તેથી તે ક્રિયા કઈ રીતે મોક્ષને અનુકૂળ નિર્જરાનું કારણ બને ? તેથી કહે છે –

**જે કારણથી માર્ગપ્રવેશ માટે મિથ્યાદૃષ્ટિઓને પણ તે આવશ્યક મનાયું છે=ગીતાર્થો વડે આપવાનું સ્વીકારાયું છે.**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સંવિગ્નપાક્ષિકનું તે પ્રકારે આચરણ હોવાને કારણે તેઓનું આવશ્યક અક્ષત છે. ત્યાં પ્રશ્ન થાય કે નિર્જરા પ્રત્યે પરિણામ કારણ છે, ક્રિયાઓ નહીં, અને પ્રધાન દ્રવ્યઆવશ્યકમાં પણ ક્રિયાઓની પ્રધાનતા છે, પરિણામની ગૌણતા છે. તેથી પ્રધાન એવી પણ દ્રવ્યક્રિયાઓ કઈ રીતે નિર્જરાનું કારણ બને ? અર્થાત્ બને નહીં. તેથી સંવિગ્નપાક્ષિકની ક્રિયાઓ અક્ષત કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**अभ्यासरूपत्वात्=અભ્યાસરૂપપણું છે=સંવિગ્નપાક્ષિકની આવશ્યક ક્રિયામાં ભાવઆવશ્યકની નિષ્પત્તિને અનુકૂળ અભ્યાસરૂપપણું છે.**

સંવિગ્નપાક્ષિકની ક્રિયા અભ્યાસરૂપ હોવાને કારણે અક્ષત છે, એમ સ્થાપન કર્યું. હવે અનુયોગદ્વારમાં આગમથી દ્રવ્યઆવશ્યક શું છે ? તે બતાવવા માટે જે કથન કર્યુ છે, તેના વચનથી પણ સંવિગ્નપાક્ષિકની આવશ્યક ક્રિયા અક્ષત છે, તે બતાવવા માટે બીજો હેતુ કહે છે –

**અને અસ્ખલિતત્વાદિ ગુણગર્ભપણાથી દ્રવ્યત્વના ઉપવર્ણનનું= અસ્ખલિતત્વાદિ ગુણગર્ભપણાથી કરાતી આવશ્યક ક્રિયામાં દ્રવ્યત્વના ઉપવર્ણનનું, આ અર્થદ્યોતકપણું છે=સંવિગ્નપાક્ષિકની દ્રવ્યક્રિયા ભાવ-આવશ્યકનું કારણ હોવાથી અક્ષત છે, એ અર્થનું દ્યોતકપણું છે. ॥૨૫॥**

❖ 'इच्छाद्यतिशयेन' - અહીં 'आदि' પદથી ક્રિયાકાળમાં થતો હર્ષ, ધૃતિ આદિ ભાવોનું ગ્રહણ કરવું.

❖ 'अस्खलितत्वादि' - અહીં 'आदि'થી અમીલિતત્ત્વાદિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :–**

**સંવિગ્નોનું પ્રધાન દ્રવ્ય આવશ્યક :–**

સંવિગ્નપાક્ષિકો સાધ્વાચારની આવશ્યકાદિ ક્રિયાઓ કરે છે, છતાં તે ક્રિયાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રવિધિ અનુસાર નહીં હોવાને કારણે દ્રવ્યક્રિયા છે, માટે તે ક્રિયાઓનું ફળ મળશે નહીં. એ પ્રકારની કોઈની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

સંવિગ્નપાક્ષિક સાધુઓ સ્વશક્તિ અનુસાર શાસ્ત્રવિધિને લક્ષ્યમાં રાખીને આચરણા કરનાર હોવાથી તેઓનું આવશ્યક અક્ષત છે=મોક્ષને અનુકૂળ નિર્જરાનું કારણ છે અર્થાત્ ભાવઆવશ્યક કરવાથી જેવી નિર્જરા થાય તેવી નિર્જરા સંવિગ્નપાક્ષિકને દ્રવ્યઆવશ્યકથી થતી નથી, તોપણ જે અંશમાં ભાવઆવશ્યકને અભિમુખ ભાવ છે, તે અંશથી તે દ્રવ્યઆવશ્યક મોક્ષને અનુકૂળ નિર્જરાનું કારણ છે; કેમ કે સંવિગ્નપાક્ષિકનું દ્રવ્યઆવશ્યક હોવા છતાં પ્રધાન દ્રવ્ય-આવશ્યક છે.

'દ્રવ્યઆવશ્યક જીવે અનંતીવાર કર્યું અને તેના બળથી નવમું ગ્રૈવેયક અનંતીવાર પ્રાપ્ત કર્યું, પરંતુ સંસારનું પરિભ્રમણ અટક્યું નહીં. તેથી દ્રવ્યઆવશ્યકથી જીવનું કંઈ હિત થયું નહીં.' આ પ્રકારના વચનથી દ્રવ્યઆવશ્યકની નિંદા શાસ્ત્રકારોએ કરી છે. તેથી સંવિગ્નપાક્ષિકનું દ્રવ્યઆવશ્યક અક્ષત છે, એમ કેમ કહી શકાય ? એ પ્રકારની કોઈને શંકા થાય તેના નિરાકરણ માટે કહે છે –

જે કારણથી માર્ગપ્રવેશ માટે મિથ્યાદૃષ્ટિઓને પણ તે આવશ્યક આપવાનું ગીતાર્થોએ સ્વીકાર્યું છે, તેથી મિથ્યાદૃષ્ટિઓનું પણ તે આવશ્યક જો મોક્ષને અનુકૂળ એવી નિર્જરાનું લેશથી પણ કારણ ન થતું હોય તો ગીતાર્થો તેને આપવાનું સ્વીકારે નહીં; અને શાસ્ત્રકારો કહે છે કે 'મિથ્યાદૃષ્ટિને પણ માર્ગપ્રવેશ માટે ગીતાર્થો આવશ્યક આપે છે.' તેથી અર્થથી ફલિત થાય કે તેવા મિથ્યાદૃષ્ટિ તે આવશ્યક દ્વારા મોક્ષમાર્ગની પ્રાપ્તિને અનુકૂળ નિર્જરા કરે છે, માટે જ ગીતાર્થો તેને આવશ્યક આપે છે; અને જો મિથ્યાદૃષ્ટિને પણ તે આવશ્યકની આચરણાથી મોક્ષમાર્ગની પ્રાપ્તિને અનુકૂળ નિર્જરા થતી હોય, તો સમ્યગ્દૃષ્ટિ એવા સંવિગ્નપાક્ષિકને પણ તે આવશ્યકથી મોક્ષને અનુકૂળ એવી નિર્જરા અવશ્ય થાય. માટે શાસ્ત્રમાં જે દ્રવ્યઆવશ્યકની નિંદા કરી છે, તે દ્રવ્યઆવશ્યક અપ્રધાનઅર્થક છે, અને જે દ્રવ્યઆવશ્યક ભાવઆવશ્યકનું કારણ છે, તેવા દ્રવ્યઆવશ્યકની શાસ્ત્રકારોએ નિંદા કરી નથી; પરંતુ કહ્યું છે કે ભાવઆવશ્યકના અર્થી જીવોએ અભ્યાસરૂપે પ્રધાન દ્રવ્યઆવશ્યક સેવીને શક્તિસંચય કરવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ, જેથી ક્રમે કરીને ભાવઆવશ્યકની પ્રાપ્તિ થાય. માટે સંવિગ્નપાક્ષિકનું દ્રવ્યઆવશ્યક મોક્ષને અનુકૂળ નિર્જરા પ્રત્યે કારણરૂપે અક્ષત છે.

અહીં ટીકામાં કહ્યું કે સંવિગ્નપાક્ષિકનું આવશ્યક ભાવસાધુની અપેક્ષાએ દ્રવ્યઆવશ્યક હોવા છતાં પ્રધાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ભાવસાધુ ભગવાનના વચનના સ્મરણથી નિયંત્રિત પ્રવૃત્તિ કરીને આવશ્યક ક્રિયાઓ કરે છે, તેથી જે પ્રકારના પરિણામથી સંવલિત આવશ્યક ક્રિયા કરવાની છે, તે પ્રકારના પરિણામથી સંવલિત આવશ્યક ક્રિયા ભાવસાધુઓ કરે છે; અને તેવી આવશ્યક ક્રિયા સંવિગ્નપાક્ષિક સાધુ કરી શકતા નથી, તેથી સંવિગ્નપાક્ષિકની આવશ્યક ક્રિયામાં ભાવસાધુના પરિણામ જેવા પરિણામનો અભાવ હોવાથી તેઓની આવશ્યક ક્રિયાને દ્રવ્યઆવશ્યક કહેલ છે. આમ છતાં સંવિગ્નપાક્ષિકની આવશ્યક ક્રિયા મોક્ષને અનુકૂળ સંવેગાદિ ભાવોથી સર્વથા રહિત નથી, તેથી તે અપેક્ષાએ વિચારીએ તો સંવિગ્નપાક્ષિકની આવશ્યક ક્રિયા દ્રવ્યઆવશ્યક નથી, પરંતુ મોક્ષને અનુકૂળ ભાવોથી યુક્ત આવશ્યક ક્રિયા છે; તોપણ ભાવસાધુની અપેક્ષાએ વિચારીએ તો તેમના જેવી ક્રિયા નહીં હોવાથી સંવિગ્નપાક્ષિકની ક્રિયા દ્રવ્યઆવશ્યક છે. આ બતાવવા માટે તેમનું આવશ્યક દ્રવ્યઆવશ્યક છે એમ ન કહેતાં ભાવસાધુની અપેક્ષાએ દ્રવ્યઆવશ્યક છે, તેમ કહેલ છે.

इच्छाद्यतिशयेन ..... અહીં ટીકામાં કહ્યું કે સંવિગ્નપાક્ષિકનું આવશ્યક ભાવસાધુની અપેક્ષાએ દ્રવ્યઆવશ્યક છે, તોપણ પ્રધાન હોવાને કારણે નિષ્ફળ નથી. અને તે દ્રવ્યઆવશ્યકમાં પ્રધાનપણું શું છે તે સ્પષ્ટ કરતાં કહ્યું કે ઇચ્છાદિના અતિશયને કારણે તે દ્રવ્યઆવશ્યક ભાવઆવશ્યકનું કારણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે (૧) સંવિગ્નપાક્ષિક સાધુઓને ભાવઆવશ્યક કરવાની ઇચ્છાનો અતિશય છે. વળી (૨) ભાવઆવશ્યક કેવા સ્વરૂપવાળું છે, તેનો યથાર્થ બોધ છે, અને (૩) પોતાનું આવશ્યક ભાવઆવશ્યક થાય તદર્થે શક્તિસંચય માટે વિધિમાં કંઈક યત્ન પણ કરે છે, અને (૪) ધૃતિપૂર્વક તેની નિષ્પત્તિ માટે ઉદ્યમ પણ કરે છે. તેથી તેમનું દ્રવ્યઆવશ્યક ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ભાવઆવશ્યકનું કારણ બને છે, માટે પ્રધાન દ્રવ્યઆવશ્યક છે અર્થાત્ જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનું કારણ હોય તે દ્રવ્ય કહેવાય. એ વ્યુત્પત્તિથી ભાવઆવશ્યકનું કારણ બને તેવું આવશ્યક સંવિગ્નપાક્ષિકનું છે.

अस्खलितत्वादि ..... પૂર્વે કહ્યું કે સંવિગ્નપાક્ષિકની તે પ્રકારની આચરણા હોવાથી તેઓનું આવશ્યક અક્ષત છે. તેમાં યુક્તિ આપી કે સંવિગ્નપાક્ષિકનું દ્રવ્યઆવશ્યક ભાવઆવશ્યકની નિષ્પત્તિને અનુકૂળ અભ્યાસરૂપ છે, માટે અક્ષત છે. હવે અનુયોગદ્વારમાં અસ્ખલિતત્વાદિ ગુણગર્ભપણાથી દ્રવ્યઆવશ્યક છે, એ પ્રકારનું વર્ણન કર્યું છે, એ પણ સંવિગ્નપાક્ષિકનું દ્રવ્યઆવશ્યક નિષ્ફળ નથી, એ અર્થનું દ્યોતક છે; કેમ કે અનુયોગદ્વારમાં આગમથી દ્રવ્યઆવશ્યક શું છે, તેની વિચારણા કરતાં કહેલ છે કે કોઈ યોગીએ શિક્ષિતાદિ ગુણોથી આવશ્યક સૂત્રોનાં પદોનો સારી રીતે અભ્યાસ કરેલ હોય, અને વાચના, પૃચ્છના, પરાવર્તના અને ધર્મકથાથી તેના પરમાર્થને પ્રાપ્ત કરેલો હોય; છતાં ક્રિયાકાળમાં આવશ્યકસૂત્રથી નિષ્પાદ્ય ભાવોની નિષ્પત્તિને અનુરૂપ અનુપ્રેક્ષાથી યુક્ત તે ક્રિયા ન કરતા હોય, તો તેમની તે ક્રિયા 'अणुवओगो दव्वं' એ વચનાનુસાર દ્રવ્યઆવશ્યક છે; અને આ દ્રવ્યઆવશ્યક આગમથી દ્રવ્યઆવશ્યક છે. તેથી એ પ્રાપ્ત થાય કે આવશ્યકનો શાસ્ત્રાનુસારી સમ્યગ્બોધ છે, સમ્યક્ કરવાની રુચિ છે; છતાં ક્રિયાકાળમાં લક્ષ્યને અનુરૂપ સુદૃઢ ઉપયોગ નથી, માટે તેમની ક્રિયા દ્રવ્યઆવશ્યક છે. તેથી તેવા સાધુઓ અસ્ખલિતત્વાદિ ગુણોથી યુક્ત દ્રવ્યઆવશ્યક કરતા હોય તોપણ તેમનું દ્રવ્યઆવશ્યક સમ્યગ્બોધ અને સમ્યક્ રુચિથી સંવલિત હોવાથી અક્ષત છે, એ અર્થનું દ્યોતન થાય છે.

દ્રવ્યઆવશ્યક અને ભાવઆવશ્યકના વિષયમાં વિકલ્પો આ પ્રમાણે છે –

**(૧) અપ્રધાન દ્રવ્યઆવશ્યક :-** જે દ્રવ્યઆવશ્યકની ક્રિયામાં મોક્ષને અનુકૂળ એવો લેશ પણ સંવેગનો ભાવ નથી, તે દ્રવ્યઆવશ્યક અપ્રધાન દ્રવ્યઆવશ્યક છે.

**(૨) પ્રધાન દ્રવ્યઆવશ્યક :-** જે દ્રવ્યઆવશ્યકની ક્રિયામાં મોક્ષને અનુકૂળ કંઈક સંવેગનો ભાવ છે, તે પ્રધાન દ્રવ્યઆવશ્યક છે; અને આ પ્રધાન દ્રવ્યઆવશ્યક મોક્ષને અનુકૂળ સંવેગના ભાવની તરતમતાના બળથી ભાવઆવશ્યકની દૂર-આસન્નતાવાળું છે અર્થાત્ જેમ જેમ સંવેગનો ભાવ અતિશય થાય તેમ તેમ ભાવઆવશ્યકની આસન્નતા છે, અને જેમ જેમ સંવેગની અલ્પતા તેમ તેમ ભાવઆવશ્યકની દૂરવર્તિતા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) **ભાવઆવશ્યક :-** જે આવશ્યકની ક્રિયામાં સંવેગનો અતિશય છે, તે આવશ્યકની ક્રિયા ભાવઆવશ્યક છે; અને સંવેગનો અતિશય એટલે શક્તિના પ્રકર્ષથી વિધિમાં ઉદ્યમ કરીને તે તે આવશ્યક ક્રિયા દ્વારા મોહના ઉન્મૂલનનો યત્ન થાય, તેવો જીવનો પરિણામ.

**સંક્ષેપમાં સારાંશ :-**

આનાથી એ ફલિત થાય કે (૧) ભાવની પ્રધાનતા અને દ્રવ્યની આચરણાની ગૌણતા જેમાં છે તે ભાવઆવશ્યક છે, (૨) ભાવની ગૌણતા અને દ્રવ્યઆચરણાની પ્રધાનતા જેમાં છે, તે પ્રધાનદ્રવ્યઆવશ્યક છે અને (૩) ભાવનો લેશ પણ નથી અને માત્ર દ્રવ્યઆચરણા છે જેમાં, તે અપ્રધાનદ્રવ્યઆવશ્યક છે.

**-: આવશ્યક વિષયક વિકલ્પો :-**

દ્રવ્યઆવશ્યક — ભાવઆવશ્યક

દ્રવ્યઆવશ્યક → પ્રધાનદ્રવ્યઆવશ્યક, અપ્રધાનદ્રવ્યઆવશ્યક

ભાવઆવશ્યક → (સંવેગના અતિશયવાળું)

પ્રધાનદ્રવ્યઆવશ્યક ↓ (કંઈક સંવેગભાવયુક્ત)

અપ્રધાનદ્રવ્યઆવશ્યક ↓ (સંવેગલેશરહિત) **॥૨૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૨માં કહેલ કે શુદ્ધપ્રરૂપણા જ સંવિગ્નપાક્ષિકનો મૂળ ગુણ છે, અને તે મૂળ ગુણ જેમનામાં ન હોય તેઓની અન્ય સર્વ યોગમાર્ગની પ્રવૃત્તિ પણ નિષ્ફળ છે. તેથી યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિનું મૂળ શુદ્ધપ્રરૂપણા છે, તેને પુષ્ટ કરવા અર્થે કહે છે –**

**અથવા**

**શ્લોક-૧માં ભગવાન વડે કહેવાયેલ શબ્દરૂપ અને સંવિગ્ન-અશઠ ગીતાર્થની આચરણારૂપ એમ બે પ્રકારનો માર્ગ છે, તેમ સ્થાપન કર્યું. આ માર્ગ રત્નત્રયીની પૂર્ણ આચરણારૂપ સર્વવિરતિનો માર્ગ છે. ત્યારપછી શ્લોક-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧માં કહ્યું કે આ બે પ્રકારના માર્ગમાં જેઓ સિદાય છે, છતાં પણ ધાર્મિકો છે, તેઓ સંવિગ્નપાક્ષિક છે; અને તે સંવિગ્નપાક્ષિક સાધુઓની મૂળ સંપત્ અને ઉત્તરસંપત્ શું છે ? તે શ્લોક-૨૨માં બતાવ્યું. આમ છતાં શ્લોક-૧માં બતાવેલ બે પ્રકારના માર્ગ ઉપર ચાલનારા સંવિગ્નપાક્ષિક નથી, તેથી કોઈને ભ્રમ થાય કે સંવિગ્નપાક્ષિક સર્વથા મોક્ષમાર્ગથી બહિર્ભૂત છે. તેનું નિવારણ કરવા અર્થે પ્રથમ બતાવેલ બે પ્રકારના માર્ગ કરતાં અન્ય ત્રણ પ્રકારનો માર્ગ બતાવવા અર્થે શ્લોક-૨૬ થી ૨૮ સુધી કહે છે –

**શ્લોક :–**

मार्गभेदस्तु यः कश्चिन्निजमत्या विकल्प्यते ।
स तु सुन्दरबुद्ध्यापि क्रियमाणो न सुन्दरः ।।२६।।

**અન્વયાર્થ :–**

तु=વળી यः कश्चिद्=જે કોઈ मार्गभेदः=માર્ગનો ભેદ निजमत्या=નિજમતિથી विकल्प्यते=કલ્પના કરાય છે, सः=તે=માર્ગનો ભેદ सुन्दरबुद्ध्यापि क्रियमाणः=સુંદર બુદ્ધિથી પણ કરાતો न सुन्दरः=સુંદર નથી. ।।૨૬।।

**શ્લોકાર્થ :–**

**વળી જે કોઈ માર્ગનો ભેદ નિજમતિથી કલ્પના કરાય છે, તે સુંદર બુદ્ધિથી પણ કરાતો સુંદર નથી. ।।૨૬।।**

❖ 'सुन्दरबुद्ध्यापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે પોતાની હીનતા ન દેખાય તેવા આશયથી કરાતો માર્ગનો ભેદ તો સુંદર નથી, પરંતુ ભગવાનના શાસનના સાચા પદાર્થોને કહેવાના આશયથી પણ કરાતો માર્ગભેદ સુંદર નથી.

**ટીકા :–**

मार्गेति-व्यक्तः ।।२६।।

**શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા આપેલ નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

**નિજમતિથી કરાયેલ માર્ગભેદની અસુંદરતા :-**

કોઈ સાધુ આરાધક હોય, શાસ્ત્રાનુસારી ક્રિયા કરતા હોય, ભગવાનના વચનાનુસાર સન્માર્ગનો ઉપદેશ આપતા હોય; આમ છતાં, કોઈ સ્થાનમાં શાસ્ત્રવચનાનુસાર પોતાને પદાર્થનો નિર્ણય ન હોય, અને સ્વમતિથી પદાર્થને યથાતથા જોડીને જે કંઈ માર્ગભેદ કરે, અથવા ભગવાનના વચનથી અન્ય પ્રકારનો માર્ગ બતાવે, તે સુંદર બુદ્ધિથી બતાવાતો હોય તોપણ સુંદર નથી અર્થાત્ પોતાના માનાદિ અર્થે કે પોતાના પ્રમાદને છુપાવવા અર્થે માર્ગભેદ કરે તે તો સુંદર નથી, પરંતુ લોકોના હિતના આશયથી, ભગવાનના વચનના પરમાર્થને બતાવવાના ઉત્તમ આશયથી, સ્વમતિકલ્પના દ્વારા માર્ગની પ્રરૂપણા કરે, તોપણ તે સુંદર નથી. આથી શાસ્ત્રોને ઉચિત સ્થાને જોડવાની જેઓની શક્તિ નથી તેવાઓને ઉપદેશ આપવાનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૨૬માં કહ્યું કે નિજમતિથી કરાયેલો માર્ગભેદ સુંદર નથી. હવે કેટલાક સાધકો આચરણામાં પ્રમાદી હોવા છતાં માર્ગભેદ કરતા નથી, તેને કહેનારું શાસ્ત્રવચન છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

**निवर्तमाना अप्येके वदन्त्याचारगोचरम् ।**
**आख्याता मार्गमप्येको नोञ्छजीवीति च श्रुतिः ।।२७।।**

**અન્વયાર્થ :-**

**एके=એક=એક પ્રકારના સાધુઓ निवर्तमाना अपि=નિવર્તમાન પણ=સંયમથી નિવર્તમાન પણ आचारगोचरम्=આચારના વિષયને=યથાવસ્થિત આચારના વિષયને वदन्ति=કહે છે, च=અને एकः=એક=એક પ્રકારના સાધુઓ मार्गम् आख्याता=માર્ગને કહેનારા છે, न उञ्छजीवि=ઉંછજીવી નથી=નિર્દોષ સંયમની આચરણા કરનારા નથી. इति=એ પ્રમાણે अपि=પણ श्रुतिः=શ્રુતિ છે=શાસ્ત્રવચન છે. ।।૨૭।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**એક પ્રકારના સાધુઓ નિવર્તમાન પણ યથાવસ્થિત આચારના વિષયને કહે છે, અને એક પ્રકારના સાધુઓ માર્ગને કહેનારા છે, ઉંછજીવી નથી, એ પ્રમાણે પણ શ્રુતિ છે. ।।૨૭।।**

❖ 'निवर्तमाना अपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે સંયમથી નિવર્તમાન ન હોય તેવા સુસાધુ તો આચારગોચર કહે છે, પરંતુ સંયમથી નિવર્તમાન પણ એક પ્રકારના સાધુઓ આચારગોચર કહે છે.

❖ 'मार्गमप्येकः' - અહીં 'अपि' શબ્દનું યોજન ટીકાનુસાર 'उञ्छजीवीति' પછી છે, અને 'अपि'થી એ કહેવું છે કે શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું તે પ્રકારની તો શ્રુતિ છે, પરંતુ શ્લોકના ઉત્તરાર્ધમાં કહ્યું એ પ્રકારની પણ શ્રુતિ છે.

**ટીકા :-**

**निवर्तमाना इति-एके संयमान्निवर्तमाना अपि, आचारगोचरं यथावस्थितं वदन्ति "वयमेव कर्तुमसहिष्णवः, मार्गः पुनरित्थम्भूत एवेति" । यदाचारसूत्रं -** "नियट्टमाणा वेगे आयारगोअरमाइक्खंति" । **अत्र संयमाल्लिङ्गाद्वा निवर्तमानाः, वाशब्दादनिवर्तमानाश्च लभ्यन्ते, उभयथाप्यवसीदन्त एव योजिता यथास्थिताचारोक्त्या हि तेषामेकैव बालता भवति आचारहीनतया न तु द्वितीयापि ये तु हीना अपि वदन्ति "एवंभूत एवाचारोऽस्ति योऽस्माभिरनुष्ठीयते, साम्प्रतं दुःषमानुभावेन बलाद्यपगमान्मध्यभूतैव वर्तनी श्रेयसी, नोत्सर्गावसर" इति, तेषां तु द्वितीयापि बालता बलादापतति, गुणवद्दोषानुवादात् । यदागमः –**

"सीलमंता उवसंता संखाए रीयमाणा, असीला ।
अणुवयमाणस्स बितिआ मंदस्स बालया" ।।१।। [आचारांग सूत्र १८९, पत्र २५० ५१]

**तथा मार्गमेक आख्याता न चोञ्छजीवीत्यपि श्रुतिरस्ति । तदुक्तं स्थानाङ्गे -** "आघाइत्ता णामं एगे णो उंछजीवी" **इति ।।२७।।**

**ટીકાર્થ :-**

**एके संयमान्निवर्तमाना ..... उंछजीवी' इति ।। એક પ્રકારના સાધુઓ સંયમથી નિવર્તમાન=શિથિલ હોવા છતાં પણ, "અમે જ કરવા માટે અસમર્થ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**છીએ=અમે જ શાસ્ત્રવિધિ અનુસાર આચાર પાળવા માટે અસમર્થ છીએ, માર્ગ વળી આ પ્રકારનો છે=જે પ્રકારે શાસ્ત્રમાં કહ્યો છે એ પ્રકારનો જ છે." એ પ્રમાણે યથાવસ્થિત આચારના વિષયને કહે છે; જે કારણથી આચારસૂત્ર છે –**

"અથવા નિવર્તમાન એક=એક પ્રકારના સાધુઓ, આચારના વિષયને કહે છે." **(આચારાંગ-૬/૪/૧૮૯)**

**અહીં=ઉદ્ધરણમાં, સંયમથી અથવા લિંગથી નિવર્તમાન ગ્રહણ કરાવાના છે, અને 'वा' શબ્દથી અનિવર્તમાન પ્રાપ્ત થાય છે. ઉભયથા પણ=સંયમથી નિવર્તમાન કે લિંગથી નિવર્તમાન બંને પ્રકારો પણ, સંયમમાં સિદાતા જ, યોજિત છે=ગ્રહણ કરાયા છે. યથાસ્થિત આચારની ઉક્તિ હોવાને કારણે જ=યોગ્ય શ્રોતાને ભગવાને બતાવેલા યથાવસ્થિત સાધ્વાચારનો ઉપદેશ આપતા હોવાને કારણે જ, તેઓની=સિદાતા સાધુઓની, આચારહીનતાને કારણે એક જ બાલતા છે=ક્રિયાની બાલતા છે, પરંતુ બીજી પણ નથી=શુદ્ધ પ્રરૂપણારૂપ સમ્યગ્જ્ઞાનની બાલતા નથી.**

**વળી હીન પણ જેઓ=આચારમાં હીન પણ જે સાધુઓ, "આવા પ્રકારનો આચાર છે જે અમારા વડે કરાય છે, વર્તમાનમાં દુષમાનુભાવને કારણે=દુષમકાળના પ્રભાવને કારણે, બલાદિનો અપગમ થયેલો હોવાથી= શરીરાદિની શક્તિ ક્ષીણ થયેલી હોવાથી, મધ્યમભૂત જ વર્તની શ્રેયકારી છે=મધ્યમભૂત જ માર્ગ શ્રેયકારી છે, ઉત્સર્ગનો અવસર નથી, इति=એ પ્રમાણે કહે છે, તેઓની=આચારમાં હીન જેઓ છે તેઓની, વળી બીજી પણ બાલતા=જ્ઞાનની પણ બાલતા, બલાત્ પ્રાપ્ત થાય છે; કેમ કે ગુણની જેમ દોષનો અનુવાદ છે=પોતાની દોષવાળી આચરણાને ગુણવાળી છે, એમ બતાવે છે.**

પૂર્વમાં કહ્યું કે જેઓ આચારમાં હીન છે અને પોતાના હીન આચારને યથાર્થ સ્થાપન કરે છે, તેઓમાં બીજી પણ બાલતા છે; કેમ કે પોતાના દોષોને ગુણરૂપે કહે છે. ત્યાં પ્રશ્ન થાય કે પોતાના દોષોને ગુણરૂપે કહે છે, એટલા માત્રથી બીજી બાલતા છે તે કેમ નક્કી થાય ? તેમાં હેતુ કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કારણથી આગમ છે –

"શીલવાન, ઉપશાંત, પ્રજ્ઞાથી પરાક્રમને ફોરવતા=શાસ્ત્રવચનાનુસાર પ્રજ્ઞાથી સંયમમાં પરાક્રમને ફોરવતા, એવા સાધુઓ અશીલ જ છે, એ પ્રમાણે બોલતા એવા મંદની=ધર્મ આચારોમાં શિથિલ એવા પાર્શ્વસ્થાદિની, બીજી બાલતા છે." **(આચારાંગ સૂત્ર-૧૮૯, પત્ર-૨૫૦/૫૧)**

શ્લોકના પૂર્વાર્ધનો ટીકામાં અર્થ કર્યા પછી શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ કરે છે -

**'तथा=અને એક=એક પ્રકારના સાધુઓ, માર્ગને કહેનારા છે અને ઉંછજીવી નથી' એ પ્રમાણે પણ શ્રુતિ છે.**

**તે સ્થાનાંગમાં કહેવાયું છે=એક પ્રકારના સાધુઓ માર્ગને કહેનારા છે અને ઉંછજીવી નથી, એમ જે કહ્યું તે સ્થાનાંગ સૂત્ર-૪/૪/૩૪૪ માં કહેવાયું છે –**

"આખ્યાતા એક છે=શુદ્ધ માર્ગને કહેનારા એક છે, ઉંછજીવી નથી"

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૨૭॥**

❖ 'उभयथाप्यवसीदन्त' - અહીં 'अपि'થી એ કહેવું છે કે માત્ર સંયમથી નિવર્તમાન છે તે સિદાતા છે, કે માત્ર લિંગથી નિવર્તમાન છે તે સિદાતા છે, એવું નથી; પરંતુ બંનેથી પણ નિવર્તમાન સિદાતા છે.

❖ 'द्वितीयापि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે આચારની પ્રથમ બાલતા તો છે, પરંતુ પ્રરૂપણાની બીજી બાલતા પણ છે.

❖ 'हीना अपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે પોતે હીન ન હોય અને પોતે જે આચાર કરે છે તે બરાબર છે તેમ કહે તે તો ઉચિત છે, પરંતુ પોતે આચારમાં હીન હોવા છતાં પણ પોતે જે કરે છે તે ઉચિત છે એમ કહે છે.

**ભાવાર્થ :-**

**(i) સંવિગ્નપાક્ષિકો આચારમાં શિથિલ છતાં શુદ્ધ પ્રરૂપક હોવાથી એક બાલતા :-**

**(ii) બે બાલતાનું સ્વરૂપ :-**

સંવિગ્નપાક્ષિક સાધુઓ આચારમાં શિથિલ હોવા છતાં શુદ્ધ પ્રરૂપણા કરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, તેને કહેનારાં બે શાસ્ત્રવચનો પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ છે. તેમાં પ્રથમ આચારાંગ સૂત્રમાં કહેલ શાસ્ત્રવચન શ્લોકના પૂર્વાર્ધથી બતાવેલ છે.

કેટલાક સાધુઓ સંયમથી નિવર્તમાન હોવા છતાં પણ સાધ્વાચાર યથાવસ્થિત કહે છે અર્થાત્ શાસ્ત્રવચનાનુસાર દરેક ક્રિયા કરતા નથી, છતાં લોકો પાસે સન્માર્ગનું સ્થાપન યથાર્થ કરે છે; અને કહે છે - 'અમે જ શાસ્ત્રાનુસારી ક્રિયા કરવા સમર્થ નથી, પરંતુ મોક્ષમાં જવાનો માર્ગ સમ્યક્ પ્રકારની સંયમની શુદ્ધ આચરણા જ છે." આથી યોગ્ય જીવોને ભગવાનના સંયમના માર્ગનો યથાર્થ બોધ તેઓથી થાય છે.

શ્લોકના પૂર્વાર્ધના કથનમાં આચારાંગ સૂત્રની સાક્ષી આપી. ત્યાં સ્પષ્ટતા કરી કે નિવર્તમાન એટલે લિંગથી નિવર્તમાન અથવા સંયમથી નિવર્તમાન. તેથી એ પ્રાપ્ત થાય કે કેટલાક સાધુઓ સંયમની આચરણામાં શિથિલ હોય છે, પરંતુ સંયમનો વેશ છોડતા નથી, તેઓ લિંગથી નિવર્તમાન નથી, પરંતુ સંયમથી નિવર્તમાન છે; અને કેટલાક સાધુ સંયમ પાળવા માટે અસમર્થ થાય છે ત્યારે વેશનો પણ ત્યાગ કરે છે, તેઓ લિંગથી નિવર્તમાન છે. જેમ મરીચિએ સાધુવેશનો ત્યાગ કરી ત્રિદંડિક વેશનો સ્વીકાર કર્યો. આ બન્ને સંવિગ્નપાક્ષિક છે.

'વા' શબ્દથી અનિવર્તમાનની પ્રાપ્તિ થાય છે, તેમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે અનિવર્તમાન એવા સાધુઓ આચારવિષયક યથાર્થ કથન કરે છે, તેઓ સુસાધુઓ છે; અને જેઓ સંવિગ્નપાક્ષિક છે તેઓ સંયમથી કે વેશથી નિવર્તમાન છે, અને તે બંને સંયમમાં સિદાતા જ ગ્રહણ કરાયા છે; આમ છતાં તેઓ યથાવસ્થિત આચારને કહેનારા હોવાથી જ્ઞાનનયની દૃષ્ટિએ બાલ નથી. માટે તેઓમાં બીજી બાલતા નથી, પરંતુ આચારમાં હીન હોવાને કારણે એક બાલતા છે.

તેથી એ પ્રાપ્ત થાય કે આચારની હીનતા એક બાલતા છે અને શુદ્ધ પ્રરૂપણાનો અભાવ એ બીજી બાલતા છે.

વળી જેઓ ભગવાનના વચનાનુસાર આચારો સેવતા નથી અને કાળના દોષને આગળ કરીને વર્તમાનમાં આ જ માર્ગ ઉચિત છે તેમ કહે છે, તેઓની શુદ્ધ પ્રરૂપણા નથી. માટે તેઓમાં બીજી બાલતા પણ છે અર્થાત્ તેઓ સંવિગ્નપાક્ષિક પણ નથી પરંતુ પાર્શ્વસ્થા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી સંવિગ્નપાક્ષિક યથાર્થ પ્રરૂપણા કરે છે, તેમાં બીજા આગમની સાક્ષી આપે છે : “એક પ્રકારના સાધુઓ માર્ગને કહેનારા છે, માર્ગની યથાર્થ પ્રરૂપણા કરનારા છે, પરંતુ ઉંછજીવી નથી=નિર્દોષ ભિક્ષાચર્યાદિને કરનારા નથી, અને ઉપલક્ષણથી અન્ય પણ કેટલીક સંયમની આચરણાઓ શાસ્ત્રવિધિ અનુસાર કરનારા નથી.” **॥૨૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોક-૨૭માં કહ્યું કે સંયમથી નિવર્તન પામતા પણ કેટલાક સાધુઓ યથાવસ્થિત પ્રરૂપણા કરે છે, એ પ્રમાણે આગમવચન છે. વળી પોતાના અસંયમમાં સંયમપણું માનનારમાં પાપશ્રમણતા છે, એ પ્રમાણે પણ આગમવચન છે. આ બતાવીને સંવિગ્નપાક્ષિકનો ત્રીજો માર્ગ છે, તે બતાવે છે -**

**શ્લોક :-**

**असंयते संयतत्वं मन्यमाने च पापता ।**
**भणिता तेन मार्गोऽयं तृतीयोऽप्यवशिष्यते ।।२८।।**

**અન્વયાર્થ :-**

**च**=અને **असंयते संयतत्वं मन्यमाने**=અસંયતમાં સંયતપણું માનનારમાં **पापता भणिता**=પાપપણું કહેવાયું છે. **तेन**=તે કારણથી=શ્લોક-૨૬માં કહ્યું એ પ્રમાણે માર્ગભેદ સુંદર નથી, શ્લોક-૨૭માં કહ્યું એ પ્રમાણે સંયમમાં શિથિલ પણ કેટલાક શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરે છે, અને પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું કે પોતે અસંયમી હોવા છતાં પોતાને સંયમી માને છે તે પાપશ્રમણ છે, તે કારણથી, **अयं**=આ **तृतीयोऽपिमार्गः**=ત્રીજો પણ માર્ગ **अवशिष्यते**=અવશેષ રહે છે. ॥૨૮॥

**શ્લોકાર્થ :-**

**અને અસંયતમાં સંયતપણું માનનારમાં પાપપણું કહેવાયું છે. તે કારણથી આ ત્રીજો પણ માર્ગ અવશેષ રહે છે. ॥૨૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'तृतीयोऽपि' - અહીં 'अपि'થી એ કહેવું છે કે પ્રથમ અને બીજો માર્ગ તો છે, આ ત્રીજો માર્ગ પણ અવશેષ રહે છે.

ટીકા :-

**असंयत इति-असंयते संयतत्वं मन्यमाने च पापता भणिता, 'असंजए संजयलप्पमाणे पावसमणुत्ति वुच्चइ' इति पापश्रमणीयाध्ययनपाठात्, असंयते यथास्थितवक्तरि पापत्वानुक्तेः, तेन कारणेनायं संविग्नपक्षरूपस्तृतीयोऽपि मार्गोऽवशिष्यते, साधुश्राद्धयोरिव संविग्नपाक्षिकस्याप्याचारेणाविसंवादिप्रवृत्तिसम्भवात् ।**

तदुक्तं –

"सावज्जजोगपरिवज्जणाइ सव्वुत्तमो अ जइधम्मो ।
बीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो" ।।१।।

**योगाख्यो मार्गः संविग्नपाक्षिकाणां नासम्भवी, मैत्र्यादिसमन्वितवृत्तादिमत्त्वेनाध्यात्मादिप्रवृत्त्यबाधात्, अविकल्पतथाकाराविषयत्वेन नैतद्धर्मो मार्गः,**

"कप्पाकप्पे परिनिट्ठिअस्स ठाणेसु पंचसु ठिअस्स ।
संजमतवड्ढगस्स उ अविगप्पेणं तहक्कारो" ।।१।।

**इति वचनात् साधुवचन एवाविकल्पेन तथाकारश्रवणादिति चेन्नैतद्वचनबलादन्यत्र लभ्यमानस्य विकल्पस्य व्यवस्थितत्वेन व्याख्यानात्, व्यवस्था चेयं संविग्नपाक्षिकस्य वचनेऽविकल्पेनैव तथाकारोऽन्यस्य तु विकल्पेनैवेति, विवेचितं चेदं सामाचारीप्रकरणेऽस्माभिः ।।२८।।**

**ટીકાર્થ :-**

असंयते ..... ऽस्माभिः ।। **અને અસંયતમાં=અસંયત એવા પોતાનામાં, સંયતપણું માનતા એવા સાધુમાં, પાપપણું કહેવાયું છે; કેમ કે**

"અસંયતમાં=અસંયત એવા પોતાનામાં, સંયત બોલતો='હું સંયત છું' એ પ્રમાણે બોલતો, પાપશ્રમણ છે, એ પ્રમાણે કહેવાય છે." **(ઉત્તરાધ્યયન સૂત્ર-૧૭/૬)**

**એ પ્રકારે પાપશ્રમણીય અધ્યયનનો પાઠ હોવાને કારણે યથાસ્થિત વક્તા એવા અસંયતમાં પાપપણાની અનુક્તિ છે=યથાસ્થિત પ્રરૂપણા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કરતા એવા અસંયતને પાપશ્રમણ કહેવાયો નથી, તે કારણથી આ સંવિગ્નપાક્ષિકરૂપ ત્રીજો પણ માર્ગ અવશેષ રહે છે; કેમ કે સાધુ અને શ્રાવકની જેમ સંવિગ્નપાક્ષિકના પણ આચારથી અવિસંવાદિ પ્રવૃત્તિનો સંભવ છે અર્થાત્ જેમ સાધુના આચારને જોઈને કોઈ પ્રવૃત્તિ કરે તો મોક્ષમાર્ગને અનુકૂળ અવિસંવાદિ પ્રવૃત્તિ થવાનો સંભવ છે, અને શ્રાવકના આચારોને જોઈને તેના આચાર અનુસાર કોઈ પ્રવૃત્તિ કરે તો અવિસંવાદિ પ્રવૃત્તિ થવાનો સંભવ છે; તેમ સંવિગ્નપાક્ષિકના પણ આચાર જોઈને કોઈ પ્રવૃત્તિ કરે તો અવિસંવાદિ પ્રવૃત્તિનો સંભવ છે.**

**તે કહેવાયું છે=સંવિગ્નપાક્ષિકરૂપ ત્રીજો માર્ગ પણ અવશેષ રહે છે, તે ઉપદેશમાળા ગાથા-૫૧૯માં કહેવાયું છે –**

"અને સાવદ્યયોગના પરિવર્જનથી=સર્વ સાવદ્યયોગના ત્યાગથી, યતિધર્મ સર્વોત્તમ છે=સર્વોત્કૃષ્ટ છે, બીજો શ્રાવકધર્મ, ત્રીજો સંવિગ્નપક્ષ છે." **(ઉપદેશમાળા ગાથા-૫૧૯)**

અહીં પ્રશ્ન થાય કે સંવિગ્નપાક્ષિક તો સંયમના આચારથી નિવર્તમાન છે, તેથી તેઓની પ્રવૃત્તિ મોક્ષમાર્ગરૂપ કઈ રીતે બને ? તેથી કહે છે –

**યોગ નામનો માર્ગ=યોગમાર્ગ, સંવિગ્નપાક્ષિકને અસંભવી નથી; કેમ કે મૈત્ર્યાદિયુક્ત આચારાદિ હોવાને કારણે અધ્યાત્માદિ પ્રવૃત્તિનો અબાધ છે.**

પૂર્વમાં કહ્યું કે યોગ નામનો માર્ગ સંવિગ્નપાક્ષિકમાં છે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે –

**અવિકલ્પ તથાકારનું અવિષયપણું હોવાને કારણે=સંવિગ્નપાક્ષિક પ્રરૂપણા કરતા હોય તો તેમના વિષયમાં અવિકલ્પ તથાકાર સામાચારી કરવાની નહીં હોવાને કારણે, તેમનો ધર્મ માર્ગ નથી.**

અહીં પ્રશ્ન થાય કે સંવિગ્નપાક્ષિકમાં અવિકલ્પથી કેમ તથાકાર કરવાનો નથી ? તેમાં હેતુ કહે છે –

"કલ્પાકલ્પમાં પરિનિષ્ઠિત=કલ્પાકલ્પને યથાર્થ જાણનારા, પાંચ સ્થાનોમાં રહેલા=પાંચ મહાવ્રતોમાં રહેલા, સંયમ અને તપમાં વર્તતા સાધુને અવિકલ્પથી તથાકાર છે." **(આવશ્યકનિર્યુક્તિ ગાથા-૬૮૮)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**એ પ્રકારના શાસ્ત્રવચનથી સાધુવચનમાં જ અવિકલ્પથી તથાકારનું શ્રવણ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –**

**न=તારી વાત બરાબર નથી; કેમ કે આ વચનના બળથી='કલ્પાકલ્પ પરિનિષ્ઠિત' એ પ્રકારના શાસ્ત્રવચનના બળથી, અન્યત્ર લભ્યમાન એવા વિકલ્પનું=સુસાધુ સિવાય અન્યત્ર પ્રાપ્ત થતા એવા વિકલ્પનું, વ્યવસ્થિતપણા વડે વ્યાખ્યાન છે, અને આ વ્યવસ્થા છે – સંવિગ્નપાક્ષિકના વચનમાં અવિકલ્પથી જ તથાકાર છે. વળી અન્યના=સુસાધુ અને સંવિગ્નપાક્ષિકથી અન્ય એવા પાસત્થાદિના વચનમાં, વિકલ્પથી જ તથાકાર છે. 'इति' શબ્દ પૂર્વપક્ષીની શંકાના નિરાકરણની સમાપ્તિમાં છે; અને આ=સંવિગ્નપાક્ષિકમાં અવિકલ્પથી તથાકાર છે એ, અમારા વડે 'સામાચારી પ્રકરણ'માં વિવેચન કરાયું છે. ॥૨૮॥**

❖ 'मैत्र्यादिसमन्वितवृत्त्यादिमत्त्वेनाध्यात्मादिप्रवृत्त्यबाधात्' - અહીં 'मैत्र्यादि'માં 'आदि'થી પ્રમોદભાવના, કરુણાભાવના અને માધ્યસ્થ્યભાવનાનું ગ્રહણ કરવું. 'वृत्तादिमत्त्वेन'માં 'आदि'થી શુદ્ધ પ્રરૂપણાનું ગ્રહણ કરવું અને 'अध्यात्मादि'માં 'आदि'થી ભાવનાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

**સંવિગ્નપાક્ષિકરૂપ તૃતીયમાર્ગ :-**

(૧) નિજ મતિથી કરાયેલો માર્ગભેદ સુંદર નથી, તેમ બતાવીને, શુદ્ધ પ્રરૂપણા નહીં કરનારા સાધુઓ સર્વથા મોક્ષમાર્ગથી બહિર્ભૂત છે, તેમ શ્લોક-૨૬માં બતાવ્યું; અને (૨) કેટલાક સાધુઓ શ્લોક-૧માં બતાવેલ બે પ્રકારના માર્ગથી નિવર્તમાન છે=શિથિલ છે, તોપણ શુદ્ધ પ્રરૂપણા કરનાર છે, એ પ્રમાણે શાસ્ત્રવચન છે, તેમ શ્લોક-૨૭માં બતાવ્યું; અને (૩) પોતે સંયમની આચરણા બરાબર કરતા ન હોય છતાં પોતે સંયત છે, તેમ જેઓ માને છે તેઓ પાપશ્રમણ છે, તેમ શ્લોક-૨૮ના પૂર્વાર્ધમાં બતાવ્યું. તેથી નક્કી થાય કે જેઓ માર્ગભેદ કરતા નથી અને પોતાના અસંયમને અસંયમ માને છે અને શુદ્ધ પ્રરૂપણા કરે છે, તેઓ ત્રીજા માર્ગમાં રહેલા છે અર્થાત્ પ્રથમ શ્લોકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવેલ બે પ્રકારના માર્ગની આચરણા સ્વરૂપ પ્રથમ સર્વવિરતિરૂપ માર્ગમાં રહેલા નથી, અને સર્વવિરતિરૂપ પ્રથમ માર્ગને અત્યંત અભિમુખ એવા ઉત્તમ શ્રાવકરૂપ બીજા માર્ગમાં પણ રહેલા નથી, પરંતુ તે બંને કરતાં પણ નીચલી ભૂમિકાવાળા ત્રીજા પ્રકારના માર્ગમાં સંવિગ્નપાક્ષિકો રહેલા છે. તેમાં યુક્તિ આપે છે કે જેમ સાધુની આચરણાથી કોઈક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તો અવિસંવાદી પ્રવૃત્તિનો સંભવ છે અર્થાત્ યોગમાર્ગની સમ્યક્ પ્રવૃત્તિનો સંભવ છે; વળી શ્રાવકની સમ્યગ્ આચરણાને જોઈને કોઈ યોગમાર્ગની પ્રવૃત્તિ કરે તો અવિસંવાદી પ્રવૃત્તિનો સંભવ છે; તેમ સંવિગ્નપાક્ષિકની આચરણા જોઈને કોઈ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તોપણ અવિસંવાદી પ્રવૃત્તિનો સંભવ છે.

આશય એ છે કે સુસાધુઓ ભગવાનના વચનના સ્મરણપૂર્વક અત્યંત સંવેગગર્ભ સંયમની પ્રવૃત્તિઓ કરે છે, તેથી તેમની તે પ્રવૃત્તિઓને જોઈને કોઈ તેમની પ્રવૃત્તિઓનું અનુસરણ કરે તો તેમને પણ અત્યંત સંવેગગર્ભ સંયમના માર્ગની પ્રાપ્તિ થાય. વળી શ્રાવકો પણ સાધુપણાની શક્તિ નહીં હોવા છતાં સ્વભૂમિકાનુસાર અત્યંત સંવેગગર્ભ આવશ્યકાદિ કે જિનપૂજાદિ પ્રવૃત્તિઓ કરે છે, અને તેમની તે પ્રવૃત્તિઓને જોઈને કોઈ તેમની પ્રવૃત્તિઓનું અનુસરણ કરે તો તેમને પણ અત્યંત સંવેગગર્ભ એવા શ્રાવકાચારની પ્રાપ્તિ થાય; તેમ સંવિગ્નપાક્ષિકો પણ સ્વભૂમિકા અનુસાર અત્યંત સંવેગગર્ભ આવશ્યકાદિ ક્રિયાઓ કરે છે, શુદ્ધ પ્રરૂપણા કરે છે, સુસાધુઓની ભક્તિ કરે છે અને તેમની તે પ્રવૃત્તિ જોઈને કોઈ તેમનું અનુસરણ કરે તો તેમને પણ આ ત્રીજા પ્રકારના યોગમાર્ગની પ્રાપ્તિ થાય. તેથી સંવિગ્નપાક્ષિકરૂપ ત્રીજો માર્ગ છે.

અહીં પ્રશ્ન થાય કે સંવિગ્નપાક્ષિક સંયમના આચારમાં શિથિલ છે, તેથી તેમની આચરણાને યોગરૂપ કેમ કહી શકાય ? તેથી કહે છે –

સંવિગ્નપાક્ષિકને યોગમાર્ગનો અસંભવ નથી; કેમ કે સંવિગ્નપાક્ષિકનું ચિત્ત મૈત્ર્યાદિભાવોથી સંવલિત છે, અને ચારિત્રાચારની ક્રિયાઓ સ્વશક્તિ અનુસાર કરે છે, તેથી વૃત્તાદિમાન છે=ચારિત્રની આચરણાવાળા છે; અને શુદ્ધ પ્રરૂપણા કરનારા છે, તેથી સુસાધુની જેમ તેમની ભૂમિકાનુસાર અધ્યાત્માદિ પ્રવૃત્તિનો અબાધ છે અર્થાત્ સુસાધુમાં સર્વવિરતિરૂપ અધ્યાત્મ છે, એવું અધ્યાત્મ જોકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવિગ્નપાક્ષિકમાં નથી, પરંતુ સ્વભૂમિકાનુસાર જે સંયમની આચરણાઓ કરે છે, તેને અનુરૂપ અધ્યાત્માદિ પ્રવૃત્તિનો અબાધ છે; અને યોગમાર્ગ અધ્યાત્માદિરૂપ છે, માટે સંવિગ્નપાક્ષિકમાં યોગમાર્ગ છે.

અહીં શંકા થાય કે શાસ્ત્રોમાં તો કહ્યું છે કે "જે સાધુ કલ્પાકલ્પના જાણકાર હોય, પાંચ મહાવ્રતોમાં રહેલા હોય, સંયમ અને તપમાં વર્તતા હોય, એવા સાધુના વચનમાં અવિકલ્પથી તથાકાર કરવો જોઈએ." આ વચનથી આવા સાધુના જ વચનમાં અવિકલ્પથી તથાકાર કરવાનું શ્રવણ હોવાને કારણે સંવિગ્નપાક્ષિકના વચનમાં અવિકલ્પથી તથાકાર નથી. માટે સંવિગ્નપાક્ષિકનો ધર્મ યોગમાર્ગ નથી. એ પ્રકારની શંકાના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે -

સુસાધુના વચનમાં અવિકલ્પથી તથાકારનું કથન અન્યત્ર વિકલ્પથી તથાકાર કરવાનું વિધાન કરે છે, અને તે વિકલ્પ પણ વ્યવસ્થિત છે; અને તે વ્યવસ્થા એ છે કે જેમ સુસાધુના વચનમાં અવિકલ્પથી તથાકાર કરવો જોઈએ, તેમ સંવિગ્નપાક્ષિકના વચનમાં પણ અવિકલ્પથી તથાકાર કરવો જોઈએ; અને અપવાદથી સુસાધુ કે સંવિગ્ન પાક્ષિકથી અન્ય એવા પાસત્થાદિ પાસે ભણવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ત્યાં વિકલ્પથી તથાકાર કરવો જોઈએ, આ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે. તેથી સંવિગ્નપાક્ષિકના વચનમાં પણ અવિકલ્પથી તથાકારની પ્રાપ્તિ છે. માટે તેની પ્રરૂપણા શુદ્ધ પ્રરૂપણા છે, માટે તેની આચરણા માર્ગરૂપ છે.

અહીં વિશેષ એ છે કે સુસાધુઓને અધ્યાત્માદિ ગુણયુક્ત સર્વોત્તમ યોગમાર્ગ છે; કેમ કે સુસાધુ મન-વચન અને કાયાથી ગુપ્ત થઈને સર્વજ્ઞના વચનનું સ્મરણ કરીને વચનાનુસાર સર્વ પ્રવૃત્તિઓ કરે છે, તેથી સુસાધુના હૈયામાં વચનના સ્મરણ દ્વારા સદા વીતરાગ સંસ્થિત છે. માટે સુસાધુ વીતરાગભાવનાથી ભાવિત થતા હોય છે, અને તે તે અનુષ્ઠાન સેવીને વીતરાગભાવની પ્રાપ્તિને અનુકૂળ શક્તિસંચય કરતા હોય છે. માટે સુસાધુઓને સર્વોત્તમ યોગમાર્ગ છે.

વળી શ્રાવકોને, કે જેઓને સુસાધુઓ કેવી સાધના કરે છે તેવો બોધ છે, અને તેવી સાધના કરવાની બલવાન ઇચ્છા છે, છતાં તેવી શક્તિ પોતાનામાં પ્રગટી નથી, અને સુસાધુઓ જેવી શક્તિનો સંચય કરવા અર્થે દેશવિરતિને ગ્રહણ કરીને ક્રમે કરીને દેશવિરતિની વૃદ્ધિ કરે છે, અને સર્વવિરતિની શક્તિનો


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંચય કરે છે, તેવા શ્રાવકોને સુસાધુ કરતાં નીચેની ભૂમિકાનો અધ્યાત્માદિરૂપ યોગમાર્ગ છે.

વળી સંવિગ્નપાક્ષિકો કે જેઓ સંયમ ગ્રહણ કરીને સુસાધુ થયા છે, અને સંયમજીવનનું કષ્ટમય જીવન સમ્યક્ પાલન કરીને સંયમના કંડકોમાં વૃદ્ધિ કરી શકે તેવી શક્તિ કોઈક રીતે ક્ષીણ થવાથી આચારોમાં શિથિલ થયા છે; આમ છતાં શુદ્ધ સંયમનો પક્ષપાત છે, અને પ્રવ્રજ્યાને છોડીને ઘરે જવામાં લજ્જા આવે છે, તેથી સંયમના વેશમાં રહીને શુદ્ધ પ્રરૂપણા કરે છે, અને સ્વશક્તિ અનુસાર સંયમની આચરણાઓ પણ કરે છે; તોપણ જે વ્રતો ગ્રહણ કર્યાં છે, એને અનુરૂપ પ્રવૃત્તિ નહીં હોવાથી છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનકમાં નથી, અને શ્રાવકનાં વ્રતો ગ્રહણ કરીને દેશવિરતિના આચારોનું પાલન નહીં હોવાથી પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકમાં પણ નથી; અને પોતે ગ્રહણ કરેલ સર્વવિરતિની આચરણા સ્વશક્તિ અનુસાર કરે છે, અને શુદ્ધમાર્ગ પ્રત્યેના પક્ષપાતવાળા છે, તેથી સમ્યક્ત્વરૂપ ત્રીજા માર્ગમાં છે; તેવા સંવિગ્નપાક્ષિકો પ્રથમ બે માર્ગ કરતાં ન્યૂન એવા અધ્યાત્માદિ યોગમાર્ગવાળા હોવાથી સર્વથા માર્ગથી બહિર્ભૂત નથી.

વળી જેઓએ સર્વવિરતિ ગ્રહણ કરેલ છે અથવા દેશવિરતિ ગ્રહણ કરેલ છે, આમ છતાં સમ્યક્ત્વને પામ્યા નથી, તેવા અપુનર્બંધક જીવો, સર્વવિરતિની કે દેશવિરતિની આચરણા કરતા હોય તોપણ અધ્યાત્માદિ ભાવયોગમાર્ગથી બહિર્ભૂત છે; છતાં તેઓની આચરણા ભાવમાર્ગનું કારણ હોવાથી અધ્યાત્માદિના સેવનરૂપ દ્રવ્યમાર્ગ છે.

આનાથી એ ફલિત થાય કે સુસાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક ભાવમાર્ગમાં છે, અને અપુનર્બંધકાદિ જીવો દ્રવ્યમાર્ગમાં છે.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

શ્લોક-૨૮માં કથન કર્યું કે સુસાધુના માર્ગથી જુદો સંવિગ્નપાક્ષિકનો ત્રીજો માર્ગ છે. તેથી હવે મોક્ષના ત્રણ માર્ગ કયા છે ? અને ભવના ત્રણ માર્ગ કયા છે ? તે બતાવે છે –

**શ્લોક :-**

**साधुः श्राद्धश्च संविग्नपक्षी शिवपथास्त्रयः ।**
**शेषा भवपथा गेहिद्रव्यलिङ्गिकुलिङ्गिनः ।।२९।।**

**અન્વયાર્થ :-**

साधुः=સાધુ श्राद्धः=શ્રાવક च=અને संविग्नपक्षी=સંવિગ્નપક્ષી=સંવિગ્નપાક્ષિક त्रयः शिवपथाः=ત્રણ મોક્ષમાર્ગ છે. शेषः=શેષ गेहिद्रव्यलिङ्गिकुलिङ्गिनः=ગૃહસ્થ, દ્રવ્યલિંગી અને કુલિંગી भवपथाः=સંસારમાર્ગ છે. ॥૨૯॥

**શ્લોકાર્થ :-**

**સાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક ત્રણ મોક્ષમાર્ગ છે. શેષ ગૃહસ્થ, દ્રવ્યલિંગી અને કુલિંગી સંસારમાર્ગ છે. ॥૨૯॥**

**ટીકા :-**

साधुरिति-व्यक्तः ।।२९।।

**શ્લોકાર્થ સુગમ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા લખેલ નથી.**

**ભાવાર્થ :-**

ભગવાનના વચનાનુસાર ચાલનારા સુસાધુઓ, સુસાધુ થવાની શક્તિના સંચય અર્થે શ્રાવકાચારને સેવનારા શ્રાવકો, અને સંયમમાં સિદાતા છતાં શુદ્ધ પ્રરૂપણા કરનારા, અને શક્તિ અનુસાર સંયમની ઉચિત આચરણા કરનારા એવા સંવિગ્નપાક્ષિકો, એ ત્રણ મોક્ષમાર્ગ છે=મોક્ષમાર્ગમાં ચાલનારા છે; શેષ=આ ત્રણથી શેષ એવા ગૃહસ્થો, દ્રવ્યવેશધારી જૈન સાધુઓ, અને અન્યદર્શનવાળા કુલિંગીઓ એ ત્રણે ભવમાર્ગ છે અર્થાત્ ભવમાર્ગમાં ચાલનારા છે. **॥૨૯॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

સંવિગ્નપાક્ષિક ત્રીજા માર્ગમાં છે તેમ શ્લોક-૨૮માં કહ્યું. તેથી મોક્ષના ત્રણ માર્ગ કયા છે ? તેની સ્પષ્ટતા શ્લોક-૨૯માં કરી. હવે જે સાધુઓ છે, અને જેઓ સાધુના વેશમાં હોવા છતાં સંવિગ્નપાક્ષિક છે, અને જેઓ સાધુવેશમાં હોવા છતાં પાસત્થા છે, તેઓ કેવી પ્રકૃતિવાળા છે ? તે શ્લોક-૩૦માં બતાવે છે.

અથવા

પ્રસ્તુત માર્ગદ્વાત્રિંશિકામાં રત્નત્રયીરૂપ માર્ગનું વર્ણન છે. આ માર્ગને સુસાધુઓ આચરે છે, અને તે માર્ગની પ્રાપ્તિ (૧) ભગવાને કહેલા શબ્દથી અને (૨) સંવિગ્ન-અશઠ ગીતાર્થોની આચરણાથી થાય છે. તેથી કારણમાં કાર્યના ઉપચારથી રત્નત્રયીની પ્રાપ્તિના કારણભૂત એવો આ બે પ્રકારનો માર્ગ છે, એ પ્રમાણે પ્રારંભમાં કહેલ છે; પરંતુ ત્રણ પ્રકારનો માર્ગ છે તે કથન 'માર્ગદ્વાત્રિંશિકા'માં પ્રસ્તુત નથી; કેમ કે માર્ગનું સ્વરૂપ કહેવાનો પ્રસ્તાવ છે અને તે માર્ગ બે પ્રકારનો છે એમ ઉપક્રમ કહેલ છે. છતાં સંયમના વેશમાં રહેલા સંવિગ્નપાક્ષિકો સાધુથી આચરાતા બે પ્રકારના માર્ગમાં નથી, છતાં સર્વથા માર્ગબહિર્ભૂત પણ નથી, તે કથન ઉપસ્થિત થવાથી ગ્રંથકારશ્રીએ સ્પષ્ટતા કરી કે સંવિગ્નપાક્ષિક ત્રીજા માર્ગમાં છે. વસ્તુતઃ સાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક એ ત્રણ પ્રકારનો માર્ગ 'માર્ગદ્વાત્રિંશિકા'માં પ્રસ્તુત નથી, છતાં 'સંવિગ્નપાક્ષિક ત્રીજા માર્ગમાં છે', તેમ કહેવાથી જિજ્ઞાસા થઈ કે તે ત્રણ માર્ગો કયા છે ? માટે શ્લોક-૨૯માં બે પ્રકારના માર્ગરૂપ સર્વવિરતિ ધર્મના કારણને પણ માર્ગરૂપ ગ્રહણ કરીને સ્પષ્ટતા કરી કે ત્રણ મોક્ષમાર્ગ છે અને ત્રણ ભવ પથ છે. હવે જેઓ સાધુવેશમાં છે, તેમાં સુસાધુઓ કેવા છે ? સંવિગ્નપાક્ષિકો કેવા છે ? અને પાસત્થા કેવા છે ? તેનો બોધ કરાવીને સુસાધુનો માર્ગ અને સંવિગ્નપાક્ષિકનો માર્ગ કલ્યાણનું કારણ છે, તે શ્લોક-૩૦-૩૧માં બતાવે છે -

**શ્લોક :-**

गुणी च गुणरागी च गुणद्वेषी च साधुषु ।
श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाधमबुद्धयः ।।३०।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

साधुषु=સાધુઓમાં=સાધુવેશમાં રહેલાઓમાં गुणी=ગુણવાન=ભગવાનના વચનાનુસાર ચાલનારા સુસાધુ, गुणरागी=ગુણના રાગી=સુસાધુની આચરણા પ્રત્યે પક્ષપાતવાળા સંવિગ્નપાક્ષિક, च=અને गुणद्वेषी=ગુણવાનના દ્વેષી= સુસાધુઓની આચરણા જોઈને પોતાની હીનતા ન દેખાય તદર્થે સુસાધુની હીનતાને કહેનારા પાસત્થા उत्कृष्टमध्यमाधमबुद्धयः=ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિવાળા व्यक्तं श्रूयन्ते=વ્યક્ત સંભળાય છે=શાસ્ત્રમાં પ્રગટ સંભળાય છે. ॥૩૦॥

**શ્લોકાર્થ :-**

**સાધુઓમાં=સાધુવેશમાં રહેલાઓમાં, ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિવાળા વ્યક્ત સંભળાય છે=શાસ્ત્રમાં પ્રગટ સંભળાય છે. ॥૩૦॥**

**ટીકા :-**

गुणीति-व्यक्तः ॥३०॥

**શ્લોકાર્થ સુગમ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા આપેલ નથી.**

**ભાવાર્થ :-**

## ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી સાધુઓનું સ્વરૂપ :-

(૧) **गुणी** :- જેઓ સાધુવેશમાં છે અને ભગવાનના વચનાનુસાર ચાલે છે, તેઓ મોહનું ઉન્મૂલન કરી રહ્યા છે. તેથી મહાસાત્ત્વિક છે અને ગુણવાળા છે.

(૨) **गुणरागी** :- જેઓ સાધુવેશમાં રહેલા છે, પરંતુ ભગવાનના વચનાનુસાર ચાલવાને અનુકૂળ સત્ત્વ નથી; આમ છતાં ભગવાનના વચન પ્રમાણે ચાલવાની બળવાન ઇચ્છાવાળા છે અને સુસાધુના ગુણો પ્રત્યે રાગવાળા છે, તેઓ ગુણરાગી છે.

(૩) **गुणद्वेषी** :- વળી જેઓ સાધુના વેશમાં છે, શિથિલ આચારોને સેવનારા છે, અને પોતે શિથિલતા સેવે છે તે લોકમાં દેખાય નહીં તદર્થે ગુણવાન સાધુની નિંદા કરે છે, અને પોતે જે કરે છે તે માર્ગ છે તેમ સ્થાપન કરે છે, તેઓ ગુણદ્વેષી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણ પ્રકારના સાધુવેશધારીઓને શાસ્ત્રમાં અનુક્રમે ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિવાળા બતાવ્યા છે અર્થાત્ (૧) ગુણી સાધુઓ ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા છે=માર્ગગામી એવી ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા છે; કેમ કે સર્વજ્ઞના વચનના નિયંત્રણ નીચે વીતરાગ થવાને અનુકૂળ સમ્યક્ ઉદ્યમ કરનારા છે. (૨) ગુણરાગી સાધુઓ મધ્યમ બુદ્ધિવાળા છે=મધ્યમ માર્ગગામી બુદ્ધિવાળા છે; કેમ કે ભગવાનના વચનાનુસાર ચાલવા માટે અક્ષમ હોવા છતાં ભગવાનના વચનાનુસાર ચાલવાની બલવાન ઇચ્છાવાળા છે, અને માર્ગમાં ચાલનારા પ્રત્યે બદ્ધરાગ ધારણ કરીને સ્વશક્તિ અનુસાર ભગવાનના વચન પ્રમાણે કંઈક ઉદ્યમ કરે છે; અને (૩) ગુણદ્વેષી સાધુઓ અધમ બુદ્ધિવાળા છે=સર્વથા માર્ગગામી બુદ્ધિના અભાવવાળા છે; કેમ કે સાધુનો વેશ ગ્રહણ કર્યા પછી ભગવાનના વચનાનુસાર ચાલતા નથી, અને વચનાનુસાર ચાલવા પ્રત્યેના પક્ષપાતવાળા પણ નથી; પરંતુ સ્વચ્છંદ મતિથી ચાલતા હોવા છતાં 'અમે ભગવાનના માર્ગ પ્રમાણે ચાલીએ છીએ' તેવી બુદ્ધિ કરીને ગુણવાન સાધુ પ્રત્યે દ્વેષ ધારણ કરે છે. **॥૩૦॥**

**શ્લોક :-**

**ते च चारित्रसम्यक्त्वमिथ्यादर्शनभूमयः ।**
**अतो द्वयोः प्रकृत्यैव वर्तितव्यं यथाबलम् ।।३१।।**

**અન્વયાર્થ :-**

**च=અને ते=તેઓ=સાધુવેશમાં રહેલા ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી चारित्रसम्यक्त्वमिथ्यादर्शनभूमयः=ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાદર્શનની ભૂમિ છે. अतः=આથી=ત્રણ ભૂમિ છે આથી, द्वयोः=બેમાં=ગુણી અને ગુણરાગી રૂપ બેમાં यथाबलम्=બલ પ્રમાણે प्रकृत्यैव वर्तितव्यं=સ્વભાવથી જ વર્તવું જોઈએ=માત્ર આચરણાથી નહીં, પરંતુ ગુણી અને ગુણરાગી બેમાંથી જેમાં પોતે વર્તી શકે તેમાં પોતાની શક્તિ અનુસાર સ્વભાવથી જ તે રૂપે રહેવું જોઈએ. ।।૩૧।।**

**શ્લોકાર્થ :-**

**અને તેઓ=સાધુવેશમાં રહેલા ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી સાધુઓ ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાદર્શનની ભૂમિ છે=ભૂમિકાવાળા છે. આથી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**બેમાં=ગુણી અને ગુણરાગીરૂપ બેમાં, બલ પ્રમાણે સ્વભાવથી જ વર્તવું જોઈએ. ।।૩૧।।**

**ટીકા :-**

**ते चेति-व्यक्तः ।।३१।।**

**શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા લખેલ નથી.**

**ભાવાર્થ :-**

**ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી સાધુઓનું સ્વરૂપ :-**

શ્લોક-૩૦માં કહ્યું કે સાધુવેશમાં રહેલા કેટલાક જીવો ગુણી છે, કેટલાક જીવો ગુણરાગી છે અને કેટલાક જીવો ગુણદ્વેષી છે. આ જીવો યોગમાર્ગની અપેક્ષાએ કઈ ભૂમિકામાં છે, તે સ્પષ્ટ કરતાં કહે છે કે જેઓ ગુણી છે તેઓ ચારિત્રની ભૂમિકામાં રહેલા છે, જેઓ ગુણરાગી અર્થાત્ સંવિગ્નપાક્ષિક છે તેઓ સમ્યક્ત્વની ભૂમિકામાં છે, અને જેઓ ગુણદ્વેષી છે તેઓ મિથ્યાદર્શનની ભૂમિકામાં છે. આથી આ ત્રણમાંથી બે ભૂમિકાઓ સારી છે અને એક ખરાબ ભૂમિકા છે, તેમ નક્કી થાય છે. તેથી જે મહાત્માએ સાધુપણું લીધેલ છે માટે શ્લોક-૧માં કહેલ બે પ્રકારનો માર્ગ સ્વીકારેલ છે છતાં ગુણી અને ગુણરાગીરૂપ બે ભૂમિકામાંથી પોતે જે ભૂમિકામાં વર્તી શકે તેમ હોય તે ભૂમિકામાં પ્રકૃતિથી જ વર્તવું જોઈએ અર્થાત્ માત્ર આચરણાથી જ નહીં, પરંતુ ગુણી સાધુઓ જેવી પ્રકૃતિથી અથવા ગુણરાગી એવા સંવિગ્નપાક્ષિકની પ્રકૃતિથી વર્તવું જોઈએ, જેથી માર્ગની આરાધનાની પ્રાપ્તિ થાય. **।।૩૧।।**

**અવતરણિકા :-**

**માર્ગદ્વાત્રિંશિકાનું નિગમન કરતાં કહે છે અર્થાત્ ફલિતાર્થ જણાવતાં કહે છે –**

**શ્લોક :-**

**इत्थं मार्गस्थिताचारमनुसृत्य प्रवृत्तया ।**
**मार्गदृष्ट्यैव लभ्यन्ते परमानन्दसम्पदः ।।३२।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

इत्थं=આ રીતે=શ્લોક-૧થી ૩૧ સુધી માર્ગનું વર્ણન કર્યું એ રીતે, मार्गस्थिताचारमनुसृत्य=માર્ગસ્થિત આચારને અનુસરીને=સુસાધુના માર્ગમાં અથવા સંવિગ્નપાક્ષિકના માર્ગમાં રહેલ આચારને અનુસરીને प्रवृत्तया मार्गदृष्ट्यैव=પ્રવૃત્ત થયેલી એવી માર્ગદૃષ્ટિથી જ परमानन्दसम्पदः=પરમાનંદની સંપદાઓ लभ्यन्ते=પ્રાપ્ત કરાય છે. ॥૩૨॥

**શ્લોકાર્થ :-**

**આ રીતે માર્ગસ્થિત આચારને અનુસરીને=સુસાધુના માર્ગમાં અથવા સંવિગ્નપાક્ષિકના માર્ગમાં રહેલ આચારને અનુસરીને, પ્રવૃત્ત થયેલી એવી માર્ગદૃષ્ટિથી જ પરમાનંદની સંપદાઓ પ્રાપ્ત કરાય છે. ॥૩૨॥**

**ટીકા :-**

इत्थमिति-व्यक्तः ॥३२॥

શ્લોકાર્થ સ્પષ્ટ હોવાથી ગ્રંથકારશ્રીએ ટીકા લખેલ નથી.

**ભાવાર્થ :-**

**માર્ગસેવનનું ફળ :-**

પૂર્વમાં સુસાધુ અને સંવિગ્નપાક્ષિકનો માર્ગ શું છે ? તે સ્પષ્ટ કર્યું, અને તે માર્ગમાં રહેલા જીવો કેવા ઊંચા આચારો પાળે છે, તેનું સ્પષ્ટીકરણ કર્યું; અને એ રીતે માર્ગમાં રહેલા એવા સુસાધુના આચારને અનુસરીને અથવા સંવિગ્ન-પાક્ષિકના આચારને અનુસરીને પ્રવૃત્ત થયેલી એવી માર્ગદૃષ્ટિથી પરમાનંદરૂપ મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ એવી ગુણસંપત્તિની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે પ્રસ્તુત દ્વાત્રિંશિકામાં બતાવેલા સુસાધુઓના આચારો અને સંવિગ્નપાક્ષિકના આચારો જે મહાત્મા પોતાની બુદ્ધિમાં સ્થિર કરે છે, અને તેના કારણે માર્ગ ઉપર ચાલવાની દૃષ્ટિ જેની ઉલ્લસિત થઈ છે, તેવા મહાત્માઓ મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ ગુણસંપત્તિઓને પ્રાપ્ત કરે છે. **॥૩૨॥**

**॥ इति मार्गद्वात्रिंशिका ॥३॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''इत्थं मार्गस्थिताचार-
मनुसृत्य प्रवृत्तया ।
मार्गदृष्ट्यैव लभ्यन्ते
परमानन्दसम्पदः ॥

"આ રીતે=સંપૂર્ણ દ્વાત્રિંશિકામાં માર્ગનું વર્ણન કર્યું એ રીતે માર્ગસ્થિત આચારોને અનુસરીને પ્રવૃત્ત થયેલી એવી માર્ગદૃષ્ટિથી જ પરમાનંદની સંપદાઓ પ્રાપ્ત કરાય છે."

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org